UNIVERSITY BOOK PRODUCTION BOARD - GUJARAT STATE

કિશોરભારતી ગ્રંથમાલા ૧

# દેશદેશની લોક કથાઓ

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ • સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિમિટેડ

કિશોરભારતી ગ્રંથમાલા ૧

# દેશ દેશની લોક કથાઓ

મૂળશંકર મો. ભટ્ટ

પ્રયોજક
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
અમદાવાદ-૬

સોમૈયા પબ્લિકેશન્સ (પ્રા) લિ
મુંબઈ - ૧૪

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬


**તંત્રી મંડળ**

૧. શ્રી. ઇશ્વરભાઇ પટેલ
૨. ડૉ. છોટુભાઇ સુથાર
૩. શ્રી. વિજયગુપ્ત મૌર્ય
૪. શ્રી. બચુભાઇ રાવત
૫. શ્રી. મોહનભાઇ પટેલ
૬. શ્રી. રમણભાઇ સોની
૭. શ્રી. નગીનદાસ પારેખ
૮. ડૉ. પી. સી. વૈદ્ય
૯. શ્રી. બંસીલાલ ગાંધી
૧૦. શ્રી. મનહરલાલ વોરા
૧૧. શ્રી. રમેશભાઇ ભટ્ટ
૧૨. શ્રી. જે. બી. સાન્ડિલ



**યોજનાદાન**

હરિ ૐ આશ્રમ, નડિયાદ

શ્રી મણિલાલ ચૂનીલાલ કાંટાવાળા સ્મારક ગ્રંથમાળા

સંપાદકો

ઇશ્વરભાઇ પટેલ • અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

ચિત્રકાર : સુરેન્દ્ર સિરસાટ

મુદ્રક :
ફ. રા. સામંત
ધી બુક સેંટર પ્રા. લિ.
૧૦૩ એ, રોડ નં ૬,
સાયન (ઈસ્ટ) મુંબઈ–૨૨.

કિ. રૂ. ૬.૫૦

પ્રકાશક :
ફ. રા. સામંત
સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ.
૧૭૨, નાયગાવ ક્રોસ લેન,
મુંબઈ–૧૪.

# નિવેદન

નવી પેઢીને સર્વતોમુખી કેળવણીની સંકલ્પના સાકાર કરવી હોય, એની જ્ઞાનવિજ્ઞાનની ક્ષિતિજોને, જ્ઞાનનાં સ્ફોટનાં હિસાબે વિચારવી હોય, એના વાચન રસને દઢ કરવો હોય, એની જ્ઞાન પિપાસાને સતત જાગૃત રાખવી હોય તો એને સુયોગ્ય વાચન સામગ્રી યોગ્ય ઉંમરે પૂરી પાડવી જોઈએ. કોઈ પણ જુવાનના ઘડતરનો સર્વોત્તમ કાળ એની કિશોરાવસ્થા છે. દેહ અને આત્મામાં નવા ચેતનનો સંચાર થાય ત્યારે જ આ ચેતનાને જાગૃત રાખે અને સ્થિર કરે તેવું વાચન પૂરું પાડયું હોય તો યુનિવ—સિર્ટી શિક્ષણના કાળે સંશોધન અને વિદ્યાના પ્રાદુર્ભાવનો પૂરો સંભવ રહે.

કિશોરોની વાચન ભૂખને સંતોષવા, એમની જ્ઞાનપિપાસાને ઉત્તેજવા અને ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓના કિશોર સાહિત્યને સમૃદ્ધ કરવા હરિઓમ આશ્રમવાળા પૂજ્ય મોટા—શ્રીએ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય ને રૂ.-૨,૦૦,૦૦૦/-નું દાન આપ્યું. આ શ્રેણીનો જન્મ એમાંથી થયો છે. એટલે એના પાયાનું શ્રેય હરિઓમ આશ્રમ ને એમને દાન આપનાર એમની ભકત પ્રશંસક મંડળીને ઘટે છે.

બોર્ડે દાનનો સ્વીકાર કર્યો અને કિશોરોના વિકાસમાં રસ લેતાં વિદ્વાનો પાસે યોજના ને સહકારની વિનંતી રજૂ કરી તો એ સૌએ ઉમંગભેર આવકારી, તંત્રીમંડળના સભ્યોએ પોતાના સમય અને જ્ઞાન તથા સૂઝનું યોગ્ય દાન આપી યોજનાને આકાર આપ્યો અને વીસ ગ્રંથોની શ્રેણી આયોજિત કરી. આ શ્રેણી એ સૌનું માનસ -સંતાન છે.

શ્રેણીનું સદ્‌ભાગ્ય રહ્યું છે કે પોતપોતાના ક્ષેત્રમાં લબ્ધપ્રતિષ્ઠિત એવા વિદ્વાનોએ કિશોરો માટેની રોચક શૈલીમાં આ ગ્રંથો આપવાનું સ્વીકાર્યું. ઘણા ટૂંકા ગાળામાં અમે પ્રકાશન હાથ ધરી શકયા. આ શકય બન્યું તેમાં 'જ્ઞાન ગંગોત્રી' ના અનુ-ભવનું પીઠબળ ઘણું ખપમાં લાગ્યું છે, તેનો એકરાર કરવો જોઈએ.

કિશોરો માટેની આ શ્રેણી સ્વાભાવિક રીતે ચિત્રાત્મક અને દૃશ્ય રીતે શૈક્ષણિક હોવી ઘટે. ગુજરાતી એકલામાં આ કરવા જઈએ તો મોઘું પડવા સંભવ રહે. બીજી ભાષાઓમાં એને એકી સાથે રજૂ કરવાની બોર્ડની મર્યાદાનો સ્વીકાર કરી અમે મુંબઈની સુપ્રસિદ્ધ પ્રકાશન સંસ્થા શ્રી. સોમૈયા પબ્લિકેશન્સ-નો સંપર્ક સાધ્યો. શ્રી સોમૈયા પ્રકાશન ગૃહ એ સુપ્રસિદ્ધ ઉદ્યોગોનું ટ્રસ્ટ-સાહસ છે. એમનો પ્રમુખ આશય સુપ્રકાશન દ્વારા જનસેવા છે. એટલે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અને સોમૈયા પબ્લિકેશન્સ વચ્ચે સમજૂતીનો સેતુ રચાયો, જેના પરિણામે સંયોજક તરીકે બોર્ડ ગુજરાતીમાં હસ્તપ્રત તૈયાર કરી આપશે અને સોમૈયા પ્રકાશન એને ગુજરાતીમાં ને અંગ્રેજી સહિત અન્ય ભારતીય ભાષાઓમાં પ્રકાશિત કરશે. આ શકય બનાવવામાં શ્રી. શાંતિલાલ સોમૈયા, શ્રી. સામંત, શ્રી. મુરલી ઠાકુર અને શ્રી. વર્તીએ જે અંગત રસ લીધો છે, તે બદલ આભાર માનું છું.

શ્રેણીનું એ સદ્‌ભાગ્ય છે કે એનું મંગળાચરણ કિશોરોના પ્રેમી શ્રી. મૂળશંકર ભટ્ટના ગ્રંથથી થાય છે. એનો આમુખ કિશોરના ભૂતપૂર્વ તંત્રી શ્રી. નગીનદાસ પારેખે લખ્યો છે. એનો પ્રકાશનવિધિ ભારતના સુપ્રતિષ્ઠિત કેળવણીકાર ગુજરાત રાજયના રાજયપાલશ્રી. શ્રીમન્નાનારાયણે સંપન્ન કર્યો અને સમારંભનું પ્રમુખસ્થાન કવિવર શ્રી. ઉમાશંકર જોષીએ શોભાવ્યું તે વિશેષ સદ્‌ભાગ્ય છે. સૌનું ઋણ સ્વીકારું છું.

તંત્રીમંડળના સભ્યો તથા સહસંપાદક શ્રી. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે વિદ્યાના ઉત્તમ પ્રેમથી પ્રેરાઈ આ ગ્રંથને તૈયાર કરવામાં જે સહાય કરી છે તે બદલ તેમનો અને મંડળના નિયામકશ્રી તથા સેવકગણનો સાભાર ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું.

અંતમાં પુન: હરિ ઓમ આશ્રમ અને પૂ. મોટાનો આ જ્ઞાનસ્રોત વહેવડાવવા બદલ ભારતની કિશોર પેઢી વતી આભાર માનું છું.

**યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,**
**ગુજરાથ રાજ્ય, અમદાવાદ. ૯.**

**ઈશ્વરભાઈ પટેલ**
**અધ્યક્ષ**

# આમુખ

ગુજરાતના સોળ વરસ સુધીના કિશોરોને આજે ઝટાભેર વધી રહેલા જ્ઞાન વિજ્ઞાનના વિવિધ વિષયોનો રસપૂર્વક પરિચય કરાવી તેમની જિજ્ઞાસાને ઉત્તેજિત કરે, તેમના જીવન ઘડતરના એ અત્યંત મહત્ત્વના સંસ્કારપટુ કાળમાં તેમને જીવનધ્યેય વિશે જાગ્રત કરી માનવતાના પાયાના સદ્‌ગુણોના સંસ્કાર તેમનાં ચિત્ત ઉપર પાડે, અને જ્ઞાનની શોધનાં અને પરાક્રમનાં નવાં નવાં ક્ષેત્રો પ્રત્યે તેમનું ધ્યાન ખેંચી તેમને એવી પ્રવૃત્તિમાં પ્રેરે એવા સાહિત્યની ખોટ આપણે ત્યાં લાંબા સમયથી વરતાતી આવી છે. એ પૂરવાનો એક અદનો પ્રયાસ આજથી પાંત્રીસેક વર્ષ પહેલાં ૧૯૩૪ના અરસામાં ‘કિશોર’ માસિક દ્વારા થયો હતો, પણ તેનું આવરદા બહુ ટૂંકું હતું, અને એ ઊણપ એમને એમ ચાલુ રહી હતી. ગુજરાતના બહુમુખી ઉત્કર્ષની ઝંખનાથી એ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ માટે સાધનો ઊભાં કરી આપી તે કરવાની પ્રેરણા અને બળ પૂરાં પાડનાર શ્રી મોટાના ખ્યાલમાં આ ઊણપ ન આવે એ બને જ કેમ? એટલે તેમણે એ ઊણપનું નિવારણ કરવા માટે નાણાં ભેગાં કરી શ્રી ઈશ્વરભાઈ જેવા કુશળ યોજકને સોંપ્યાં અને તે તેમણે આ બાબતમાં રસ ધરાવતા વિદ્વાનોનો સહકાર સાધી ‘કિશોર-ભારતી’ ગ્રંથમાળાનું આયોજન કર્યું. આજે એ ગ્રંથમાળાનો પહેલો ગ્રંથ ‘દેશ દેશની લોક કથાઓ’ પ્રગટ થાય છે અને એના બીજા બે ત્રણ ગ્રંથો તૈયાર થવા આવ્યા છે તે પણ ટૂંકા સમયમાં પ્રગટ થશે એટલે આ ગ્રંથમાળાનું સ્વરુપ સૌને સ્પષ્ટ થશે.

ઈંગ્લંડ અમેરિકા વગેરે દેશોમાં કિશોરોને માટે ઊડીને આંખે વળગે એવું જે બહુવિધ સાહિત્ય પ્રગટ થતું રહે છે તે જોઈએ છીએ ત્યારે ત્યાંના કિશોરોની ઈર્ષ્યા આવ્યા વગર રહેતી નથી. આપણે ત્યાં સ્વરાજ્ય સ્થપાયા પછી કેન્દ્રની અને રાજ્યોની સરકારો સાહિત્ય વગેરે પાછળ પણ સારી એવી રકમ ખરચતી થઈ છે, પણ સુચિંતિત યોજનાને અભાવે એમાંથી જોઈએ એવો લાભ થયો નથી.

કોઈકે યોગ્ય જ કહ્યું છે કે, કોઈ પ્રજાએ ભાવિનું આયોજન કરવું હોય તો પહેલું લક્ષ કેળવણી ઉપર આપવું જોઈએ. પણ આપણે ત્યાં સ્વરાજ્ય થયા પછી એ જ ક્ષેત્રમાં ભારે અવ્યવસ્થા પ્રવર્તે છે અને પરિણામે આપણી ભાવિ પેઢીઓના ઘડતરના અને તેના સંસ્કારસિંચનના મહત્ત્વના કાર્યની આજે ભારે અવદશા જોવા મળે છે. એટલે પ્રજા જાગ્રત થઈ પોતાના પુરુષાર્થથી આ બાબતમાં વ્યવસ્થિત પ્રયાસો આદરે એ અત્યંત આવશ્યક છે. આ ‘કિશોર ભારતી’ એ દિશામાં એક મહત્ત્વનું અને અનુકરણીય પ્રસ્થાન છે, અને એનાથી પ્રેરાઈ આપણી બીજી, શિક્ષણ સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થાઓ સહકાર સાધી કે સ્વતંત્ર રીતે આ દિશામાં ઉપકારક થાય એવી પ્રવૃતિ આદરશે તો આજની દુરવસ્થામાં ઈષ્ટ પરિવર્તન આવશે. આજે આપણું શિક્ષણ જે કરી શકતું નથી તે અતિ મહત્ત્વનું કાર્ય કરવાના આશયથી શરુ થતી આ શુભ પ્રવૃત્તિને ગુજરાતની નવી પેઢીના શિક્ષણ અને ઘડતરમાં રસ ધરાવનાર સૌ સંસ્થાઓ અને વ્યકિતઓનો ઉમળકાભર્યો આવકાર મળી રહેશે એવી શ્રાદ્ધા છે. દરેક સંસ્કારી અને સંસ્કારવાંછુ ઘરમાં આ ગ્રંથમાળા પહોંચે એવો પ્રયત્ન થવો જોઈએ.

૧૮—૯—૭૧

નગીનદાસ પારેખ

# પ્રાસ્તાવિક

આ કથાસંગ્રહ કિશોર મિત્રો સમક્ષ રજૂ કરતાં હું આનંદ અનુભવું છું.

મારી વાર્તાલિખનની પ્રવૃત્તિને પ્રેરણા આપનાર હંમેશાં કિશોર-વર્ગ જ રહ્યો છે. તેમને કહેવા માટેની વાર્તાઓની શોધ મારા શિક્ષક જીવનની શરૂઆતથી જ એટલે કે લગભગ ૪૦ વરસથી ચાલ્યા કરે છે. કોઈ ખૂણામાંથી એકાદ વાર્તારત્ન મળી જાય, એટલે પહેલાં તો તે બાળકો પાસે કહી સંભળાવું તે પછી તેમની કસોટીએ ચડી લાગે એટલે લખી નાખું.

આ વાર્તાઓ પણ એજ ઢબે તૈયાર થઈ છે.

આમાંની ઘણી વાર્તાઓ મેં આદિવાસી વિસ્તારનાં, ગામડાનાં તથા શહેરનાં બાળકો પાસે ઘણીવાર કહી સંભળાવી છે. અને તેમનું પ્રમાણપત્ર મોટે ભાગે મને મળ્યું છે. અમેરિકા, આફ્રિકા, એશિયા, યુરોપ વગેરે ખંડના પછાત ગણાતા દેશોમાં ખૂણેખાંચરે પડેલી લોક કથાઓમાંથી કેટલીક આ સંગ્રહમાં રજૂ થઈ છે. તેમાં માનવહૃદયના કૂણા ને કઠોર ભાવો, ધીંગુ ડહાપણ, પ્રકૃતિપ્રેમ વગેરે સાથે વાર્તાકળાનાં ઉત્તમ તત્ત્વો સહજ રીતે વણાઈ ગયેલાં જોવા મળે છે. આથી જ તે કોઈપણ દેશના બાળકોને એટલો જ આનંદ આપી શકે છે.

ભારતની પ્રજામાં સૈકાઓથી વહેતી આવતી કથાસમૃદ્ધિમાંથી કેટલીક વીણીને મૂકેલી છે. પંચતંત્ર, જાતકકથામાંથી પણ કેટલીક આમાં જોવા મળશે. ઈસપ તો ડહાપણનો ભંડાર છે, તેને કેમ ભુલાય? પણ આ સિવાય પણ સામાન્ય લોકોના જીવનમાં સહજ રીતે વણાઈ ગયેલી ને જીવનના સત્યોને પ્રગટ કરતી કંઠોપકંઠ ચાલી આવતી કથાઓ પણ આમાં જોવા મળશે. આ બધી કથાઓમાં વાર્તારસ તો છે જ પણ સાથે સાથે જીવન-નું કંઈક ને કંઈક રહસ્ય પણ તેમાં ગર્ભિત રીતે છે, એ વાંચનાર કિશોરવર્ગ પણ જોઈ શકશે.

આ વાર્તાઓ છૂટક છૂટક લગભગ પંદર વરસના ગાળામાં લખાયેલી છે. કેટલીય વાર્તાઓ મૂળ કયાં અને કયારે વાંચવા મળી તેની નોંધ કે સ્મૃતિ મારી પાસે નથી. પરદેશની લોકકથાઓમાંની કેટલીએક ("Ride with The Sun") નામના પુસ્તકમાં વાંચવા મળેલી. આ વાર્તાઓમાંની કેટલીક તો ઈસપકથા, જાતકકથા તથા પંચતંત્રમાંથી છે. કેટલીક કોઈ સામયિકોમાં, કેટલીએક કોઈ ગ્રામજનને મુખેથી પણ મળી છે. 'કણદેવતા' નામની વાર્તાનું બીજ મને શ્રી મયુરની એક વાર્તામાંથી મળી આવ્યું છે. 'બેભાઈઓ' વાર્તામાંનું ગીત મારા મિત્ર શ્રી બુચભાઈનું રચેલું છે.

જેમની જેમની પાસેથી આ કથાઓનો આધાર મળ્યો છે તે સૌનો ઋણસ્વીકાર કરું છું.

આ વાર્તાસંગ્રહ કિશોરભારતી યોજનાનું પ્રથમ પ્રકાશન બને છે તે પણ મારે માટે આનંદની વાત છે. આ માટે યોજનાના દાતા હરિ ૐ આશ્રમવાળા પૂ. મોટા અને યુનિવર્સિટી ગ્રંથ-નિર્માણ બોર્ડનો હું આભારી છું.

સોમૈયા પબ્લિકેશનના સંચાલકોએ આ પુસ્તકને ચિત્રો તથા સુઘડ છપાઈ દ્વારા સુંદર ઊઠાવ આપ્યો છે તે માટે તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

ભાવનગર
૧૯—૮—૭૧

મૂળશંકર મો. ભટ્ટ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પોપટ માણસનું પઢાવ્યું જ શા માટે બોલે છે ? | ૧ |
| ૨. | હરણ તથા જાગુઆર જુદા કેમ પડયા ? | ૪ |
| ૩. | સ્ટેવોરેનની શેઠાણી | ૭ |
| ૪. | કાચબો ને કૂતરો | ૧૧ |
| ૫. | બે ભાઈઓ | ૧૩ |
| ૬. | પૂરેપૂરી મદદ | ૧૭ |
| ૭. | કોદાળીની કરામત | ૧૯ |
| ૮. | દાદા નિશાળે ગયા ! | ૨૧ |
| ૯. | સર્પ અને સ્વપ્ન | ૨૪ |
| ૧૦. | કોયોટ કાકા ને કૂતરાઓ | ૨૭ |
| ૧૧. | મૌલવીનો ધર્મોપદેશ | ૩૦ |
| ૧૨. | ધ્રૂજતી સોય | ૩૨ |
| ૧૩. | નીલમની ગરોળી | ૩૪ |
| ૧૪. | કાકુઈ-નિશાચર પંખી | ૩૬ |
| ૧૫. | કેમ્લેટ ફૂલ કયાંથી આવ્યું ? | ૩૯ |
| ૧૬. | ઘોડો માણસનો ગુલામ કેમ થયો ? | ૪૧ |
| ૧૭. | વૈજ્ઞાનિક પૃથકકરણ ! | ૪૩ |
| ૧૮. | રત્નો કોનાં ? | ૪૫ |
| ૧૯. | નિયમન ભાવનું કે ભાવ બાંધનારનું ? | ૪૮ |
| ૨૦. | તમારા ચરણનો પ્રતાપ | ૫૦ |
| ૨૧. | કણ દેવતા | ૫૨ |
| ૨૨. | ધન કયાં શોધવું ? | ૫૫ |
| ૨૩. | પરાક્રમનો અભિનય | ૫૭ |
| ૨૪. | તેતર અને શિકારી | ૫૯ |
| ૨૫. | ધન કયાં દાટયું છે ? | ૬૧ |
| ૨૬. | એક જ ચીજ : મૃત્યદાતા ને જીવનદાતા | ૬૩ |
| ૨૭ | ચારપ્રવાસીઓ અને ખેડૂત | ૬૫ |
| ૨૮. | શિક્ષણ પદ્ધતિની મર્યાદા | ૬૮ |
| ૨૯. | ખરું સમાધાન કયારે? | ૭૦ |
| ૩૦. | બુઢ્ઢો અને મોત | ૭૨ |
| ૩૧. | પડછાયાનો હકક | ૭૩ |

"લોકમાનસ જ્ઞાનને કથાના રૂપમાં જ સ્વીકારે છે. જે જ્ઞાન વાર્તાનું રૂપ ધારણ કરીને સરળ નથી બનતું તે લોકમાનસમાં પચી શકતું નથી. માનવજાતિ બુદ્ધિનો ગમે તેટલો વિકાસ કરે તો પણ તે દરેક નવી પેઢીએ બાલભાવથી જ જીવનચક્રનો આરંભ કરે છે. બાલભાવની શિક્ષા—દીક્ષા, રુચિ અને વિચારનો એક માત્ર આધાર વાર્તા છે."

વાસુદેવશરણ અગ્રવાલ

30%

૧

# પોપટ માણસનું પઢાવ્યું જ શા માટે બોલે છે?

(થાઈલૅન્ડ)

ઘણા જૂના કાળમાં લોકો ઘરમાં પોપટને નહોતા પાળતા પણ તેની જગ્યાએ લોરિકીટ નામના એક પક્ષીને પાળતા, અને પોતાની બોલી શીખવતા. આ નાનકડું પક્ષી બહુ જ હોશિયાર હતું. તેને બહુ જ થોડી તાલીમ આપવી પડતી. તે એક શબ્દ સાંભળે કે તરત જ પકડી લે. એટલું તો ઠીક, પણ એથી આગળ ચાલીને આ પક્ષી તો પોતાના મનની વાત પણ માણસની ભાષામાં બોલતું હતું. પણ એકવાર બન્યું એવું કે આ બધું બદલાઈ ગયું. તેની આ વાત છે.

એક ખેડૂત હતો. તેણે આવું એક લોરિકીટ પક્ષી પાળ્યું હતું. એક વાર તેણે પોતાના ડાંગરના ખેતરમાં એક પાડાને ચરતો જોયો. તે પાડો તેના જ એક પાડોશી ખેડૂતનો હતો. તે પાડાને છાનોમાનો ઘેર લઈ ગયો, ને તેને મારીને તેનું થોડુંક માંસ રાંધ્યું; અને બાકીનું અરધું ઘરના ફળિયામાં ડાંગર ભરવાની કોઠી હતી તેની નીચે ને થોડુંક કોઠીના ઉપરના ભાગમાં સંતાડી દીધું.

બીજે દિવસે તેનો પાડોશી પોતાના પાડાને શોધતો આ ખેડૂત પાસે આવ્યો ને તેણે પૂછ્યું, "મારો પાડો ખોવાયો છે. તેં ભાળ્યો છે?"

"ના રે ભાઈ, આપણે દીઠો નથી." પેલાએ જવાબ આપ્યો.

પણ તે જ વખતે પાંજરામાં બેઠેલા પેલા પક્ષીએ કહ્યું, "મારા શેઠે તમારા પાડાને મારી નાખ્યો છે ને એનું થોડુંક માંસ ડાંગરની કોઠીની ઉપર ને થોડુંક કોઠીની નીચે સંતાડયું છે."

પેલા પાડોશીએ આ સાંભળ્યું એટલે તેણે તો તરત જ પક્ષીએ કહેલી જગ્યાએ તપાસ કરી તો ત્યાં સંતાડેલું માંસ મળી આવ્યું.

પણ પેલા ખેડૂતે કહ્યું, "એ માંસ ત્યાં છે એ વાત સાચી, પણ હું હમેશાં વધારાનું માંસ ત્યાં જ રાખું છું. મેં તારા પાડાને નથી જોયો. એ તો બીજા જાનવરનું માંસ છે."

પેલું લોરિકીટ પક્ષી ફરી વાર પાંજરામાંથી બોલ્યું, "તેણે પાડો માર્યો છે, ને તેમાંથી થોડુંક તેણે કોઠીની ઉપર ને થોડુંક નીચે સંતાડયું છે."


પાડોશી મૂંઝાયો. આમાં કોનું કહેવું સાચું માનવું: આ માણસનું કે પક્ષીનું? એટલે તેણે નક્કી કર્યું કે આ માટે ન્યાયમંદિરમાં જવું ને ફરિયાદ નોંધાવવી. એણે ફરિયાદ નોંધાવી. બીજે દિવસે બેય જણાએ ન્યાયમંદિરમાં હાજર થવાનું હતું.

પેલા પાડો ચોરનાર ખેડૂતને થયું કે મારા કરતાં આ પક્ષીની વાત વધારે સાચી મનાય, એમ કેમ ચાલે?

રાત પડી. પેલા ખેડૂતે લોરિકીટને પાંજરામાંથી કાઢીને મોટા ત્રાંબાના હાંડામાં મૂક્યું. હાંડાના મોઢા ઉપર લૂગડું બાંધી દીધું. આમ તો તે રાત અજવાળી હતી અને આકાશમાં ચંદ્ર પૂરો નીકળેલો હતો. પણ હાંડાની અંદર સાવ અંધારું થઈ ગયું. પક્ષીને કાંઈ દેખાતું ન હતું. પછી પેલા ખેડૂતે હાંડા પર ધીમે-ધીમે હાથ પછાડીને અવાજ કરવા માંડયો. થોડી થોડી વારે એ જોરજોરથી અવાજ કરવા માંડયો. આની સાથેસાથે હાંડાના મોઢા પર લૂગડા પર તેણે એક પાણીથી તરબોળ લૂગડાનું પોતું મૂક્યું, તેમાંથી પાણી અંદર ટપકવા માંડયું. બહારથી હાંડા પર જોરથી અવાજ થતો હતો. અંદર પાણી ટપકતું હતું ને વળી અંધારું હતું. એટલે હાંડાની અંદર રહેલા પક્ષીને થયું કે જોરથી વરસાદ પડે છે.

આખી રાત ખેડૂતે આ નાટક ચાલુ રાખ્યું. સવાર પડી એટલે ખેડૂતે પક્ષીને પાછું પાંજરામાં મૂકી દીધું.

ન્યાયમંદિરનો વખત થયો એટલે ખેડૂત પક્ષીને પાંજરામાં લઈને ન્યાયમંદિરમાં ગયો. પેલો પડોશી પણ ફરિયાદી તરીકે હાજર થઈ ગયો હતો. તેણે નામદાર ન્યાયાધીશને ગઈ કાલે આ પક્ષીએ કહેલી બધી વાત કરી એટલે ન્યાયાધીશે પક્ષીને આ બનાવ અંગે જે કાંઈ જાણતું હોય તે જણાવવા કહ્યું. પક્ષીએ



ગઈ કાલે કરી હતી તે જ વાત અક્ષરેઅક્ષર કહી સંભળાવી, "તેણે પાડાને માર્યો, તેનું થોડુંક માંસ કોઠીની નીચે સંતાડયું ને થોડુંક માંસ કોઠીની ઉપર સંતાડયું."

પેલા ચોર ખેડૂતે કહ્યું, "સાહેબ, એ માંસ ત્યાં હતું એ વાત સાચી, પણ તે એના પાડાનું નહોતું: એ માંસ તો બીજા જાનવરનું હતું. આપ જેવા ડાહ્યા ન્યાયાધીશ આ મૂરખ પક્ષી-નું કહેવાનું માનો ને મારું ન માનો, તે કેવું કહેવાય!"

"પણ આ પક્ષી આમ લાગે છે તો ભારે અકકલવાળું." ન્યાયાધીશે કહ્યું.

"એ ખરું સાહેબ, પણ એ અકકલવાળું બોલે છે, એના કરતાં અકકલ વગરનું વધારે બોલે છે. આપ એને બીજો એક સવાલ પૂછો, એને પૂછો. કે કાલની રાત કેવી હતી?"

ન્યાયાધીશે પક્ષીને એ સવાલ પૂછયો. એટલે પક્ષીએ કહ્યું, "કાલે રાતે ખૂબ વરસાદ પડયો ને પવન પણ બહુ ફૂંકાયો ને વાદળાં પણ બહુ ગર્જતાં હતાં."

"હવે આપ સાહેબ, જુઓ," પેલા ખેડૂતે કહ્યું, "કાલની રાત તો ઊજળી દૂધ જેવી હતી. આકાશમાં ચાંદો પૂરો ખીલ્યો હતો. વાદળાંનું નામ પણ નહોતું. હવે આવા ખોટાબોલા પક્ષીનું આપ માનો ને મારું ન માનો તે કેવો ન્યાય?"

ન્યાયમંદિરમાં ભેગા થયેલા માણસોને ખેડૂતની વાત સાચી લાગી. ન્યાયાધીશને પણ ખાતરી થઈ કે આ માણસે ગુનો કર્યો નથી. બધા માણસો કહેવા લાગ્યા કે, "તું સાવ નિર્દોષ છે. આવા ઢંગધડા વગરના પક્ષીની જુબાનીથી તો તારો જાન જોખ-મમાં આવી ગયો. હવે કોઈ દિ' આપણે આ પક્ષીને ઘરમાં પાળવું જ નથી."

આમ એ ખેડૂત તો નિર્દોષ છૂટી ગયો ને લોરિકીટ પક્ષીને એકાએક ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યું. એ પક્ષી બિચારું પહેલાંની જેમ વનમાં આમ તેમ ભટકવા લાગ્યું.

હવે પાછો એને પોતાનો માળો બાંધવો ને દાણા ચણી આવવા એ બધું જાતે કરવાનું આવ્યું.

પણ એકવાર ફરતાંફરતાં તેને એક નવા પંખીનો ભેટો થયો. આ પંખી આમ તો તેના જેવું જ હતું પણ કદમાં મોટું


હતું. તેને ગળે સુંદર મજાનો કાળો કાંઠલો હતો, ને તેનાં પીંછાં લીલા રંગનાં ને ચમકદાર હતાં. લોરિકીટે પૂછ્યું. "તમારું નામ શું?"

"મારું નામ પોપટ!" પક્ષીએ જવાબ દીધો, "હું આમ દક્ષિણ દેશમાંથી આવું છું અને હવે આ દેશમાં ઠરીઠામ રહેવું છે. મને માણસની બોલી બોલતાં આવડે છે."

"આવો, આવો. તમે આ દેશમાં આવ્યા તે સારુ થયું. પણ તમે આ દેશના અજાણ્યા છો અને તમે આમ મારા આઘેના જાતભાઈ જેવા છો, એટલે તમને એક સલાહ આપું છું, ને ચેતવણી પણ આપું છું. મનેય માણસની બોલી બોલતાં આવડે છે. કેટલાંય વર્ષો હું માણસના ઘરમાં જ રહેતો હતો ને મને ત્યાં ખાવાપીવાનું, રહેવાનું-બધુંય મળતું હતું. મેં બધુંય મારી આંખે જોયું છે ને મારા કાને સાંભળ્યું છે. હું કેવળ મ ણસની જ ભાષા બોલતો એમ નહીં, પણ મારા મનમાં જે વિચાર આવે તે પણ બોલતો. પણ જ્યારે હું મારા મનની વાત બોલતો, ત્યારે એ માણસને ગમતું નહોતું. એટલે મને માણસોએ વનમાં કાઢી મૂક્યો. એટલે હું તને ચેતાવું છું. જ્યારે માણસને ખબર પડશે કે તને તેની બોલી બોલતાં આવડે છે, એટલે તરત જ તને પકડી જશે ને પોતાના ઘરે પાંજરામાં રાખશે. પણ તું એ ધ્યાનમાં રાખજે કે માણસ તને શીખવે એટલું જ બોલજે; તેનું પઢાવ્યું જ પઢજે, તારી ગાંઠનું કંઈ જ ઉમેરતો નહીં. માણસજાત એવી છે કે તેને પોતાની જ વાત સાંભળવી ગમે છે: સાચી કે ડહાપણની વાત બીજા કોઈ કરે તે તેને ગમતી નથી."

પોપટે લોરિકીટની આ વાત સાંભળીને તેનો આભાર માન્યો અને પછી તો લોરિકીટે ધાર્યું હતું તેમ જ થયું. માણસ જાતને ખબર પડી કે આપણી બોલી બોલે એવું એક પક્ષી જંગલમાં આવ્યું છે, એટલે તરત જ તેને પકડી પાંજરામાં પૂરી દીધું. ત્યાં તેને સારુંસારું ખાવાનું વગેરે મળવા માંડ્યું અને તેને પઢાવવાનું પણ શરૂ થઈ ગયું. માણસ જેમ બોલે તેમ પોપટે શીખવા માંડ્યું.

પણ પેલા લોરિકીટ પક્ષીની સલાહ યાદ રાખીને પેલો પોપટ માત્ર માણસ બોલાવે એટલું જ બોલવા લાગ્યો. અને હજી આજના દિવસ સુધી પોપટ એમ જ કરે છે.



## ૨

# હરણ તથા જાગુઆર જુદા કેમ પડયા?

## (બ્રાઝીલ)

બ્રાઝીલના આદિવાસી ઈંડિયનોમાં આ વાર્તા પ્રચલિત છે.

એક હતું હરણ. તે એકવાર ચરતું ચરતું એક નદી કાંઠે આવ્યું. નદી કાંઠે મજાની હરિયાળી જમીન જોતાં તેને થયું, "લાવને, આપણે અહીં વસવાટ કરીએ. કેવી મજાની જગ્યા છે. આમ હવે રોજ કયાં સુધી બધે આથડયાં કરવું? અને આથી સારી જગ્યા બીજે કયાં મળશે?" અનુકૂળતાએ અહીં વસવાટ કરવાનું નકકી કરીને હરણ ગયું.

એક દિવસ એક જાગુઆર (ચિત્તાને મળતું બ્રાઝીલનું પ્રાણી)ને પણ મનમાં વિચાર આવ્યો, "આમ ને આમ રોજ શિકાર માટે જયાંત્યાં ભટકયા કરવું પડે છે, એને બદલે કોઈ એક જગ્યાએ ઘર બાંધીને રહીએ તો કેવું સારું!" સારી જગ્યાની શોધમાં ફરતાંફરતાં એ જ નદીકાંઠે પેલા હરણે પસંદ કરેલી જગ્યા જોતાંવેંત જ તેના મનમાં વસી ગઈ. તે મનમાં ને મનમાં ઘરનો ઘાટ ઘડતો ચાલ્યો ગયો.

બીજે દિવસે જ હરણ તો પેલી જગ્યાએ આવ્યું ને તેણે ઘર બાંધવાનું કામ શરૂ કર્યું. કામ બહુ આકરું હતું. જાળાં--ઝાંખરાં કાઢવાં, ખાડા-ખૈયા પૂરવા, નાનાંમોટાં ઝાડ આડાં આવતાં હોય તેને કાપી નાખવાં, એ કંઈ સહેલું નહોતું. તોય તેણે જમીન તૈયાર કરી નાખી ને વળી પાછું અનુકૂળતાએ આવીને આગળ કામ શરૂ કરવાનુ નકકી કરીને ગયું.

બીજે દિવસે પેલો જાગુઆર ઘર બાંધવાની તૈયારી કરીને આવ્યો, ને જોયું તો આસપાસની જમીન બધી સાફસૂફ ને સમથળ થયેયી હતી. "વાહ, તુપાનદેવ કેવા માયાળુ છે! તે મને કામમાં આગળથી જ મદદ કરવા માંડયા છે. હુંય કેવો ભાગ્યશાળી છું!" એમ વિચારી તેણે ઘરનું ભોંયતળિયું બાંધવાનું આદરી દીધું, પણ તેમ કરતાં રાત પડી ગઈ એટલે તે પાછો ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારે હરણ આવ્યું ને જોયું તો ઘરનું ભોંયતળિયું તો તૈયાર થઈ ગયેલું હતું. "વાહ, મારા તુપાન દેવ, વાહ! તમે કેવા દયાળુ છો! મારી વહારે તમે મારાથી વહેલા આવી ગયા. હુંય કેવો ભાગ્યશાળી છું!" તેણે આખો દિવસ મહેનત કરીને ઘરની દીવાલો બાંધી ને રાત પડતાં પાછું જંગલમાં ચાલ્યું ગયું.

બીજે દિવસે સવારે પાછો પેલો જાગુઆર આવ્યો ને જોયું તો દીવાલો ઊભી થઈ ગઈ છે. તેણે તુપાન દેવને મનમાં ને મનમાં કોટીકોટી પ્રણામ કર્યા અને દીવાલો પર છાપરું બાંધવાનું કામ આદરી દીધું. રાત સુધીમાં તે કામ પૂરું કરી નાખ્યું, ને પાછો જંગલમાં ચાલ્યો ગયો.

બીજે દિવસે હરણ આવ્યું ને જોયું તો ઘર ઉપરનું છાપરું બરાબર તૈયાર થઈ ગયું હતું. "હે તુપાન દેવ, તમારો જેટલો પાડ માનું તેટલો ઓછો છે" એમ બોલીને તેણે વિચાર્યું કે આ ઘરમાં બે ઓરડા બનાવવા. એકમાં તે પોતે રહે ને બીજામાં તેના તુપાન દેવનો વાસ રહે. તેણે રાતસુધી ઘરમાં આડશ બાંધીને બે ઓરડા તૈયાર કર્યા, અને તેમાંના એક ઓરડામાં પોતે વાસો કર્યો ને રાત પડી એટલે તેમાં તે સૂઈ ગયું.

તે રાતે જાગુઆર આવ્યો. તેણે જોયું તો બે ઓરડા બનીગયા છે. તેને થયું કે તુપાન દેવે પોતાને માટે એક ઓરડો બનાવ્યો હોવો જોઈએ. બીજો ઓરડો પોતાનો ગણીને તેણે તેમાં પોતાનો વાસ કર્યો, ને તેમાં તે ઊંઘી ગયો.


સવાર પડી ને બંને જણ એક સાથે ઊઠયાં ને એકબીજાને તેમણે જોયાં. જાગુઆરે આશ્ચર્ય પામીને પૂછ્યું, "આ ઘર બાંધવામાં તેં મને મદદ કરી હતી?"

"હા. અને મને આ ઘર બાંધવામાં તેં મદદ કરી હતી?" હરણે સામેથી પૂછ્યું.

"હા." જાગુઆરે કહ્યું. "અને આપણા બેય જણાની મહેનતથી આ ઘર તૈયાર થયું છે. તો આપણે બેય જણા તેમાં સાથે

૪૦/.





રહીએ તો કેમ ?"

હરણે હા પાડી. એટલે બંને જણ એકએક ઓરડામાં રહેવા લાગ્યા.

એક દિવસ જાગુઆર કહે, "જો હું આજે શિકાર કરવા જાઉં છું. હું શિકાર લઈને આવું ત્યાં સુધીમાં તું ચૂલો, હાંડલાં, પાણી, લાકડાં વગેરે તૈયાર રાખજે."

જાગુઆર જંગલમાં ગયો. ત્યાં હરણે રસોઈની તૈયારી કરવા માંડી. સાંજ પડયે જાગુઆર એક હરણનો શિકાર કરીને ઉપાડીને લાવ્યો.

હરણે શિકારમાં આણેલા પોતાના જ જાતભાઈને જોયું ને તેનું મન એકદમ ઉદાસ થઈ ગયું. જાગુઆરે તો લહેરથી રસોઈ રાંધી, ને પેટ ભરીને ખાધું. પણ હરણ કંઈપણ ખાધા વગર પોતાના ઓરડામાં જઈને સૂઈ ગયું. તેને રાતે ઊંઘ પણ ન આવી. તેને બીક લાગવા માંડી કે રાતે ઓચિંતા આવી પેલો જાગુઆર મને મારી નાખશે.

સવાર પડી. હરણે જાગુઆરને કહ્યું,"આજ હવે હું શિકાર કરવા જાઉં, ને તું બધી તૈયારી કરજે. જાગુઆરે હા પાડી, એટલે હરણ જંગલમાં શિકારની શોધમાં નીકળ્યું. તેણે એક ઝાડ પાસે એક જાગુઆરને પોતાના નહોર થડ સાથે ઘસીને તીણા બનાવતો જોયો. હરણ ત્યાંથી થોડું આગળ ગયું. ત્યાં એક કીડી-ખાઉ (રામાન્કુઆ નામે ઓળખાતા) પ્રાણીને જોયું. તેણે કીડી-ખાઉને કહ્યું, "પણે પેલો જાગુઆર તને ગાળો દેતો હતો."

કીડી-ખાઉનો પિત્તો ગયો, ને છાનુંમાનું જાગુઆર પાસે ગયું ને પાછળથી એકાએક તેના પર હુમલો કરીને તેને મારી નાખ્યો ને પછી ચાલવા માંડયું.


હરણે જાગુઆરના મડદાને ઢસડીને ઘેર આણ્યું. જાગુઆરે જોયું કે હરણ તો પોતાના જ જાત ભાઈનો શિકાર કરીને લાવ્યું છે કે તરત જ તેની ભૂખ મરી ગઈ. હરણે રસોઈ તો તૈયાર કરી, પણ જાગુઆર એક કોળિયો પણ ન ખાઈ શકયો.

તે રાતે હરણ કે જાગુઆર કોઈને ઊંઘ ન આવી. જાગુઆરને મનમાં ફડકો પેઠો કે આ હરણ રાતે ગમે ત્યારે ઓચિંતા આવીને મને મારી નાખશે ને હરણને પણ મનમાં જાગુઆરની એવી જ બીક હતી. છાનામાના બંને જણ પોતપોતાના ઓરડામાં જાગતા બેસી રહ્યા. પણ જેમજેમ રાત વધતી ગઈ તેમતેમ બંનેની આંખો ખૂબ ઘેરાવા લાગી ને બેયને ઝોકાં આવવા લાગ્યાં. બેયને ઘણો ગભરાટ થતો હતો. ગમે તેટલું કરે તોય આંખો વારેવારે બીડાઈ જાય ને જોરથી માથું ઝોકું ખાઈને નમી

પડે. હરણને એકવાર ખૂબ જોરથી ઝોકું આવ્યું ને તેનાં મોટાં શિંગડાં દીવાલ સાથે જોરથી અથડાયાં. મોટો અવાજ થયો.

આ ઓચિંતો ધડાકો સાંભળતાં જ જાગુઆરની ઊંઘ ઊડી ગઈ. તે બેબાકળો થઈ ગયો. તેને થયું કે નક્કી હરણ મારા પર તૂટી પડશે. અને તેણે બીકમાં ને બીકમાં રાડ નાખી. જાગુઆરની આ રાડ સાંભળતાં જ હરણને થયું કે માર્યા, જાગુઆર હવે તેના પર હમણાં જ તૂટી પડશે. બંને જણ ફડકામાં ને ફડકામાં પોતાના ઓરડામાંથી ઠેકડો મારીને બહાર નીકળ્યાં અને ઘર છોડીને જંગલમાં ભાગ્યાં ; એક આ દિશામાં તો બીજું બીજી દિશામાં.

અને તે દિવસથી જાગુઆર ને હરણ કોઈ દિવસ સાથે રહ્યાં નથી.



# ૩

# સ્ટેવોરેનની શેઠાણી

## (નેધરલૅન્ડ)

ઘણા જૂના વખતની વાત છે. તે વખતે લીલી નાઘેર જેવો ગણાતો પ્રદેશ ફ્રીસલૅન્ડ નેધરલૅન્ડ (જૂનું નામ હોલૅન્ડ) દેશ સાથે જોડાઈ ગયો નહોતો. તે કાળે એ મુલકમાં સ્ટેવોરેન નામનું એક ધીકતું બંદર હતું. ચોરાસી બંદરનો વાવટો કહેવાય એવી તો ત્યાં જાહોજલાલી હતી. નગરમાં જ્યાં જુઓ ત્યાં સાત માળની હવેલીઓ, કરોડાધિપતિ શેઠિયાઓ ને આકાશે માથું અડાડીને ફરતા એવા અમીર-ઉમરાવો તમને ડગલે ને પગલે મળે.

આ જાહોજલાલીનું ખરું કારણ એ હતું કે આ નગરનું બંદરનું બારું ખૂબ જ મજાનું હતું. આ બંદરનાં વહાણો દુનિયા આખીનાં બંદરોમાં પોતાના વાવટા ફરકાવતાં. અને આ બંદરમાં પણ દેશદેશનાં મોટાં વહાણોની ભીડ જામતી હતી. સમય જતાં સ્ટેવોરેન નગરની જાહોજલાલી એટલી બધી વધવા લાગી કે ત્યાંના માલેતુજાર વેપારીઓ તથા શેઠિયાઓ પોતાના મહેલના દરવાજા, આગળા, હાથા ને મિજાગરાં સોનાના બનાવવા લાગ્યા. પણ આ જાહોજલાલી એથી પણ આગળ વધવા લાગી. મહેલોની મોટી પરસાળોની જાળીઓ પણ સોનાની જડાવા લાગી. ધનવાન લોકો શરીર પરનાં આભૂષણોના વજનથી સડક પર માંડમાંડ ડગલાં ભરતાં ચાલતાં હતાં. તેમના મુલકની પડખેનો નેધરલૅન્ડનો મુલક તેમની નજરમાં એક ભિખારી મુલક જેવો હતો. તેઓ કહેતા, "નેધરલૅન્ડમાં આ સ્ટેવોરેનના શેઠિયાની તોલે આવે એવો એક પણ માણસ ન નીકળે. સોનાની પરસાળો હોવી એ કંઈ જેવીતેવી વાત છે?" આમ કહીને તેઓ એકબીજાને તાળી દઈને હસતાં.

પણ આ બધા શેઠિયાઓમાં સમૃદ્ધિથી છલકાતી અને તેના અભિમાનમાં ફૂલી ન સમાતી એવી એક શેઠાણી હતી. તેનો ધણી ગુજરી ગયો હતો, પણ તેના જીવનકાળ દરમિયાન તેની પાસે વહાણોનો મોટો કાફલો હતો. તેની પાસે એટલું ધન હતું કે તેની તિજોરીના તળિયાનો તાગ કોઈને આવે એમ નહોતું. આ વિધવા શેઠાણી જ્યારે નગરના રાજમાર્ગ પર સોનાનાં, હીરા-માણેકનાં આભૂષણો પહેરીને નીકળતી, ત્યારે તેના ઝગારા-માં અડખેપડખેના લોકોની આંખો અંજાઈ જતી. સામાન્ય ગરીબ માણસો તો આઘેથી શેઠાણીને સલામ ભરવા માંડતા; પણ શેઠાણીની આંખો તો લગભગ આકાશ તરફ જ રહેતી.

આ શેઠાણીને જોઈને સામાન્ય લોકો કહેતા, "વાહ, ભાઈ, વાહ! ભાગ્યશાળી તે આનું નામ. ધણી મરી ગયો ભલે, પણ પૈસો કેટલો છે? દુનિયા આખીમાં આ બાઈને સંપત્તિમાં તો કોઈ ન પહોંચે." તે બિચારાઓને પૈસા, પૈસા ને પૈસા જ પરમેશ્વર જેવા લાગતા હતા. ઘણા લોકોને તેની અદેખાઈ થતી. કેટલાય તે બાઈથી ડરતા; અને થોડાક એવાય હતા કે જે સંપત્તિમાં આ બાઈને આંટી જવા માટે મથતા.

એક દિવસ શેઠાણીનું એક વહાણ કીમતી માલ ભરીને પરદેશની સફરે ઊપડવાનું હતું. શેઠાણીને મનમાં થયું કે આ વખતે તો ખોટી ડંફાશ મારતા શેઠિયાઓને બતાવી દઉં. તેમની પાસે ખૂબ પૈસો છે એમ બડાઈ હાંકે છે. પણ મારી સંપત્તિની સરખામણીમાં તો તે રેતીના કણ જેટલી છે.

તે એકદમ બંદર પર ગઈ. પોતાના વહાણના માલમને બોલાવ્યો. તે શેઠાણી સામે અદબથી નમીને હુકમની વાટ જોતો ઊભો. શેઠાણીએ કહ્યું, "જો, તને મારો હુકમ છે કે તું આખી દુનિયામાં બધેય વહાણ લઈને ફરી વળજે, ને દુનિયામાં જે સૌથી વધારે કીમતી, સૌથી વધારે સુંદર અને અમૂલ્ય એવી ચીજ હોય તે આ વહાણમાં ભરી લાવજે અને એના બદલામાં જેટલું સોનું આપવું પડે તે આપજે. કિંમત ચૂકવવામાં પાછું વાળીને ન જોવું, તારું વહાણ આખું હું સોનામહોરથી ભરાવી દઉં છું. એના બદલામાં દુનિયાની અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુ વહોરી લાવજે."



શેઠ ને શેઠાણીની નોકરીમાં જ ઘરડો થઈ ગયેલો અનુભવી માલમ આ નવા જ પ્રકારના હુકમથી ઘડી ભર તો મૂંઝવણમાં પડી ગયો. દુનિયામાં સૌથી વધારે સુંદર ને કીમતી ચીજ કઈ હશે, તે કેમ ખબર પડે? પણ તેને પોતાની અકકલ પર ભરોસો હતો, એટલે તેણે જવાબ આપ્યો, "ભલે, બાઈ સાહેબ! હું તમે કહો છો તેવી દુનિયાની સૌથી વધુ કીમતી, સુંદર ચીજ વહાણમાં ભરીને લેતો આવીશ."

બીજે દિવસે વહાણે તો લંગર ઉપાડયું. વહાણનો નાખુદો તો રોજેરોજ મનમાં વિચાર કર્યા કરે કે કઈ ચીજ ખરીદવી. તે તો પૂર્વના દેશો-ચીન, હિંદુસ્તાન વગેરેમાં ફર્યો. ત્યાં પણ હીરા, માણેક, મોતી, મખમલ, રેશમ, સોનારૂપાનાં ઘરેણાં વગેરે ઘણું જોયું. મોટામોટા સોનેરી ગાલીચા, સોનાનાં સિંહાસનો વગેરે પણ જોયાં. પણ તેની નજરમાં આ કોઈ ચીજ ન વસી. તે એક સીધો સાદો માણસ હતો. તે આવા ભપકાથી અંજાઈ જાય એવો ન હતો. તે કંઈ સ્ટેવેરોન શહેરમાં જન્મ્યો નહોતો. તે તો ફ્રીસલૅન્ડના ધાન્યથી લચી પડતાં ખેતરો ને વાડીઓવાળા પ્રદેશમાં જન્મ્યો હતો, ને ત્યાં જ મોટો થયો હતો. તેને આવી સોનારૂપાની ને હીરામાણેકની દુનિયામાં શો રસ આવે? તેને તો એ બધાં છોકરાંને રમવાનાં રમકડાં લાગતાં હતાં. એ સુંદર પણ નહોતાં ને મૂલ્યવાન પણ ન હતાં.

તે બધાં મોટાંમોટાં બંદરો ને શહેરોમાં ઘૂમી વળ્યો, પણ તેનું મન કોઈ ચીજ પર ઠરતું ન હતું. તેણે હવે આવી કોઈ ચીજ મળવાની આશા લગભગ છોડી દીધી. એવામાં તે ફરતો-ફરતો ડાન્ઝીગ બંદરે પોતાનું વહાણ લઈને આવી પહોંચ્યો. બંદરે ઊતરીને તે શહેરના રસ્તા પર ફરવા નીકળ્યો. ત્યાં એની નજર એક મોટા કોઠાર જેવા મકાન પર પડી. તેમાં જઈને જોયું તો તેનું મન રાજીરાજી થઈ ગયું. ત્યાં સોનેરી રંગના ચળકતા ઘઉંના મોટા ઢગલાના ઢગલા પડ્યા હતા.

આખી દુનિયામાં આ ઘઉંની તોલે આવે એવી સુંદર ને કીમતી ચીજ બીજી કઈ ગણાય! આ ઘઉંમાંથી અન્ન પેદા થાય, અન્ન એ તો માણસનો પ્રાણ છે. પ્રાણ છે તો આનંદ છે, શકિત છે, અને માણસની જીવાદોરી છે. આ હાથીદાંતનાં સિંહાસનો, હીરામાણેકના દાગીનાઓ તો આજ છે ને કાલે નથી. માણસ શું તેને બચકાં ભરીને જીવી શકશે? પણ આ ઘઉં વગર તો માણસને કદી ચાલવાનું છે? એમાં જ સાચું સુખ ને શાંતિ છે.

ડોસાની આંખોમાં ફરી ચમક આવી. "હુંય કેવો અકકલનો બારદાન? આટલા મહિના મને આટલુંય ન સૂઝયું? મારા મુલકનો એક અદનામાં અદનો ખેડૂત પણ એટલું તો જાણે કે ઘઉંથી વધુ સુંદર ને કીમતી કોઈ ચીજ નથી. આખરે મારી અકકલ ઠેકાણે આવી ખરી." તેણે આખું વહાણ ઘઉંની ગુણોથી ભરી દીધું, ને પાછું સ્ટેવેરોન બંદર તરફ હંકારી મૂકયું.

આ બાજુ પેલી શેઠાણીની અધીરાઈનો પાર નહોતો. વહાણ કયારે આવશે, ને તેમાં શું ભરાઈને આવશે, તેના તર્કવિતર્કો તે કર્યાં જ કરતી હતી. તેના મનમાં તે ઘોડા ઘડયા કરતી હતી કે વહાણ આવશે ને તેમાંથી એવીએવી ભાતભાતની ચીજો નીકળશે કે શહેરના શેઠિયા ને અમીર-ઉમરાવો મોંમાં આંગળાં નાખી જશે. ને આ વાત તે લોકોની આગળ કરતાં એ થાકતી ન હતી.

આખરે એ ભવ્ય દિવસ આવી પહોંચ્યો. આજે શેઠાણીનું વહાણ દુનિયાની કીમતીમાં કીમતી ચીજો ભરીને નાંગરશે, તેની ખબર આખા નગરમાં ફેલાઈ ગઈ. શેરીઓમાં છોકરા-છોકરીઓ-નાં ટોળેટોળાં હોહા કરતાં બંદર તરફ દોડી રહ્યાં હતાં. શેઠાણી પોતાના શરીર પર સમાઈ શકે, ને ઉપાડીને ચાલી શકાય એટલાં બધાં ઘરેણાં ઠાંસીને બંદરે વહાણની પહેલાં પહોંચી ગઈ. આખું નગર બંદર પર ઊમટયું હતું. વહાણમાંથી શું માલ ઊતરશે, તેની આતુરતા સૌનાં મોં પર હતી.

'મને લાગેછે કે એમાં મોટા ઈંડા જેવડા હીરા ભર્યા હશે.' કોઈકે કહ્યું.

"અરે, એવા હીરાની કયાં નવાઈ છે? એમાં તો ઈંટ જેવડા કદનાં માણેક ભર્યાં હશે." બીજો વધારે ભારપૂર્વક કહેવા લાગ્યો.

વહાણનો નાખુદો વહાણ પરથી કૂદીને ધકકા પર આવ્યો. તેના મોઢા પર આનંદની ચમક હતી.

"કેમ, આપણા વહાણમાં તું શું માલ ભરી લાવ્યો?" શેઠાણીએ પૂછ્યું. શેઠાણીના મોઢા પર આતુરતા છવાયેલી હતી.

"દુનિયાની ઉત્તમમાં ઉત્તમ ચીજ લાવ્યો છું."

"હા, પણ તેનું નામ શું?"

"ઘઉં! આખું વહાણ ભરીને ઘઉં." નાખુદાએ ગૌરવથી કહ્યું.

"ઘઉં?" શેઠાણીની જીભ થોથરાવા લાગી, "તું મારા માટે ઘઉં લઈ આવ્યો?"

"એ ઘઉં આવ્યા, એ ઘઉં આવ્યા." ટોળામાંથી ઉપરા-ઉપરી બૂમો ઊઠવા લાગી. "વાહ, ભાઈ વાહ! શેઠાણીને વળી આથી વધુ કીમતી બીજું શું હોય? ઘઉં, ખેતરમાં ઢેફામાં ઊગે એ ઘઉં." લોકો કરડાકીમાં બોલવા લાગ્યાં. "શેઠાણીએ અત્યાર-સુધી લોકો પાસે જે કીમતી ચીજો આવવાની ગુલબાંગો મારી હતી તે આ ચીજ! હવે તો હદ થઈ ગઈ કહેવાયને!"

શેઠાણીને ધરતી મારગ આપે તો સમાઈ જવા જેવું થયું. સ્ત્રીઓ તો વાટેઘાટે તેની સામું જોઈને તેના ચાળા પાડવા લાગી! છોકરાંઓ "ઘઉં! ઘઉં!" ની બૂમો પાડવા લાગ્યાં. શેઠાણીના શરીરમાં આ બધા અવાજો જાણે વીંધ પાડતા હતા. તેનો ગુસ્સો બેકાબૂ બની ગયો. તેણે વહાણના કપ્તાનને ત્રાડ નાખીને કહ્યું, "તું આ કચરો મારે માટે લઈ આવ્યો? મારી સોનામહોરોના બદલામાં આ લાવ્યો?"

"હા, બાઈ સાહેબ."

"ઠીક, હવે જા. આ બધો ઉકરડો જઈને બંદરમાં પેસવાનું જે બારું છે, તેમાં ઠાલવી આવ."

નાખુદો આ સાંભળીને ઠરી જ ગયો. ને એણે વિચાર્યું "આવા સુંદર મૂઠી ફાટે એવા ઘઉં શેઠાણી નાખી દેવાનું કહે છે! આ તો અન્નદેવતા કહેવાય! તેમનું આવું અપમાન થાય?"

"ના, ના. બાઈસાહેબ! એવું ન કરાય. દરિયામાં આ અન્ન દેવતાને ન ફેંકી દેવાય. એ તો પેટમાં નાખવાના હોય. આ તો ભગવાનની માણસ જાતને આપેલી ભેટ છે. એને તો પવિત્ર ગણવી જોઈએ. તમારે આ ઘઉં ન જોઈતા હોય તો કંઈ નહીં, ગરીબ-ગુરબાંમાં તે વહેંચી દો. આટલા ઘઉંમાં તો કેટલાં ભૂખ્યાં માણસો ધરાય? એને બદલે તેને દરિયામાં નાખી દેવાથી તો પાપ થાય, ને પાપનો બદલો ભગવાન આપ્યા વગર ન રહે, બાઈ સાહેબ!"

આ ઉપદેશ સાંભળીને શેઠાણી તો ક્રોધથી લાલચોળ થઈ ગઈ. તેણે પોતાની આંગળીમાંથી એક કીમતી વીંટી કાઢીને બધાના દેખતાં દરિયામાં ફેંકી દીધી. ને કહ્યું, "હું કહું છું તેમ કર. હું ભગવાન કે તેના બદલાથી બીતી નથી. આ વીંટી જેવી તો હજારો વીંટીઓ દરિયામાં નાખી દઉં, ખબર છે? મારો ખજાનો તો કોઈ દિ' ન ખૂટે એટલો છે. જા, જઈને ઘઉં બંદર-ના બારાના મોઢા આગળ ઠાલવી દે."

નાખુદાનું તો મોઢું સાવ લેવાઈ ગયું. તે નીચી મૂંડીએ વહાણ પર ચડયો ને વહાણને હંકારીને બારાના મુખ આગળ લઈ ગયો. બંદરના ધકકા પરથી કોઈએ તેને પાછો બોલાવ્યો નહીં. આખા નગરમાંથી શેઠાણીના આ ફરમાન સામે કોઈએ એક હરફ પણ કાઢયો નહીં. ઘઉં નામની ચીજ તરફ બધાને તિરસ્કાર હતો. તેમને તો ઝાકઝમાળવાળી ચીજ સિવાય બીજી કોઈ ચીજ નજરમાં આવતી ન હતી. નહિ તો આવા સોનાના ઝરૂખા ને મેડીમાળિયાં શું કામ ઊભાં કર્યાં હોત? પેલા લીલી નાઘેરના ગામડિયાઓને આ બધું કયાંથી સમજાય?

પણ પેલા વૃદ્ધ કપ્તાનને માટે તો આ વસમી ઘડી હતી. આટલા બધા ઘઉં દરિયામાં નાખી દેતાં જીવ કપાતો હતો. તેણે નક્કી કર્યું કે હવે આ શેઠાણીની નોકરી ન કરવી, ને કોઈ વધારે માયાળુ ને ચીજવસ્તુનું ખરું મૂલ્ય સમજનાર શેઠની નોકરી કરવી.

પેલી શેઠાણીનું શું થયું? તે ધૂંઆપૂંઆ થતી પોતાને મહેલ ગઈ. મહેલમાં પેઠા પછી તેણે બહાર મોઢું બતાવવાનું બંધ કરી દીધું. તે કોઈવાર બારીમાંથી જરાક બહાર ડોકિયું કરે કે તરત જ કોઈક ચાળા પાડતા છોકરાનું મોઢું તેને દેખાતું, અને તેના બોલ સંભળાતા, "બાઈ સાહેબ, હવે તમારું બીજું વહાણ ક્યારે આવે છે?"

આટલું તો ઠીક, પણ હજી આથી વસમું તો તે પછી બે દિવસ બાદ બન્યું. શેઠાણીએ આજે ભોજનમાં માછલી મંગાવીને રંધાવી હતી; તે ખાવા બેઠી ત્યાં એક નોકર દોડતો આવ્યો, "બા, બા. આ માછલી તો જુઓ! તેને સમારી તો તેના પેટમાંથી વીંટી નીકળી." એ વીંટી શેઠાણીએ બે જ દિવસ પહેલાં તુચ્છકારથી દરિયામાં નાખી હતી, તે જ હતી. તે એકદમ ભોંઠી પડી ગઈ. તેને તેના પોતાના જ શબ્દો યાદ આવ્યા: "આ વીંટી હું ફરી વાર જોવાની નથી. તેવી જ રીતે હું કદી ગરીબ થવાની નથી. ઘઉં દરિયામાં નાખી દો!"

પણ આ વીંટી તો પાછી આવી!

તેવામાં જ એક માઠા સમાચાર આવ્યા. તેનું એક માલ-ભરેલું વહાણ તોફાનમાં ગૂમ થઈ ગયું. તે પછી દરેક મહિને આવાં, એક પછી એક વહાણ ગૂમ થવાના સમાચાર આવવા લાગ્યા.


અને પેલા ઘઉંની મશ્કરી કરનારા સ્ટેવોરેનના માલેતુજારો! તેમને મન પણ ઘઉંની કંઈ કિંમત નહોતી!

પણ બન્યું એવું કે બીજે જ વરસે શિયાળો પૂરો થતાં દરિયાની ખાડીના મુખ આગળ એકસામટી લીલોતરી જેવું છવાઈ ગયું. પેલા ફેંકી દીધેલા ઘઉંના દાણાઓએ ત્યાં મૂળિયાં નાખ્યાં, ને બહાર તેના છોડવા તરવા લાગ્યા, પણ તે માત્ર એકલા ઘાસની જેમ જ ફેલાવા લાગ્યા. તેના પર ઘઉંના દાણા તો બેઠા જ નહીં.

જેમજેમ દિવસો જતા ગયા તેમતેમ ભરતીમાં તણાઈ આવતી દરિયાની રેતી આ વેલાઓમાં ભરાવા લાગી, અને તેનાથી રેતીના મોટા ઢૂવા બંધાવા લાગ્યા. બંદરના બારાનું મુખ આખું આ રેતીના ઢૂવાની મોટી દીવાલથી પૂરાઈ ગયું. પહેલાં જે મોટાં વહાણો આવતાં હતાં તેમનો માર્ગ પૂરાઈ ગયો. સ્ટેવોરેન બંદર પૂરાઈ ગયું.

જાહોજલાલીથી ધીકતા શહેરે પોતાનું બંદર ખોયું. બંદર એ જ તેમની સમૃદ્ધિની ચાવી હતી. પેલાં શેઠાણીનાં ફૂલેલાં સઢવાળાં વહાણ હવે આવ-જા કરી શકતાં ન હતાં. ધીમેધીમે સંઘરેલ ખજાનો વપરાતાંવપરાતાં ખાલી થવા લાગ્યો. ધંધા, વેપાર, ઉદ્યોગ પડી ભાંગ્યા. બેઠાંબેઠાં તો કુબેરના ભંડારેય ખાલી થાય, તો પછી આનું તે શું ગજું? સોનું, રૂપું, હીરા, માણેક બધુંય તિજોરીમાંથી નાસવા માંડ્યું. સોનાના મોટા રવેશો પરનું સોનું ઊખડી જવા લાગ્યું. આખું નગર ભાંગવા લાગ્યું. વરસો-વરસ તે ભાંગતાંભાંગતાં એક ખંડેર જેવું ગામડું બની ગયું. અને પછી તો રેતીના જુવાળોમાં તે દટાઈને નામશેષ થઈ ગયું.

આજે એ ટીંબા પર એક નાનકડું ગામડું છે. થોડાંક નાનાં-નાનાં નીચાં છાપરાંનાં ઘરો છે. પણ લોકોને હજી પેલી વિધવા શેઠાણીની યાદ તાજી છે. પેલા રેતીના ઢૂવાને હજી પણ ત્યાંના લોકો શેઠાણીના ઢૂવા તરીકે ઓળખે છે.



૪

# કાચબો ને કૂતરો

## (ઘાના)

એક વાર સ્વર્ગમાં પણ દુકાળ પડયો ને પૃથ્વી પર પણ દુકાળ પડયો. ઝાડપાન, ઢોરઢાંખર, પ્રાણી, માણસ બધાંય સુકાઈને છોડિયાં જેવાં થઈ ગયાં. પણ કાચબાને એકવાર એક કૂતરો મળ્યો. તે કૂતરો રાતી રાણ જેવો હતો; તેના વાળની રુંવાટી પણ ઝગારા મારતી હતી. કાચબાએ પૂછ્યું, "ભઈલા કૂતરા! આખી દુનિયા સુકાઈ ને તું કેમ લીલોછમ બન્યો છે?"


કૂતરાએ કહ્યું, "એ વાતનો એક ભેદ છે. તું કાલ વહેલી સવારે પ્રાગડવાસે મારે ઘેર આવજે એટલે તને એ ભેદ સમજાવીશ.

કાચબાને તો રાતે કોઈ વાતે ઊંઘ ન આવે. 'ક્યારે સવાર પડે ને કૂતરાને ત્યાં જાઉં' એમ જ થયા કરે. મધરાત થઈ ને તેણે જઈને પોતાના ઘરના કૂકડાને જગાડયો. કૂકડાને થયું કે સવાર પડી એટલે તે તો 'કૂકડેકૂક' કરવા માંડયો. એટલે કાચબો તરત જ કૂતરાને ઘરે જઈને બારણા બહાર ઊભો રહી બારણું ખખડાવીને કહે, "કૂતરાભાઈ! ઊઠો, સવાર પડયું. જુઓ કૂકડો બોલ્યો." કૂતરો તો જાણતો હતો કે હજુ સવાર પડવાને વાર છે એટલે તેણે અંદરથી જવાબ આપ્યો, "અરે! કાચબાભાઈ! હજી તો સવાર પડવાને વાર છે. હજી ખેડૂત ક્યાં સાંતી લઈને ખેતરે જાય છે?" એટલે કાચબો થોડી વારે કૂતરાના ઘર પાસેથી બળદના ઘૂઘરા ઘમકાવતો નીકળ્યો ને પછી પાછો જઈને કહે, "જુઓ, હવે તો આ સાંતીય નીકળ્યા. બળદના ઘૂઘરા વાગે છે." કૂતરો કાચબાની વાત સમજી ગયો. પછી કહે, "પણ હજુ પનિહારીઓ ક્યાં પાણી ભરવા નીકળી છે?" એટલે કાચબો ફરી પાછો એક ખાલી બેડું ને અંદર વીરડો ઉલેચવાનો વાટકો ખખડાવતો નીકળ્યો. કહે, "ઊઠો, ઊઠો. કૂતરાભાઈ! હવે જુઓ આ પનિહારીઓ પણ નીકળી!"


કૂતરો કાચબાની બધી યુકિતઓ જાણી ગયો હતો, પણ કાચબાના આમ આંટાફેરામાં જ સવાર થઈ ગયું હતું. એટલે કૂતરો પણ ઊઠીને બહાર આવ્યો ને પછી કાચબાને લઈને જંગલમાં ઊપડયો. ઘણે દૂર ગયા ત્યારે એક મોટી ઊંચી નાળિયેરી આવી. નાળિયેરી ઉપર નાળિયેરનાં ઝુમખાં બાઝેલા હતાં. આખા જંગલમાં આ એક જ નાળિયેરી આવી હતી. તે નાળિયેરી નીચે ઊભા રહીને કૂતરાએ નાળિયેરીનું એક ગીત ગાયું અને એમાં તેને પ્રાર્થના કરી કે એક નાળિયેર મને આપ. એટલે ઉપરથી એક નાળિયેર ધડિંગ દઈને નીચે પડયું.

બંને જણાએ એ નાળિયેર ખાધું. પછી ફરી કૂતરાએ એકી સાથે બે નાળિયેરની પ્રાર્થના કરી એટલે બે નાળિયેર નીચે પડયાં. તેમાંથી એક બંને જણાએ લહેરથી ખાધું ને એક તે કૂતરાએ પોતાને ઘેર પોતાની સ્ત્રી માટે લઈ જવા રાખ્યું. કૂતરાએ કાચબાને કહ્યું, "ભાઈ! જો હું રોજ સવારે ને સાંજે અહીં આવીને આ નાળિયેરીને પ્રાર્થના કરું છું ને તે મને એકએક નાળિયેર આપે છે; ને એથી અમે ધરાઈ જઈએ છીએ. તારે પણ આ નાળિયેર લેવું હોય તો રોજ આવીને મારી જેમ પ્રાર્થના કરજે, ને એક નાળિયેર તારે માટે ને એક તારે ઘેર તારી સ્ત્રી માટે લઈ જવું. ફરી પાછો ભૂખ્યો થા ત્યારે મારી સાથે તારે આવવું. ને જો તારે એકલા આવવું હોય તો એ જ પ્રમાણે પ્રાર્થનાનું ગીત ગાવું ને એકી સાથે બે નાળિયેર માગવાં: એક તારે માટે ને એક તારી સ્ત્રી માટે."

કાચબો તો રાજીરાજી થઈને ઘેર ગયો ને કૂતરો ક્યારે બહાર જાય એની રાહ જોવા લાગ્યો. કૂતરો ક્યાંક બહાર ગયો એટલે તરત જ કાચબો તો સીધો પહોંચ્યો નાળિયેરી પાસે ને તરત જ ગીત લલકારીને નાળિયેરી પાસે એક નાળિયેર માગ્યું. તે નાળિયેર ખાઈ ગયો ને પછી પોતાની સ્ત્રી માટે બીજું માગ્યું. પછી તેને વિચાર આવ્યો કે સાંજે બીજો ધક્કો ખાવો પડે તેના કરતાં અત્યારે જ સાંજ માટેનાં બે નાળિયેર માગી લેવાં. તેણે પ્રાર્થના કરી ને બીજાં બે નાળિયેર નીચે પડયાં. પછી તો ત્રણ



માગ્યાં, ચાર માગ્યાં, પછી પાંચ માગ્યાં; પછી તેને થયું કે લાવ ને અઠવાડિયાનાં સામટાં જ માગી લઉં! તેટલાં નાળિયેર પડયાં કે તરત જ તેને વિચાર આવ્યો કે લાવને છે તેટલાં બધાં જ માગી લઉં એટલે કાયમની ઉપાધિ મટે! ને વળી કોઈ ચોરની નજર આ નાળિયેર પર પડે ને તે બધાં લઈ જાય તેના કરતાં હું જ ઘરભેગાં કરું તો શું ખોટું? એટલે તેણે નાળિયેરીને પ્રાર્થના કરી કે મને બધાં નાળિયેર આપી દે. એમ પ્રાર્થના કરતાંની સાથે જ ઉપરથી નાળિયેરનો વરસાદ વરસવા માંડયો. એક-એક નાળિયેર વજનમાં જબરું હતું ને ઉપરથી પડતાં તેનું જોર વધી જતું હતું. એક-બે નાળિયેરને પડતાં ઝીલવાનું તેની ઢાલમાં જોર હતું; પણ આ મોટામોટા ગોળા જેમ પડતાં નાળિયેરને લીધે એ નાળીયેરી નીચે જ તે જોતજોતામાં છુંદાઈને રોટલો થઈ ગયો.



૫

# બે ભાઈઓ

## (ધાના)

એક નાનું એવું ગામ. તેમાં નાનાનાના કૂબાઓ. એવા એક કૂબામાં એક ડોશી અને તેના બે નાના દીકરા રહે. ડોશી જંગલમાંથી લાકડાં વીણી આવે, બોર વીણી આવે, ખેતરમાં મજૂરી કરવા જાય ને બેય છોકરાઓને મોટા કરે. બેય છોકરાઓ આખો દિ' કૂબાના આંગણામાં રમ્યા કરે ને મા ખાવાનું લાવે તે ખાય.

એક દિ' સવારના પહોરમાં ડોશી કહે, "દીકરાઓ! હું જંગલમાં લાકડાં વીણવા જાઉં છું. હું મોડી આવું ને તમે ભૂખ્યા થાઓ તો આ ત્રણ સકરકંદ છે. તે તમે શેકીને ખાજો. કજિયો કરશો નહીં ને સંપીને રહેજો."

મા તો ગઈ. છોકરાઓ આંગણામાં રમવા માંડયા. ખૂબ રમ્યા,, ખૂબ કૂદ્યા; પછી થાકયા. બેયને ભૂખ લાગી. "મોટાભાઈ, આપણે સકરકંદ ખાશું?"

મોટાભાઈ કહે, "ચાલો, આપણે સકરકંદ શેકીએ."


બંને જણાએ કરગઠિયાં ભેગાં કર્યાં ને તાપ કર્યો, ને અંદર સકરકંદ શેકવા નાખ્યાં. સકરકંદને સાંઠીકડાંથી ફેરવીફેરવીને શેકયાં ને તે બરાબર શેકાઈ રહ્યાં એટલે તેને બહાર કાઢીને બંને જણા ખાવા બેઠા. એક સકરકંદ મોટાએ લીધું, એક સકરકંદ નાનાએ લીધું. બેય જણા ખાઈ રહ્યા એટલે નાનાએ કહ્યું, "મોટાભાઈ! આ એક વધ્યું છે તેય આપણે અરધુંઅરધું ખાઈ જઈએ." મોટો કહે, "આ સકરકંદના ઊભા બે ભાગ કરીએ." નાનો કહે, "ના, આડા બે ભાગ કરવા છે." મોટો કહે, "ઊભા" ને નાનો કહે, "આડા". હા-ના-હા-ના કરતાં બેય જણ કજિયે ચડયા; ને બાથંબાથા આવવાની તૈયારી હતી ત્યાં તો ઓચિંતો ગામમાં ગોકીરો થયો: "મારો, મારો" "કાપો, કાપો" "ભાગો, ભાગો" છાકરાઓ તો આમતેમ જોવા લાગ્યા. શું કરવું તે કાંઈ સૂઝયું નહીં. ત્યાં તો આ ગામના દુશ્મન એવા ગામના લોકોનું એક ટોળું ત્યાં આવી પહોંચ્યું. તેમના હાથમાં ભાલા ને ગેંડાની ઢાલો હતી. આ છોકરાઓને જોતાં બે જણાએ એકએક જણને બાવડેથી પકડયો. છોકરાઓ તરત જ સમજી ગયા કે હવે આપણું આવી બન્યું. હવે આપણને આ લોકો પકડી જશે ને આપણને ગુલામ બનાવીને રાખશે. મોટાભાઈએ રોતાંરોતાં નાનાને કહ્યું, "ભાઈલા! હવે તો પાછા મળશું કે નહીં તે ભગવાન જાણે. પણ જો તું કોક દિ' પણ છૂટો થાય તો મારી ભાળ કાઢજે, ને જો હું છૂટો થઈશ તો તું જયાં હોઈશ ત્યાંથી તને ગોતી કાઢીશ. તું મને ભૂલીશ મા, ને હુંય તને નહીં ભૂલું."

બેય ભાઈઓ છૂટા પડયા.

મોટાભાઈને જે માણસે પકડયો હતો તેણે આ છોકરાને એક શેઠને ઘેર વેચી દીધો. એ શેઠ બહુ ભલો નીકળ્યો. તે આ ગુલામ છોકરાને પોતાના દીકરાની જેમ રાખતો હતો. તે છોકરો મોટો થયો, એટલે બીજા શેઠે આ છોકરાને એના પહેલા શેઠ પાસેથી વેચાતો લીધો. એ શેઠ તો પહેલા કરતાંય વધુ માયાળુ હતો. તેને ત્યાં બેચાર વરસ રહ્યા પછી વળી તે એક ત્રીજા શેઠને ત્યાં વેચાયો. એ શેઠ ખૂબ જ માલદાર હતો, અને વળી એટલો જ માયાળુ હતો. તેણે આ છોકરાને ખેતીનું, ઢોરઢાંખર સાચવવાનું, શિકાર કરવાનું - એવુંબધું કામ શીખવ્યું. ને પછી એ છોકરો જુવાન થયો એટલે તેને થોડીક જમીન, ઢોરઢાંખર ને ઘરબાર કાઢી આપ્યાં ને કહ્યું, "હવેથી તું છૂટો. તું તારે તારી મિલકતનું તને ફાવે તેમ કર, ને સુખી થા".

મોટો તો રાજીરાજી થઈ ગયો. તેણે તો બરાબર ખેડ કરવા માંડી, ઢોરઢાંખર વધારવા માંડયાં, નવી જમીન પણ વેચાતી લીધી, નવા સાથી રાખ્યા, ને તે ગુલામ પણ વેચાતા લેવા માંડયો. તેને તો અડખેપડખેથી મોટાં ઘરનાં માગાં પણ આવવા માંડયાં. તે ચારપાંચ સ્ત્રીઓને પરણ્યો, ને થોડા વખતમાં તો તેના ઘરમાં છોકરાંઓ કિલ્લોલ કરવા માંડયાં.

જેમજેમ તેની પાસે મિલકત વધવા માંડી તેમતેમ તેનો લોભ પણ વધવા માંડયો. તે સાથી-દાડિયા પાસે ગજા બહારનું



કામ કરાવતો; એમાંય ગુલામોને તો ઢોરથીય વધારે સંતાપતો, ને તેમને પૂરું પેટભર ખાવાય ન આપતો. તેનાથી તેના બધાય ગુલામો થરથર ધ્રૂજે. જો કોઈ ગુલામની થોડીક ભૂલ થઈ તો તે કોરડે ને કોરડે સબોડી નાખે.

હવે પેલા નાના ભાઈનું શું થયું? નાનાને જે શેઠ મળ્યો, તે નર્યો રાક્ષસ જેવો હતો. તેનામાં દયાનો છાંટો નહોતો. તે આખો દિ' ખેતરમાં ને જંગલમાં ઢોરની જેમ કામ કરે. સાંજે એઠુંજૂઠું મળે તે ખાય ને રાતે કોઢમાં એક કોર ખડની પથારીમાં સૂઈ રહે. એકબે વરસ પછી એ શેઠે એક બીજા શેઠને ત્યાં આ નાનાને વેચી દીધો. તે તો વળી પહેલા કરતાંય રાશી હતો. તે તો કામ કરાવે, પુરું ખાવા ન આપે, ઉપર જાતાં ગાળો દેવામાં ને માર મારવામાંય પાછું વાળીને ન જુએ. ને ગુલામ બિચારો કરેય શું? તે કોને રાવ-ફરિયાદ કરે? ગુલામ ને ઢોર બેય સરખાં! ત્યાંથી વળી એ બીજા શેઠને ત્યાં વેચાયો. આ વળી આગલા બેયને સારા કહેવડાવે એવો નીકળ્યો!

બનવાકાળ કે આ નાનો વેચાતોવેચાતો પોતાના જ મોટા-ભાઈને ત્યાં ગુલામ તરીકે વેચાયો. મોટો ભાઈ તો મોટો રાજા જેવો બની ગયો છે. તેને ત્યાં તો ઢોર ને ગુલામોનો સુમાર નથી. તેને ત્યાં ગુલામોને માટે એક કોઢ જેવી જગ્યા હતી. તેમાં બધા ગુલામો નાનાંનાનાં કાતરિયાંમાં રાતે પડયા રહે. ઢોર-ને નીરણ નીરે એવી રીતે બધા ગુલામોને દેંશ કે એવું ખાવા મળે ને અર્ધભૂખ્યા પેટે બિચારા ગુલામો આખો દિ' ઢસરડા કરે.

આ શેઠને કળશીએક છોકરાં હતાં. તેમાં આઠનવ વરસની એક છોકરી તેના બાપને સૌથી વહાલી હતી. આ છોકરી એક-વાર ફરતીફરતી સમી સાંજ પછી આ ગુલામોનાં કાતરિયાં તરફ ગઈ. ત્યાં એક કાતરિયામાં એક ગુલામ ઝીણા અવાજે કંઈક ગાતો હતો. પેલી છોકરીને આ ગીત એટલું બધું ગમ્યું કે તે અંદર ગઈ ને પેલા ગુલામને કહ્યું, "આ ગીત ફરી ગાઓને!" ગુલામ કહે, "બહેન! ફરી ગાઉં તો ખરો, પણ આટલુંય માંડ-માંડ ગાઈ શકું છું. છાતીમાં ગાવાનું જોર જ કયાં છે?" પેલી છોકરીએ હઠ કરી એટલે એ ગુલામે ફરી ગીત ગાયું. ગીત ગમે-તેવા સાંભળનારને રોવરાવી દે તેવું હતું. તેમાં બે સગા ભાઈની કથા હતી:

મોટા તે દેશતણા મોટા સૂબામાં ,
નાના કૂબામાં રહે ડોશલી જી રે ;
છાણપોદળા વીણી ગાડું ગબડાવતી ,
ગાભા પે'રે ને ઓઢે બોશલી જી રે. ૧.
દેવે દીધેલ ડોશલીને બે દીકરા ,
એક 'મોટિયો' ને બીજો 'નાનકો' જી રે ;
ડોશી બહાર જાય, વાંસે રહે બે ભાઈ,
વહેંચીને ખાય એક ચાનકો જી રે . ૨.
એક સમે જાગિયો ગોકીરો ગામમાં ,
ચડી આવ્યાં દશમનનાં ધાડાં જી રે ;
તાતાં તે તીર સાથ , મોટાં ધનુષ્ય હ થ
અવળાં દોડે ને વળી આડાં જી રે. ૩.
પકડાય બેય ભાઈ-થાજો હે નાથ સાહ્ય -
"વીરા સલામ, પ્રીત ભૂલવી ન જી રે ."
"ભૂલી ભુલાય કેમ ?" મોટો વદે છ વેણ ,
છૂટા પડયા છ બેઉ દીનહીન જી રે. ૪.
થૈને ચૌટે લિલામ, બનિયા બંને ગુલામ ,
બંનેને શેઠ મળ્યા જૂજવા જી રે ;
મોટાનો શેઠ ઘણો મનનો માયાળુ ,
નાનાને દોહ્યલા પૂજવા જી રે . ૫.
મોટો છૂટયો ને બન્યો મોટો શેઠિયો ,
એને તો સુખ નિત્ય માણવાં જી રે ;
ઘેરઘેર વેચાતા નાનકા ગુલામને
માથે તો દુ:ખ તણાં ઝાડવાં જી રે. ૬.
કામ, કામ, કામ ને કામ કરે નાનકો,
ખાવા ન પેટપૂર પામતો જી રે ,
આંખોનાં નૂર એનાં ઊડી ગયાં છ ને
વાંસે વધ્યાં છ હાડ-ચામડાં જી રે. ૭.
મોટો માલંતો મે'લમેલાતું મેડીએ,
એને શેં નાનકો સાંભરે જી રે ?
સુખ કેરી સેજ પરે પોઢયા જે માનવી
ચિંતા દુ:ખિયાંની લેશ ના કરે જી રે . ૮.
"ભૂલ્યો શું ભાઈ, તારો નાનેરો નાનકો,
નાનો કૂબો ને મીઠી માવડી જી રે ?
વેં'ચીને આપણ બે ખાતા'તા ચાનકા
ભૂલી ગયો શું પ્રીત આવડી જી રે ?" ૯.

પેલી છોકરી તો ગીત સાંભળતી જાય ને ધ્રૂસકેધ્રૂસકે રોતી જાય. અરરર ! આવો નિર્દય મોટોભાઈ તે કોણ હશે ? નાના ભાઈએ ગીત પૂરું કર્યું એટલે તે હાંફી ગયો અને તેણે ઊંડો નિસાસો મૂકયો. તે કહે, "બેટા ! તું હવે જલદી ઘરમાં ચાલી જા. તારા બાપા તને અહીં જોશે તો પાછા તને તો વઢશે, પણ મને તો કોરડેકોરડે ફટકારશે." છોકરી છાનીમાની ચાલી ગઈ.

બીજે દિવસે વળી સમી સાંજે તે છોકરી છાનીમાની પોતાના ભાગનું ખાવાનું લઈને પેલા ગુલામના કાતરિયામાં પહોંચી ગઈ. તેને કહ્યું, "આ લે, આ મારા ભાગનું તું ખા ; ને ખાઈને તાજોમાજો થઈને તારું કાલવાળું ગીત ગા."

નાના ભાઈએ ને એ છોકરીએ બેયે ભેગાં બેસીને ખાધું ને પછી નાનાભાઈએ પેલું કાલવાળું ગીત ગાયું .

હવે તો પેલી છોકરીને એ ગીતની રઢ લાગી. રોજ તે પોતાના ભાગનું ખાવાનું હોય તેમાંથી થોડુંક ખાઈને બાકીનું છાનુંમાનું લઈ આવે. ને તે પેલાને ખાવા આપી દે. પછી પેલું ગીત સાંભળે.

દિવસેદિવસે પેલા ગુલામના શરીરમાં લોહી ભરાવા માંડયું પણ પેલી દીકરી સુકાવા માંડી. તેના બાપાને મનમાં ચિંતા થઈ કે દીકરીને શો રોગ થયો છે ? વૈદ્ય બોલાવ્યો, નાડ જોવરાવી. છોકરીને નખમાંય રોગ નથી ; પણ દહાડે દિ' એ સુકાતી જાય છે. તપાસ કરતાંકરતાં કેટલાક નોકરોએ કહ્યું કે બહેન રોજ સાંજ પડયા પછી ગુલામની કોઢ તરફ જાય છે. બાપને થયું કે જોવા દે, શું છે.

સાંજ પડી. દીકરી રસોડામાં વાળુ કરવા બેઠી . તેણે થોડુંક ખાધું ને બાકીનું પોતાના લૂગડામાં સંતાડીને છાનીમાની તે પેલા ગુલામની કોટડી તરફ ગઈ. બાપ પણ છાનોમાનો પાછળપાછળ ગયો. છોકરીએ અરધું બારણું બંધ કરીને લૂંગડા નીચેથી ખાવાનું કાઢયું ને કહ્યું, "લે, આ ખાઈ જા, ને પછી પેલું ગીત ગા." પેલાએ કહ્યું, "બેટા, તું ભૂખી રહીને મને ખવરાવે છે એ મને જરાય ગમતું નથી. પણ શું કરું ? એ સિવાય મારાથી ગવાતું નથી" પછી પેલા ગુલામે ઝીણા અવાજે બે ભાઈઓવાળું ગીત ગાયું.

મોટો ભાઈ છાનોમાનો ગીત સાંભળતો હતો. ગીતની એકએક લીટી ગવાતી ગઈ તેમતેમ મોટા ભાઈની આંખ આગળ એના નાનપણની વાતો ખડી થવા માંડી. ગાતાંગાતાં નાના ભાઈનો અવાજ ગળગળો થઈ ગયો, પેલી છોકરીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. મોટા ભાઈનું પથ્થર જેવું હૈયું લીટીએલીટીએ પીગળી ગયું, આંખો છલકાવા માંડી ને છેલ્લે તો તેનાથી ન રહેવાયું ; તે એકદમ બારણું ઉઘાડીને દોડીને ભાઈને ભેટી પડયો. પેલાં બે પહેલાં ગભરાયાં, બેયને થયું કે આપણું આવી બન્યું. પણ ત્યાં તો "મારો નાનો ભાઈ ! મારો ભાઈલો !" કહીને તે શેઠ ધ્રૂસકેધ્રૂસકે રડવા લાગ્યો. નાનો

ભાઈ પણ મોટા ભાઈને ગળે વળગીને "મોટાભાઈ" કહીને રોવા લાગ્યો. બંને એકબીજાનાં આંસુ લૂછતા જાય છે, ને એકબીજાને વાંસે હાથ ફેરવતા જાય છે. દીકરી તો શૂનમૂન થઈને આ બધું જોવા લાગી.


"બેટા, આ તારો કાકો છે. આ તારા કઠણ કાળજાના બાપે તેના સગા ભાઈને કેટલો રિબાવ્યો! હું નગુણો સુખમાં ભાઈને ભૂલી ગયો. ભઈલા, મને માફ કર. ભગવાનને અરજ કર કે મને માફ કરે. દીકરી, તારા કાકાને બચ્ચી ભર."

નાનાએ તો દીકરીને તેડી લીધી. દીકરીને ગાલે બચ્ચીઓ ભરી. "મોટા ભાઈ! આ તમારી દીકરીએ જ આપણો મેળાપ કરાવ્યો. તેણે ભૂખ્યા રહીને મને ધરાવ્યો. એણે મને જીવતદાન આપ્યું."

મોટા ભાઈએ તો તરત જ નોકરચાકરને, ઘરની સ્ત્રીઓને, છોકરાંઓને ભેગાં કરીને બધાં સાથે નાના ભાઈની ઓળખાણ કરાવી, તેને નવરાવ્યો, નવાં લૂગડાં આપ્યાં; બધાંએ ભેગ બેસીને ખાધું.

હવે તો બંને ભાઈઓ ભેગા મળીને રહે છે. તેમણે બધા ગુલામોને છોડી મૂક્યા છે, ને નોકરોને ભેગા મળીને ઘરનાં માણસની જેમ સાચવવા માંડ્યા છે.

કોકકોક વાર મોટા ભાઈ ખૂબ તાણ કરે ત્યારે નાનો ભાઈ પેલું ગીત ગાય છે ને બધાંની આંખો આંસુથી છલકાઈ જાય છે.



૬

# પૂરેપૂરી મદદ

## (ઘાના)

એક હતો ખેડૂત. તેનું નામ એસા. તેને ખેડ બહુ સારી આવડે. તેને ખબર હતી કે એક ને એક જમીનમાં ઉપરાઉપરી ખેડીને પાક લીધા કરીએ તો જમીન કસ વગરની બની જાય. એટલે તે ખેડ માટે નવી જમીનની શોધમાં નીકળ્યો. જંગલમાં થોડીક સપાટ ને કસવાળી જમીન જોઈને તેને થયું કે આ જમીન ખેડીને તેમાં ખેતી કરું. તેને ખબર નહીં કે આ જમીન જંગલના કોઈ દેવતાની હશે. એટલે એણે તો તે જમીનમાંથી જાળાં-ઝાંખરાં સાફ કર્યાં ને મૂળિયાં ખોદવા માંડયાં. ત્યાં તેના કાન



પર અવાજ આવ્યો, 'અલ્યા, તું કોણ છે?" પહેલાં તો તે બીનો પણ પછી તેણે જવાબ આપ્યો, "હું એસા છું; ખેડૂત છું. અહીં મારે ખેડ કરવી છે એટલે જાળાં-ઝાંખરાં કાઢું છું." પાછો અવાજ આવ્યો, "જાઓ, બચ્ચાઓ! આ ખેડૂતને જાળાં કાઢવામાં મદદ કરો." થોડી વારમાં તો ખેતર હથેળી જેવું સાફ થઈ ગયું પણ એસાએ એટલુંય ન કહ્યું કે તમારો પાડ માનું છું.

પછી તેણે બિયારણ વાવવા માંડયું. ત્યાં પાછો અવાજ આવ્યો, "જાઓ, બેટા! આને વાવણીમાં મદદ કરો." અને થોડા વખતમાં બધું વવાઈ ગયું. એસાએ આ વખતે કામ કરી દેનાર અદૃશ્ય દેવતાનો પાડ તો માન્યો, પણ તેમને કંઈ ભેટ ધરવાનું તેને ન સૂઝયું; તેમ તેણે એટલુંય ન કહ્યું કે મારું કામ પડે તો મને કહેજો.


આ વાતને ત્રણ મહિના થઈ ગયા. પાકને તો ડૂંડાં બેસી ગયાં ને પાક પણ આવવા માંડયો. હવે થોડા જ દિવસોની વાર હતી. ત્યાં એક દિવસ એસાની સ્ત્રી તેના નાના છોકરાને લઈને જંગલમાં બળતણ વીણવા ગઈ. પાછાં ફરતાં તે આ નવા ખેતર પાસેથી નીકળી. છોકરાએ ખેતરમાં મજાનાં ડૂંડાં ઝૂલતાં જોયાં. એટલે તેણે કહ્યું, "મારે આ એક ડૂંડું જોઈએ છે." માએ કહ્યું, "હજી એ કાચાં છે, એટલે ન તોડાય." તોય બાળકે હઠ લીધી એટલે માએ તેને ખૂબ ધમકાવ્યો. બાળક તો ખૂબ રોવા માંડયો. એટલે માએ તેને એક ડૂંડું તોડીને હાથમાં આપ્યું. ત્યાં આકાશવાણી સંભળાઈ, "તું કોણ છે?"

"હું તો એસા ખેડૂતની ઘરવાળી છું. મારા છોકરા માટે એક ડૂંડું મેં તોડયું છે." ત્યાં તો અવાજ આવ્યો, "બેટાઓ! આને ડૂંડા તોડવામાં મદદ કરો." થોડી વારમાં તો એસાનાં ખેતરમાં ડૂંડાં લણાઈને નીચે પડી ગયાં; હજી ડૂંડાંમાં દાણા સાવ કાચા હતા.

બીજે દિવસે રોજની જેમ એસા પાછો ખેતરે ગયો. ત્યાં જઈને જોયું તો બધાં ડૂંડાં વઢાઈને નીચે પથરાઈને પડયાં હતાં. તેને પહેલાં તો નવાઈ લાગી. પણ પછી તેને ખૂબ આઘાત થયો. "હાય, હાય! મારી બધી મહેનત ધૂળમાં ગઈ. આ બધું કોણે કર્યું?" કહી તે છાતી કૂટવા માંડયો. ત્યાં પાછો અવાજ આવ્યો, "આ છાતી કોણ કૂટે છે?"

"એ તો હું એસા ખેડૂત. મારું બધું કો'કે વાઢી નાખ્યું." ત્યાં તો પેલા અવાજે કહ્યું, "બચ્ચાઓ! આને છાતી કૂટવામાં મદદ કરો." ત્યાં તો એ અદૃશ્ય બેટાઓએ આ હુકમ માથે ઉઠાવી લીધો, અને તે પણ પૂર જોશમાં.

સાંજ પડી. એસા હજી સુધી ઘેર ન આવ્યો એટલે ગામના લોકો તેના ખેતરે આવ્યા. ત્યાં તો એસા તેના ખેતરમાં ડૂંડાંની વચ્ચે ચત્તોપાટ મડદું થઈને પડયો હતો.



# ૭

## કોદાળીની કરામત

### (રશિયા)

એક વાર રશિયાના બાદશાહના લશ્કરનો એક સિપાહી રજા લઈ ઉપર ઘરે આવવા નીકળ્યો. ચાલતોચાલતો સાંજ પડ્યે તે એક ગામ પાસે પહોંચ્યો. તેને થયું : લાવને ક્યાંક રાતવાસો ને રોટલો મળે એવું ઘર શોધી કાઢું. તેણે ગામના પાદરમાં એક મોટું પાકું ચૂનાબંધ મકાન જોયું. તેને થયું કે આ ઘર મોટું છે, ત્યાં સગવડ મળશે. એટલે તેણે તે ઘરની ખડકી પાસે જઈ-ને દરવાજો ખખડાવ્યો, ત્યાં તો એક ડોશીમાએ ડોકાબારી ઉઘાડી-ને પૂછ્યું, “કોણ છો ? શું કામ છે ?”

“માડી, લશ્કરનો સિપાહી છું. રજા પર ઘેર જવા નીકળ્યો છું. ઠંડીના દિવસો છે. એક ટંક રોટલો ને એક રાતનો વિસામો જોઈએ છે. તમારું મોટું ઘર જોઈને થયું કે લાવ અહીં પૂછી જોઉં.”



ડોશીમા આમ પૈસેટકે પહોંચતાં હતાં, પણ જીવ સાંકડો; એટલે તરત જ બોલી ઊઠયાં, "ભાઈ! આશરો આપવાની તે કોઈ ના પાડે? કોનો દિ' ફર્યો હોય તે રોટલાનીય ના પાડે? પણ આ તો શું કરું? ઘરમાં કંઈ ખાવાનું નથી. હુંય બે દિ'થી ભૂખી છું."

સિપાહીએ ડોશીના મોં પરથી સમજી લીધું કે આ ડોશીના પંડ ઉપર ભૂખની અસર નથી, પણ મનમાં ભૂખ પેઠી છે. તે કહે, "હશે, માડી! તમેય ભૂખ્યાં ને હુંય ભૂખ્યો. કંઈ નહીં, રાત પડયા રહેવાની સગવડ આપો એટલે ઘણું છે."

સિપાહી તો મકાનમાં પેસતાંવેંત રસોડા તરફ ગયો. રસોડામાં ચૂલામાં હજી થોડોક તાપ હતો. સિપાહીએ આમતેમ જોયું. એક ખૂણામાં એક કોદાળીનું પાનું પડયું હતું. "લો, કહો છો ને કે ઘરમાં ખાવાનું નથી? આ રહ્યું!" કહીને તેણે કોદાળીનું પાનું ઉપાડયું ને તેને આમતેમ ફેરવીને બારીકાઈથી જોયું ને કહે, "માડી, એક તપેલી આપો ને થોડુંક પાણી આપો."

ડોશી તો કંઈ સમજી નહીં, પણ એક તપેલીમાં થોડુંક પાણી લઈને આવી. સિપાહીએ પાણીથી પેલી કોદાળીનું પાનું ધોઈ નાખ્યું ને પછી તપેલીમાં એ પાનું મૂકયું ને અંદર પાણી નાખીને તપેલી ચૂલા પર મૂકીને બરાબર તાપ કર્યો.

"માડી, હવે પા-અરધા કલાકમાં આ કોદાળી ચડી જાય એટલે આપણે બેય જણ નિરાંતે ખાશું."

"કોદાળી?"

"હા, હા, લે, તમારે આ તરફ કોદાળી ખાય નહીં? અમારે ત્યાં તો લડાઈમાં બધા કોદાળી જ ખાય." થોડી વારે તેણે ચમચાથી તપેલીનું પાણી હલાવ્યું. પછી સાણસીથી કોદાળીને બહાર કાઢીને દાબી જોઈ.. "હવે બહુ વાર નથી. હમણાં ચડી જશે."

તેણે પાણી પણ ચાખી જોયું. પછી કહે, "ડોશીમા, હવે આમ સ્વાદ તો આવવા માંડયો છે. એમાં હવે એક જરાક ગોળ નાખીએ તો પછી જોઈ લો એનો સ્વાદ. કયાંય થોડોક ગોળ હશે?"

"હા, ગોળ તો મારા ઘરમાં કયાંક હશે, હોં! લો, તપાસ કરું." ડોશી મેડા પર જઈને ગોળનું મોટું દડબું લઈ આવી. સિપાહીએ તપેલીમાં ગોળ નાખ્યો ને પાછું પાણી હલાવવા માંડયું.


"હવે બહુ વાર નથી, કોદાળી ને ગોળ બેય ચડવા માંડયા છે. પણ આમાં એક પાશેર જેટલું ઘી નાખ્યું હોય તો રંગ રહી જાય, હોં!"

"ઘી તો મારે ત્યાં હશે, હોં. લો, તપાસ કરું." ડોશીમા મેડા ઉપર જઈને ઘીની વાઢી લઈ આવ્યાં. સિપાહીએ ઘીનો દોરો દીધો ને પાછી કોદાળીની તપેલી હલાવવા માંડી, ને થોડીવારે પાણી ચાખી જોયું. "લો, હવે ભાણાં નાખો એટલી વાર છે. હવે આમાં જો અરધોએક શેર જેટલો ઘઉંનો થૂલી જેવો લોટ નાખ્યો હોય તો પછી આ કોદાળી અમૃત જેવી લાગે હોં!"

"લોટ તો કયાંક ઉપર ડબ્બામાં પડયો હશે. લો, જોઉં." ડોશી ઉપર જઈને લોટ લઈ આવી. સિપાહીએ લોટ નાખીને થોડીવાર પછી તપેલી નીચે ઉતારી ને અંદરથી કોદાળી કાઢીને લૂછીને એક કોર મૂકી દીધી, ને ડોશીને કહ્યું, "લો, હવે, જુઓ કોદાળીની કરામત."

ડોશીએ આ નવી વાની ખાધી ને તે તો ખુશ થઈ ગઈ. સિપાહીએ કહ્યું," ડોશીમા, ઘરમાં કંઈ ન હોય તો કોદાળીય રાંધીને ખવાય. હવે ભૂખ્યાં ન રહેતાં."

ડોશીમાં કોદાળીની કરામત સમજી ગયાં.



૮

# દાદા નિશાળે ગયા!

## (રશિયા)

એક હતો ડોસો. તેને ચાર દીકરા હતા. ડોસાની અવસ્થા પાકી થઈ એટલે તેને થયું કે માલ-મિલકત છોકરાઓને વહેંચી દઈએ, ને હવે રહ્યાસહ્યા દિવસો વારાફરતી છોકરાઓ સાથે ગાળીએ .

એમ વિચારી ડોસો સૌથી મોટા દીકરા ભેગો રહેવા ગયો. શરૂ-શરૂમાં તો મોટા દીકરાએ બાપાને સારી પેઠે સાચવ્યા. "આપણો બાપ છે, તેને તો સારી રીતે ખાવાપીવાનું, પહેરવા-ઓઢવાનું આપવું જ જોઈએ ને!" થોડાક દિવસ આમ ચાલ્યું. દીકરો બાપાની આમન્યા રાખતો હતો, પણ વખત જતાં મોટા દીકરાને બાપ પર અભાવો થવા લાગ્યો. ને કંઈક ને કંઈક બહાને તે બાપ પર ચિડાવા લાગ્યો ને અવારનવાર તે મોટેથી બૂમો પાડીને ધમકાવવા લાગ્યો.

ડોસાને લાગવા માંડ્યું કે ઘરમાં હવે તે પરાયા જેવો થઈ પડયો છે. તેનાં ફાટેલાં લૂગડાંને પણ હવે કોઈ થીંગડું કે ટેભા મારી દેતું નથી; તેને કોઈ ભાણે બેસારીને જમવા આપતું નથી. મોટા દીકરાને થવા માંડ્યું કે આ ડોસો મારે માથે પડયો છે. બાપના મોઢામાં અનાજનો એક કોળિયો જાય તે જોઈને તેનો જીવ કપાવા લાગ્યો.

બાપ હવે શું કરે? તે મોટાના ઘેરથી નીકળીને બીજા છોકરાને ત્યાં ગયો પણ તેણે જોઈ લીધું કે આ તો ઓલામાંથી ચૂલામાં પડવા જેવું જ થયું છે. તે ખાવા બેસતો ત્યારે તેનો દીકરો ને દીકરાની વહુ આંખો કાતરતાં ને દાઢમાંથી કંઈક એવું બોલતાં કે ડોસાનું ખાધેલું બળી જાય. વહુ તો તેના ધણીને ડોસાના દેખતાં સંભળાવતી, "આ આપણે માંડ આપણો વહેવાર ચલાવીએ છીએ, ત્યાં આ બલા ગળે વળગી." ડોસો અહીંથી પણ ધરાઈ ગયો ને ત્રીજા છોકરાને ત્યાં ગયો. ત્રીજો આગલા બેયનું માથું ભાંગે તેવો હતો. તેને ત્યાં તો ડોસો થોડા જ વખતમાં ગળે આવી ગયો, ને છેવટે ચોથા છોકરાને ત્યાં રહેવા ગયો.

ચોથો છોકરો તો આગલા ત્રણેયને સારા કહેતરાવે એવો નીકળ્યો. હવે ડોસો મૂંઝાયો. એક છોકરાને ઘેરથી બીજા છોકરાને ત્યાં આંટા મારવા માંડયો પણ દરેક છોકરાએ તેને બીજાને ઘેર ધકેલવા માંડયો. ચારેય છોકરાઓ અંદરોઅંદર એકબીજાને પોતાની મુશ્કેલીઓ બતાવવા લાગ્યા. એક કહે, "મારું ઘર સાવ નાનું છે." બીજો કહે, "મને વાંધો નથી પણ મારી ઘરવાળી ના પાડે છે." ત્રીજો કહે, "મારે ત્યાં છોકરાં ઘણાં છે." ચોથો કહે, "મારે મારાં છોકરાંનુંય માંડ પૂરું થાય છે." બધાએ ડોસાને કહ્યું, "હવે તમને ફાવે ત્યાં જાઓ: અહીં અમારે આંગણે ન આવતા."


ડોસો બધા છોકરાઓની પાસે રોઈ પડયો. ડોસાને કોઈ ઉપાય સૂઝતો નહોતો. એટલે તેણે તો નક્કી કર્યું કે હવે છોકરાઓને મારું જે કરવું હોય તે કરે.

એટલે ચારેય છોકરાઓ ડોસાનું શું કરવું તે નક્કી કરવા ભેગા થયા. આખરે બધાએ ખૂબખૂબ વિચાર કરીને એમ ઠરાવ્યું કે દાદાને નિશાળે ભણવા મોકલવા. ત્યાં તે નિશાળે બાંકડાં પર બેસી રહેશે ને અહીંથી થોડું ભાતું આપશું તે ખાધા કરશે .

છોકરાઓએ બાપાને આ નિર્ણય જણાવ્યો. ડોસો કહે , "દીકરાઓ, તમે કંઈ વિચાર કરો છો કે નહિ? આ ઉંમરે હવે મને ભણવા જવાનું કહોછો? મને આંખે પૂરું સૂઝતું નથી, ત્યાં હું ચોપડીમાંથી, ઝીણાઝીણા અક્ષરો કયાંથી વાંચી શકું? વળી આખી જિંદગીમાં એક અક્ષર પણ ભણ્યો નથી, તે આ ઉંમરે હવે મને ભણતર ચડે ખરું?"

છોકરાઓએ કહ્યું, "એ અમે કાંઈ ન જાણીએ. અમે નક્કી કર્યું છે કે તમારે નિશાળે ભણવા જવું. પડખેના શહેરમાં નિશાળ છે, ત્યાં ઊપડો. અમે ભાતું આપીએ છીએ તે સાથે લેતા જાઓ."

ડોસો તો બિચારો લાચાર થઈને છોકરાઓના કહેવા પ્રમાણે



નિશાળે જવા નીકળ્યો. શહેર તરફ જતી સડક ઉપર ચાલ્યો જતો હતો, ત્યાં સામેથી એક મોટા અમીરની ઘોડાગાડી આવતી જોઈને તે સડકની કોરે ખસીને ઊભો રહ્યો. પેલી ઘોડાગાડી ઊભી રહી ને અંદર બેઠેલા અમીરે ડોસાને પૂછ્યું, "દાદા, આમ કઈ બાજુ જાઓ છો?"

"નિશાળે ભણવા જાઉં છું."

અમીરને થયું કે ડોસો મારી મશ્કરી કરે છે. પણ ડોસાએ રોતાંરોતાં કહ્યું, "શું કરું, બાપુ? છોકરાઓએ મળીને મને નિશાળે ભણવા જવાનું કહ્યું. હું કોઈને ઘેર પોસાતો નથી. બધા મને હડધૂત કરે છે."

અમીરે કહ્યું, "દાદા, તમે મૂંઝાઓ મા. તમારે નિશાળે જવાની જરૂર નથી. તમને હું મદદ કરીશ, હું કહું એમ કરજો." એમ કહીને અમીરે પોતાની કેડેથી રેશમી લૂગડાની એક કોથળી કાઢી ને તેમાં કંઈક ભર્યું. આખી કોથળી ભરાઈ ગઈ એટલે તેનું મોઢું દોરીથી બાંધી, ને એ કોથળી એક મોટી વજનદાર લાકડાની પેટીમાં મૂકીને પેટી બરાબર બંધ કરી દીધી. આ પેટી ડોસાને આપતાંઆપતાં અમીરે કહ્યું, "આ લો પેટી, ને તમારા છોકરાઓને હું કહું તેમ કહેજો." પછી અમીરે છોકરાઓને શું કહેવું એ વિશે વીગતવાર સૂચના આપી.

ડોસો અમીરનો આભાર માનતો માનતો પેટી લઈને પાછો ઘર તરફ વળ્યો. ત્યાં છોકરાઓએ તેને મોટી પેટી લઈને આવતો જોયો. તે છોકરાઓ પાસે પહોંચ્યો. આવી મોટી પેટી હોય એટલે એમાં કંઈ માલ હોય એ તો નકકી. છોકરાઓ ને તેમની વહુવારુઓ ડોસાને ઘેર લાવ્યાં ને ડોસાનો ખજાનો જોવા માટે આતુર થઈ ગયાં. ડોસાને પોતપોતાને ઘેર લઈ જવા માટે ખેંચાખેંચી થવા માંડી, "બાપા, ઘેર હાલો. તમે થાકયાપાકયા હશો. ખાઈ-પીને જરા આરામ કરો."

ડોસાએ ચારે છોકરાઓને માંડીને વાત કરી, "દીકરાઓ, ઘણા વરસો પહેલાં હું જુવાન હતો ત્યારે બે પૈસા રળેલો. મને થયું કે ઘડપણમાં કામ આવે એટલે આ પૈસા કયાંક સાચવીને મૂકી રાખું. કયારે કેવો વખત આવશે, તે કંઈ કહેવાય છે? એટલે મેં આ મૂડી એક પેટીમાં ભરીને જંગલમાં એક ઝાડની નીચે ખાડો ગાળીને પેટી દાટી દીધી. પછી તો એ પેટીની કોઈ જાતની ફિકર મેં કરી જ નહીં. કારણ કે, મારે આવા સારા

દીકરાઓ હોય પછી મારે શી ચિંતા હોય? પણ તમે બધાએ ભેગા મળીને મને નિશાળે ભણવા મોકલ્યો , ત્યારે રસ્તે ચાલતાં-ચાલતાં આ પેટી મને યાદ આવી. મને થયું કે પેટી સાદ પાડીને બોલાવે છે. હું ઝાડ નીચે ગયો, ને ખોદીને જોયું તો ત્યાં પેટી પડી હતી એ લઈને હું પાછો ફર્યો. હવે મરીશ ત્યાંસુધી મારી પાસે આ પેટી રાખીશ. જે છોકરો જીવતાં પાળશે ને મૂવા પછી મારું વિધિસર શ્રાદ્ધ કરશે તેને મારા મર્યા પછી આ પેટી આપવાનું કહેતો જઈશ. બોલો, હવે કોને ત્યાં મારું રહેવાનું રાખું?"

ત્યાં તો છોકરાઓમાં બાપાને પોતપોતાને ઘેર રાખવા માટે પડાપડી થવા માંડી. અને ડોસાને હવે તો વારાફરતી બધા તાણ કરીને ઘેર લઈ જતા ને ખૂબ આસનાવાસના કરતા. ડોસાને સારુંસારું ખાવાનું આપવા માંડયા ને તેના શરીર પર હવે ફાટલું કપડું દેખાતું નથી.

આમ ને આમ ડોસાનાં પાછલાં વરસો સુખચેનમાં જવા લાગ્યાં; ને વખત જતાં ડોસાનો દેહ પડી ગયો.


તરત જ છોકરાઓમાં પેલી પેટી હાથ કરવા માટેની પડાપડી શરૂ થઈ ગઈ. દરેક છોકરાએ દાવો કર્યો કે મેં ડોસાને જેવા સાચવ્યા છે એવા કોઈએ નથી સાચવ્યા અને એટલે આ મિલ્કત માંથી મોટો ભાગ મને મળવો જોઈએ. આખરે ચારેય જણાએ ગામના ડાહ્યા માણસોને ન્યાય કરવા બોલાવ્યા. ગામના લોકોએ કહ્યું કે બધા ભાઈઓએ ડોસાને સરખા જ સાચવ્યા છે એટલે મિલકતના ભાગ સરખા જ પાડવા જોઈએ.

છોકરાઓએ બાપનું બારમું ધામધૂમથી ઊજવ્યું. મંદિરમાં ધર્માદો પણ સારી રીતે કર્યો.

આ બધી ધમાલ પતી ને જરાક નિરાંત મળી, એટલે બધાએ ભેગા મળીને હવે પેલી પેટીમાંના ખજાનાની વહેંચણી માટેના વિધિની તૈયારી કરી. પેટી ખોલી એટલે અંદરથી ઊંચા પ્રકારના રેશમની કોથળી નીકળી. થેલી ખખડાવી તો અંદરથી કાનને મધુર લાગે તેવો રણકાર સંભળાયો. કોથળી પર બાંધેલી દોરી છોડી અને કોથળી થાળમાં ઊંધી કરી ઠાલવી. થાળમાં જોયું તો બધાની આંખે ઘડીક ચક્કર આવી ગયાં. થાળીમાં કાચના કટકા ચળકતા હતા!

દીકરાઓએ જોયું કે આ તો આપણે ઉલ્લુ બન્યા, એટલે બધા એકબીજા પર ખિજાવા લાગ્યા ને ભાંડવા લાગ્યા. પણ ત્યાં એકઠા થયેલા ગામના લોકો તો ખડખડાટ હસી પડયા.

"લો, જુઓ! દીકરાઓએ ઘરડે ઘડપણ બાપને નિશાળે ભણવા મોકલ્યા હતા. ડોસાને બિચારાને ઘરડે ઘડપણે ભણતાં વાર તો લાગે, પણ ડોસો જે ભણ્યો તે ખરેખરું ભણ્યો હોં!"



# ૯

# સર્પ અને સ્વપ્ન

## (રશિયા)

એક દેશમાં એક રાજા હતો.

તે રાજાને એકવાર વિચિત્ર સ્વપ્ન આવ્યું. તેણે સ્વપ્નમાં પોતાના શયનખંડમાં ઊંચે છાપરેથી પૂંછડીએ ઊંધે લટકતું શિયાળ જોયું. તે જાગ્યો ત્યારે તેને રાતનું સ્વપ્ન બરાબર યાદ હતું, અને તે તેના મનમાં એવું પેસી ગયું હતું કે તે નીકળે એમ નહોતું. તેણે પોતાના પ્રધાનો ને પંડિતોને બોલાવ્યા અને તેમને પૂછ્યું કે છાપરેથી ઊંધે માથે પૂંછડીએ ટીંગાતા શિયાળનું સ્વપ્ન આવ્યું. તેનો અર્થ શો ?

બધા પંડિતો માથું ખંજવાળવા લાગ્યા. આ સ્વપ્નનો અર્થ કોઈ ન આપી શક્યું. પણ રાજાના મન પર તો આ સ્વપ્ન સવાર થઈ ગયું હતું. આખો વખત તેની આંખ આગળ પેલું લટકતું શિયાળ દેખાયા કરતું હતું. તેણે નક્કી કર્યું કે આખા રાજ્યમાં ઢંઢેરો પીટાવીને રાજધાનીમાં એક મોટી પરિષદ બોલાવવી. એ પ્રમાણે તેણે ફરમાન કાઢ્યું, ને તે પરિષદમાં એકેએક માણસે હાજર રહેવું તેવો હુકમ કર્યો. રાજાને હતું કે આખા રાજ્યમાંથી એકાદ જણ તો એવો મળી આવશે કે જેની પાસેથી આ ભેદી સ્વપ્નનો ખુલાસો મળશે.

લોકો તો ઢંઢેરો સાંભળીને રાજધાનીમાં ભેગા થવા લાગ્યા. આ બધામાં એક ઈવાન નામનો ગરીબ ખેડૂત પણ હતો. તે પોતાને ગામથી ચાલતોચાલતો રાજધાની તરફ જતો હતો, ત્યાં એક ડુંગરાળ પ્રદેશમાં સાંકડી ગાળી આવી. આ ગાળીમાં તેણે વચ્ચોવચ્ચ એક સાપને જોયો.

ઈવાન થંભ્યો. ત્યાં તો સાપે કહ્યું, "રામ, રામ. કઈ બાજુ ઊપડ્યા ?"

ઈવાને તેને ઢંઢેરાની વાત કરી ને કહ્યું, "હું તો સાવ અમસ્તો નકામો જાઉં છું. આપણને શી ખબર પડે કે રાજાના આ સ્વપ્નનો અર્થ શો ?"

સાપે કહ્યું, "આ સ્વપ્નનો અર્થ જે કરી બતાવે તેને રાજા મોટું ઈનામ આપવાનો. તું મને એવું વચન આપ કે તને જે ઈનામ મળે તેમાં મારો ભાગ, તો હું એનો ભેદ ઉકેલી દઉં."

ઈવાન તો રાજી થઈ ગયો, "હા, હાં. એ તો નક્કી જ. તું જો સાચો ખુલાસો આપે તો જે ઈનામ મળે તેમાં તારો અરધોઅરધ ભાગ, બસ! વધારામાં હું તારો ઉપકાર પણ કદી નહીં ભૂલું."

"ત્યારે, જો એ સ્વપ્નનો અર્થ તને કહું." સર્પે કહ્યું," છાપરે લટકતા શિયાળનું સ્વપ્ન આવ્યું તેનો અર્થ એ કે રાજાની સામે રાજ્યમાં કોઈક કાવતરું તૈયાર થઈ રહ્યું છે."

ખેડૂત તો સાપનો આભાર માનીને રાજધાનીમાં ગયો. રાજાએ બોલાવેલી પરિષદમાં એક પછી એક બધાના વારા આવવા લાગ્યા. આખરે પેલા ખેડૂતનો વારો આવ્યો. તેણે સાપે કહેલ ખુલાસો ત્યાં કહી બતાવ્યો. રાજા આ ખુલાસાથી એટલો બધો ખુશ થઈ ગયો કે તેણે ખેડૂતને મોટી રકમ તથા કીમતી ભેટો આપી પણ જ્યારે ઈવાન આ બધું લઈને ઘેર જવા નીકળ્યો ત્યારે તેને મનમાં થયું કે આમાં પેલા સર્પનો શું કામ ભાગ પાડવો ? એટલે તે સર્પવાળો રસ્તો તારવીને બીજે રસ્તેથી ઘેર પહોંચી ગયો.

આ પછી રાજાને બીજું સ્વપ્ન આવ્યું. આ સ્વપ્નમાં તેણે છાપરેથી એક લટકતી ખુલ્લી તરવાર જોઈ. રાજાએ તો પેલા ઈવાનને જ બોલાવવા મોકલ્યો, કારણ કે તે સ્વપ્નના અર્થ કરવામાં સાચો હતો. પણ ઈવાનભાઈ હવે ગભરાયા. કારણ કે તેને ખબર હતી કે આ બધી વિદ્યા તો પેલા સર્પની હતી, પોતાની નહીં. પણ રાજાએ બોલાવ્યો, એટલે ગયા સિવાય છૂટકો નહોતો. એટલે તે પહેલાં સર્પને મળ્યો હતો, તે રસ્તે ફરીથી નીકળ્યો. ત્યાં એને સર્પ દેખાયો નહીં, એટલે તેણે બૂમ પાડી, "એ, નાગબાપા, જરા બહાર આવજો. મારે થોડી વાત કરવી છે." તેણે ખૂબ બૂમો પાડી, ત્યારે પેલો સર્પ દેખાયો.



"તારે શું મુશ્કેલી છે? અને મારું શું કામ છે?" સર્પે પૂછ્યું.

"રાજાને એક બીજું સ્વપ્નું આવ્યું છે, ને મને બોલાવ્યો છે. મારે એનો શો ખુલાસો કરવો?" ખેડૂતે કહ્યું.

"જો ઈનામમાં મારો અરધો ભાગ આપ તો તેનો ખુલાસો તને કહું," સાપે કહ્યું.

"હું વચન આપું છું કે તને ઈનામનો અરધોઅરધ ભાગ આપીશ." ખેડૂતે કહ્યું.

સર્પે કહ્યું, "રાજાને કહેજે કે લટકતી તલવારનું સ્વપ્ન આવ્યું છે, એનો અર્થ એ છે કે તમારે માથે યુદ્ધનો ભય તોળાય છે, અને દુશ્મનો રાજ્યની અંદર ને બહાર તમને ઉથલાવી નાખવાનું કાવતરું ગોઠવી રહ્યા છે. ખૂનામરકી થવાની એટલે રાજાએ સ્વદેશનું રક્ષણ કરવાની તૈયારી કરવી જોઈએ."

ઈવાને સર્પનો ફરી આભાર માન્યો, ને તે રાજધાનીમાં ગયો. રાજાએ જ્યારે સ્વપ્નાનો ખુલાસો પૂછ્યો ત્યારે તેણે સર્પે જે કહ્યું હતું તે બધું કહી સંભળાવ્યું. રાજાએ ફરી તેને ઊંચા પ્રકારની ભેટ-સોગાદો આપી રાજી કર્યો.

પણ ઈવાનને ત્યાંથી પાછા ફરતાં મનમાં વળી થયું કે પેલો સર્પ પાછો ભાગ માગશે. તેને આ વખતે તો મનમાં ચીડ ચડી. જે જગ્યાએ સર્પ તેની વાટ જોતો હતો ત્યાં તે આવ્યો. સર્પે તેને જોયો કે તરત જ કહ્યું, "હવે લાવ મારો ઈનામનો અરધો ભાગ."

"હા, તને અરધો ભાગ આપું એવો હું કાલો નથી. તને તો આ આપું છું, લેતો જા." કહીને ખેડૂતે પોતાની કેડથી છરો કાઢ્યો ને સર્પ પર હુમલો કર્યો. પણ સર્પ તો ઝડપથી સરકીને દરમાં ભરાઈ ગયો. પણ પેલો ઈવાન તે દરમાં પેસતા સર્પની પૂંછડી કાપ્યા વગર ન રહ્યો. ત્યાંથી તે સીધો ઘેર ગયો, ને પોતાને મળેલા ઈનામની મોજ માણવામાં આ બધી વાત ભૂલી ગયો.

આમ ઘણો વખત ચાલ્યો ગયો. રાજ્યમાં, સ્વપ્નમાં

આગાહી થઈ હતી તે મુજબ, ખૂનખાર લડાઈ થઈ; પણ લડાઈમાં રાજાનું લશ્કર વિજયી થયું.

આ પછી રાજાને વળી એક સ્વપ્ન આવ્યું. આ વખતે તેને સ્વપ્નમાં ઓરડામાં છત પર એક ઘેટું લટકતું દેખાયું. ફરી ઈવાનને બોલાવવામાં આવ્યો. આ વખતે ઈવાન ખરેખર મૂંઝાયો અને તેના મનમાં બીક પેસી ગઈ. "હવે મારે સર્પ પાસે કઈ રીતે મદદ માગવા જવું? એક વાર મેં તેને છેવર્યો, ને બીજી વાર તેને મારી છરીથી ઘાયલ કર્યો."

પણ તેને માટે બીજો કોઈ માર્ગ નહોતો. તે એ જ રસ્તે ગયો અને પેલી ગાળી પાસે આવ્યો અને સાપને સાદ પાડવા લાગ્યો. ઘણી વારે સર્પ બહાર આવ્યો. ઈવાને ફરી તેની પાસે પોતાની મૂંઝવણ આજીજીપૂર્વક મૂકી. સાપે તો પહેલાંની જ માફક તેને કહ્યું, "તને જે ઈનામ મળે, તેમાંથી અરધો ભાગ મને આપવાનું વચન આપે તો તને એ સ્વપ્નનો ખુલાસો કહું."

"આ વખતે જરૂર અરધો ભાગ આપીશ." ઈવાને કહ્યું.

"ત્યારે એ સ્વપ્નનો તને અર્થ કહું: સ્વપ્નમાં દેખાયેલ છત પરથી લટકતા ઘેટાનો અર્થ એ છે કે રાજ્યમાં હવે બધે શાંતિ છે, ને લોકો સંતોષથી રહે છે." સર્પે કહ્યું.

ઈવાન રાજાના મહેલમાં ગયો અને રાજાને સ્વપ્નનો અર્થ કહ્યો. રાજા આ ખુલાસાથી એટલો બધો ખુશ થયો કે દર વખત કરતાં આ વખતે ઈવાનને ઘણી મોટી રકમ તથા ભેટો આપી.


આ વખતે ઈવાન પેલો સર્પ રહેતો હતો તે જગ્યાએ જ સીધો ગયો, અને સર્પને ત્યાં વાટ જોઈને બેઠેલો જોયો. ઈવાને પોતાની ભેટો ને પૈસા અરધોઅરધ સર્પને આપ્યાં, અને કહ્યું, "તેં મારા તરફ કેટલી બધી ઉદારતા અને ધીરજ રાખી! મેં તને ગાળો દીધી ને મારવાનું કર્યું તે છતાં તે મને બધી વાર મદદ કરી. હવે હું ઘેર જઈને બાકીની મને મળેલી રકમમાંથી પણ અરધોઅરધ મોકલી આપીશ. મેં તારો દ્રોહ કર્યો, તે માટે ક્ષમા માગું છું."

સર્પે ઈવાનની વાત સાંભળીને જવાબ આપ્યો, "જે થઈ ગયું તે વિશે તું બહુ માઠું ન લગાડતો. એમ થયું તેમાં તારો વાંક ન હતો. તને યાદ હોય તો પહેલી વાર રાજાને સ્વપ્નામાં શિયાળ દેખાયું હતું, અને તે વખતે આખા રાજ્યમાં લુચ્ચાઈ, દગાખોરી અને વિશ્વાસઘાતનું વાતાવરણ હતું. તું પણ તેમાંનો જ એક બની ગયો હતો. એટલે જ તું તે વખતે પાછા ફરતાં મારા રહેઠાણનો માર્ગ તારવીને ઘર ભેગો થઈ ગયો હતો.

"બીજી વખતે રાજાને સ્વપ્નમાં લટકતી તલવાર દેખાઈ હતી. તે કાળ લડાઈનો, મારામારી ને તકરારનો હતો. વાતાવરણમાં ક્રૂરતા વ્યાપેલી હતી. તું પણ તે વાતાવરણમાં ઘેરાયેલો હતો, અને એટલે જ મારી પૂંછડી કાપ્યા વગર તું રહી શક્યો નહીં.

"પણ હવે આ ત્રીજા સ્વપ્નમાં રાજાને ઘેટું દેખાયું છે, અને આપણા સૌના મનમાં ને વાતાવરણમાં શાંતિ છે. બધેય ઉદારતા ને ન્યાય દેખાય છે. તારા પર પણ તેનો પ્રભાવ છે, અને એટલે તું તારી બધી ભેટસોગાદો ને ઈનામની રકમ મને અરધોઅરધ વહેંચી આપવા રાજી થઈ ગયો છે. ભાઈ! જા આવી જ શાંતિ તારા હૈયામાં કાયમ રહે. મારે તારી મિલકતની કાંઈ જરૂર નથી."

સર્પ આટલું બોલીને દરમાં ચાલ્યો ગયો ને અદશ્ય થઈ ગયો.



૧૦

# કોયોટ કાકા ને કૂતરાઓ

## (મેકસીકો)

(હિંદુસ્તાનમાં જેમ પ્રાણીઓમાં લુચ્ચું શિયાળ ગણાય છે, તેમ દક્ષિણ અને મધ્ય અમેરિકામાં કોયોટ-જે શિયાળ જેવું ને જેવડું હોય છે- લુચ્ચું પ્રાણી ગણાય છે.)

કોયોટ કાકાની આ વાત છે. કોયોટ કાકા ભલભલાને બનાવી જાય એવા, ને કોઈની ઝપટમાં તો આવે જ નહીં; પણ તેય એકવાર આવી રીતે ઝપટમાં આવી ગયા :


એકવાર કોયોટ કાકા ડુંગરાની એક ગાળીમાં આંટા મારતા હતા, ત્યાં ઓચિંતા એક ભેખડ પાછળથી બે મોટા ડાઘિયા કૂતરા મોટી ફલંગ ભરીને તેને પકડવા કૂદ્યા. આ કૂતરા તો કેટલાય વખતથી વાટ જોતા લપાઈને બેઠા હતા, પણ કોયોટ - કાકાને ખ્યાલ નહોતો રહ્યો. તેઓ તો બે પગ વચ્ચે પૂંછડી ઘાલીને જીવ લઈને ભાગ્યા. દોડતાંદોડતાં પાછળ ધૂળ એટલી ઉડાડતા જાય કે કંઈ દેખાય નહીં. વળી કૂતરાના ભસવાનો અવાજ પણ સંભળાતો બંધ થયો એટલે ધાર્યું કે હવે કૂતરા કયાંય પાછળ રહી ગયા છે, ને આપણે બચી ગયા એટલે પછી ઘડીક શ્વાસ ખાવા થંભ્યા, ને ચારે બાજુ નજર ફેરવી ને હવે કઈ દિશામાં જવું , તે નક્કી કરવા લાગ્યા.

પણ તે આ ગડમથલમાં હતા, તે દરમ્યાનમાં તો કોણ જાણે કયાંથી બીજા બે એવા જ ડાઘિયા કૂતરા સામે ટપકી પડયા. કોયોટ કાકાને હવે બીજું કંઈ વિચારવાનું હતું જ નહીં, એટલે તેમણે આવ્યા હતા તે જ દિશામાં પાછું ભાગવા માંડયું, પણ ત્યાં તો થોડેક જ છેટે પેલા જૂના ભાઈબંધ કૂતરાઓ વાટ જોઈને જ ઊભા હતા. ચારેય કૂતરાઓએ સંપીને આમ મોરચો ગોઠવ્યો હતો. કોયોટ કાકા વળી ભાગ્યા. ચારેય કૂતરાઓએ કાકાને થકવીને પછી સકંજામાં લેવાની યોજના કરી હતી. અને હવે કોયોટ કાકા ખરેખર મૂંઝાયા. જીવ ચપટીમાં આવી ગયો. અનેક-ને સપડાવનાર આજે સપડાયા.

એકાએક તેની નજર ડુંગર પર પડી. ડુંગરની ધાર પર કંઈક કાળું દેખાતું હતું. એ નાનકડી બખોલ હોય એમ લાગ્યું. તેણે એકદમ દિશા બદલીને તે ડુંગર તરફ દોટ મૂકી. હવે પેલા ચારેય કૂતરાઓ સાથે થઈ ગયા ને તે કોયોટની પાછળ પડયા ને જોતજોતામાં સાવ નજીક આવી ગયા. તે એટલા બધા નજીક કે કોયોટને કાને એ કૂતરાઓની અંદરોઅંદરની વાત - ચીત પણ સંભળાવા લાગી. કૂતરાઓ અંદરોઅંદર ચર્ચા કરતા હતા કે પહેલાં કોણે આ કાકાને પકડવો. પેલી બખોલ જેમજેમ પાસે આવતી ગઈ તેમતેમ કોયોટના આખા શરીરમાં બીકની ધ્રુજારી પેસી ગઈ. તેને થયું કે આ બખોલમાં જો મારી પાછળ આ કૂતરાઓ પણ પેઠા તો મારું મોત નકકી જ થઈ ચૂકયું પણ હવે વિચાર કરવાનો વખત નહોતો. કૂતરાઓ એટલા બધા પાસે હતા કે કોકકોક તો તેની પૂંછડીમાંના વાળ પણ ખેંચી કાઢતા હતા , એટલે એણે તો બખોલમાં ઝંપલાવ્યું.

પણ કોયોટ કાકા ભાગ્યશાળી તો ખરા. બખોલ સદ્ભાગ્યે નાની નીકળી. કોયોટ કાકા તો માંડમાંડ અંદર ઘૂસી શકયા, પણ પેલા ડાઘિયા કૂતરાઓ અંદર સમાઈ શકે તેમ નહોતું, એટલે તેઓ બહાર ઊભાઊભા કોયોટ કાકાને ભાંડવા લાગ્યા. તે છટકી ગયા તેનો શોક કરવા લાગ્યા ; થોડીક વારે બખોલના મોઢાને ખોતરવાનું પણ કર્યું. પણ આખરે તેમનો અવાજ સંભળાતો બંધ થયો.

હવે કોયોટ કાકાને જરા ધરપત થઈ. તેમનો શ્વાસ હેઠો બેઠો ને પોતે પૂરા સલામત છે તેની ખાતરી થઈ. ફરી તેમની અંદર પડેલી બહાદુરી બહાર આવવા માંડી. કૂતરાઓને કેવા મહાત કર્યા તેનો વિચાર આવતાં છાતી ફૂલાવા માંડી. દોડી - દોડીને થાકી ગયેલાં અંગોને જરાક કળ વળી, એટલે થયું કે આજના પરાક્રમની વાત કોઈની પાસે કરવી તો જોઈએ જ. પણ અહીં કોની સાથે વાત કરવી ? એટલે તેણે પોતાના જ શરીરના જુદાજુદા અવયવો સાથે વાર્તાલાપ શરૂ કર્યો. શરીરના



કયા ભાગોએ તેને પોતાના આજના પરાક્રમમાં વધુમાં વધુ મદદ કરી છે, તે વિશે તેણે બધાનો ખુલાસો લેવા માંડયો.

"એય ટાંટિયા," પોતાના ચારે પગને ઉદ્દેશીને તેણે પૂછ્યું, "આજના મારા પરાક્રમમાં તમારો શું ફાળો હતો?"

"કેમ કાકા!" પગોએ નમ્રભાવે જવાબ આપ્યો, "અમે તો તમને અહીં સુધી ઉપાડી લાવ્યા, અમે પાછળ ધૂળ પણ ઉડાડતા હતા, એટલે કૂતરાઓ તમને જોઈ પણ ન શક્યા. અમે ખાડા, ટેકરા, ઝાંખરા બધુંય ટપી ગયા એ તમે જાણો છો."

"શાબાશ, શાબાશ, તમારું કામ ખરેખર સારું હતું." કોયોટ કાકાએ પગોને શાબાશી આપ્યા પછી બંને કાનને પૂછ્યું. "તમે શું કામ કર્યું?"

"કોયોટ કાકા, અમે તો બધી બાજુ ધ્યાન રાખતા હતા. કૂતરા કેટલા પાછળ છે તે અવાજ પરથી જ અમે પકડી પાડીને પગને ખબર આપતા હતા, એટલે તો પગને કેટલું દોડવું તેની ખબર પડતી."

"વાહ, ભાઈ! વાહ. તમે ઘણું સારું કામ કર્યું. અને હવે આંખ, તમારું શું છે?"

બંને આંખોએ નમ્રતાપૂર્વક નીચા ઢળીને કહ્યું, "કાકા, અમે તો આ જાળાં-ઝાંખરાં ને પથરાઓ વચ્ચેથી રસ્તો શોધી કાઢ્યો, ને આવી મજાની બખોલ, અમે ન હોત તો તમને જડત ખરી કે?"

કોયોટ કાકા આંખો પર ખુશ થઈ ગયા. "તમે તો કમાલ કરી કહેવાય." હું જેવો પરાક્રમી, તેવા જ મારા આ બધા સાથીઓ પરાક્રમી છે" એમ કહીને પોતાને શાબાશી આપવા, પીઠ થાબડવા માટે જરા પાછળ મોઢું ફેરવ્યું, ત્યાં તેની નજર પૂંછડી પર પડી.

"આહા! પૂંછડીબાઈ! તમને તો હું ભૂલી જ ગયેલો. બોલો, આ કૂતરા સામેના જંગમાં તમે શું ફાળો આપ્યો છે?"

પૂંછડીને કોયોટ કાકાની ફાંકા મારવાની વાત કંઈ ન ગમી હોય તેમ લાગ્યું. એટલે તે તો સાવ મૂંગી જ રહી.

"હં, કેમ બોલતી નથી? શેની બોલે? તેં શી ધાડ મારી છે તે બોલી શકે? ઊલટી તું તો મને ભારરૂપ જ હતી. કૂતરાને તેં તારો છેડો પણ પકડવા દીધો હતો. એ તો મેં જો આ બધાની મદદથી ખરું જોર ન કર્યું હોત તો તેં મને પકડાવી દીધો જ હોત. બોલ, છે તારે હવે કંઈ કહેવાનું?" કોયોટ કાકાએ ગર્જના કરી.


"મેં શું કર્યું, કહું?" પૂંછડીએ કહેવા માંડયું, "મેં કૂતરાને તમારી પાછળ આવવા માટેની ને તમને પકડવાની નિશાની કરી. તમે આગળ દોડતા હતા, ત્યારે પાછળથી હું કૂતરાઓને બોલાવતી હતી. તમારા પગ ભલે ધૂળ ઉડાડતા હતા, પણ મારો ધોળો ગુચ્છો તો તોય કૂતરા જોઈ શકતા હતા."

કોયોટ કાકાનો મિજાજ એકદમ ગરમ થઈ ગયો. "બસ, ચૂપ કર, મારી સામું બોલે છે? તું કહેવા શું માગે છે?" અને તેણે પાછા ફરીને પગથી પૂંછડીને એક ધોલ મારીને મોઢેથી બટકું ભર્યું, અને તે પાછા ગર્જી ઊઠયા, "તારા જેવા દગાબાજનું આ મારા વફાદાર સાથીઓ સાથે કામ નથી." એમ કહીને કોયોટ કાકાએ જરા પાછા હઠીને પૂંછડીને બખોલની બહાર કાઢવા માંડી. "ભાગ અહીંથી, તારે માટે આ બખોલમાં જગ્યા

નથી. તું કૂતરાના પક્ષમાં છો. તેં એમને મદદ કરી. અને ઉપર જતાં પાછી તારા એ દગાખોર વર્તન માટે શેખી કરે છે? નીકળ બહાર."

કોયોટે એ બખોલમાં મોઢા સુધી પાછે પગે ફરીને ગુચ્છાદાર પૂંછડીને પગના પંજાથી બહારના અજવાળા તરફ નિશાની કરીને કહ્યું, "ભાગ, નીકળ બહાર."

અને કોયોટ કાકાએ પૂંછડીને બખોલની બહાર કાઢી. બહાર પેલા ચારે કૂતરાઓ કોયોટ કાકાનો અંદર ચાલી રહેલો વાર્તાલાપ મૂંગામૂંગા સાંભળતા હતા. કોયોટકાકાની પૂંછડી બહાર દેખાઈ કે તરત જ કૂતરાઓએ ઝપટ મારીને તેને પકડીને ખેંચી. પૂછડીની પાછળપાછળ કોયોટ કાકા પણ આખા ને આખા બહાર ખેંચાઈ આવ્યા. કૂતરાઓએ પછી શું કર્યું તે વળી જુદી વાર્તા છે.



## ૧૧

# મૌલવીનો ધર્મોપદેશ

## (તુર્કસ્તાન)

નાસરુદ્દીન હોજા એક મોટા મૌલવી હતા. તેમણે એકવાર મસ્જિદમાં એકઠા થયેલા ભાવિક શ્રોતાઓની સામે ઊંચી વ્યાસ-પીઠ પર ઊભા રહીને પૂછ્યું ; ઓ મારા બિરાદરો ! બોલો , સાચેસાચું બોલજો. હું આજે તમને જે વિશે ઉપદેશ કરવાનો છું તે વાત તમે જાણો છો કે નહીં ?"

શ્રોતામંડળમાંથી એકી સાથે અવાજ ઊઠયો, "ઓ, અમારા પૂજ્ય મૌલવી, અમે એ બાબતમાં કંઈ જાણતા નથી. અને અમે ક્ષુદ્ર માનવીઓ આમાં શું જાણી શકીએ ?"

અતિ ગંભીર અવાજે મૌલવી એ કહ્યું, "જે વિષય તમારા સૌને માટે સાવ અજાણ્યો છે તેના ઉપર હું પ્રવચન કરું તેનો શો અર્થ ?" એટલું બોલીને તે ધીમે પગલે વ્યાસપીઠ પરથી ઊતરીને મસ્જિદની બહાર ચાલ્યા ગયા. શ્રોતામંડળ બાઘામંડળ બની ગયું.

બીજે અઠવાડિયે વળી મૌલવી સાહેબ મસ્જિદમાં ધર્મો-પદેશ કરવા માટે આવ્યા. શ્રોતાઓ આતુરતાથી તેમના વચના-મૃતની રાહ જોતા હતા. આ વખતે તો મૌલવી સાહેબ શું કહેશે, તેની ઉત્સુકતા એટલી બધી હતી કે લોકો વહેલાં આવીને ગોઠ-વાઈ ગયાં હતાં , કારણ કે ગયે વખતે મૌલવી સાહેબે શ્રોતાઓ પર એવી ચમત્કારિક અસર ઊભી કરી હતી .

મૌલવી સાહેબ વ્યાસપીઠ પર ચઢયા. ચારે પાસ શ્રોતાઓ પર ગંભીરતાથી નજર નાખીને તેમણે શરૂ કર્યું, "મારા બિરાદરો ને ખુદાના બંદાઓ, તમને મારો આદેશ છે કે તમે સૌ સત્ય બોલજો. આજે હું જે ઉપદેશ કરવાનો છું તે વિશે તમે જાણો છો કે નહીં ?"


શ્રોતામંડળમાંથી એક સાથે અવાજ ઊઠયો , "મૌલવી સાહેબ, આપ જે વિશે ઉપદેશ આપવાના છો, તે વિશે અમે જાણીએ છીએ." જવાબ આગળથી જ નકકી કરી રાખેલો અને એકી સાથે અને એક જ પ્રકારનો આવો જવાબ શ્રોતાઓમાંથી ઊઠયો, એટલે મૌલવી સાહેબ ગંભીરતાથી બોલ્યા, "જો તમે સૌ કહો છો તે મુજબ તમે બધું જાણો છો તો પછી મારે ઉપદેશ આપવામાં ને તમારે એ ઉપદેશ સાંભળવામાં વખત શું કામ બગાડવો ?" એમ કહીને મૌલવી સાહેબ વ્યાસપીઠ પરથી નીચે ઊતરીને મસ્જિદની બહાર ચાલ્યા ગયા. શ્રોતાઓ પણ ધીમે-ધીમે એક પછી એક વિખરાઈ ગયા. મૌલવી સાહેબના આ નિર્ણય પર બધા અંદરોઅંદર ખૂબ ચર્ચા કરવા માંડયા. મૌલવી સાહેબની અમૃતવાણી સાંભળવા માટે આવનારા પણ ઘણા હતા. તેમને હવે સવાલ થયો કે જો આપણે એમ કહીએ કે મૌલવી સાહેબ જે વાત કહેવાના છે તે જાણીએ છીએ, તોય ઉપાધિ ને નથી જાણતા એમ કહીએ તોય ઉપાધિ.

તે પછીના જુમ્માને દિવસે વળી મસ્જિદમાં મૌલવી સાહેબને સાંભળવા માટે ભકતજનોનો સમૂહ એકઠો થયો. આજે તો એટલા બધા લોકો એકઠા થયા હતા કે મસ્જિદનો એક ખૂણો પણ ખાલી ન હતો; કારણ કે આજે તો હવે મૌલવી સાહેબ નકકી પોતાની અમૃતવાણીમાં ઉપદેશ કરવાના, તેની સૌને ખાતરી હતી.

મૌલવી સાહેબ તેમની રોજની છટાથી ઊંચે ચડીને શ્રોતા-ઓને ઉદ્દેશીને કહેવા લાગ્યા ; "હે મારા બિરાદરો ! અરે, મારા ખુદાપરસ્તો ! તમને મારો આદેશ છે કે તમે સાચેસાચું કહેજો. હું આજે જે વિષય પર ઉપદેશ કરવાનો છું, તે તમે જાણો છો કે નહીં ?"

તેનો જવાબ પણ શ્રોતાઓએ આગળથી જ તૈયાર કરી રાખ્યો હોય એમ લાગ્યું. શ્રોતામંડળમાંથી શ્રોતાઓમાંના અરધા લોકો ઊભા થઈ ગયા, ને તેમણે કહ્યું, "હા જી . અમે આપ શું કહેવાના છો તે જાણીએ છીએ."


એ પછી તો બધા બેસી ગયા ; ને બાકીના અરધા લોકો ઊભા થયા ને બોલ્યા, "મૌલવી સાહેબ, અમે સાવ અજ્ઞાન



લોકો છીએ. અમને આપ શું કહેશો તેની ક્યાંથી ખબર હોય?"

મૌલવી સાહેબ બોલ્યા, "તમે બધા તદ્દન સત્ય બોલ્યા. હવે એમ કરો કે જે અરધા લોકો જ્ઞાની છે, તેઓ બાકીના અરધા અજ્ઞાનીઓને એ જ્ઞાનની વાત કરી દેજો. મારે કંઈ કહેવાની જરૂર રહેતી નથી."

મૌલવી સાહેબ મસ્જિદમાંથી ધીમેધીમે બહાર ચાલ્યા ગયા.



## ૧૨

# ધ્રૂજતી સોય

## (ઈરાન)

ઈરાન દેશમાં ઈસ્પહાન નામનું મોટું શહેર છે. તે શહેરમાં નાસિરુદ્દીન નામના એક મુલ્લા રહેતા હતા. આખા શહેરમાં તેમના જેવો વિદ્વાન બીજો કોઈ નહોતો. દુનિયાની બધી વિદ્યાઓ તેઓ જાણે છે, એવી બધાની ને તેમની પોતાની પણ ખાતરી હતી.

એકવાર મુલ્લાજી શહેરની બજારમાં ફરવા નીકળ્યા હતા. રસ્તામાં જે મળે તે બધા તેમને સલામ ભરતા ને તે બધાની સલામ મલકાતા મલકાતા ઝીલતા જતા હતા. કાછિયા, કાપડિયા, ફેરિયા, નિશાળિયા, ઘરડા-બુઢ્ઢા બધાય તેમને આદરભાવે જુએ.

ચાલતાંચાલતાં મુલ્લાજીએ જોયું તો એક જગ્યાએ લોકોનું એક ટોળું જામેલું હતું. ટોળામાં ઊભેલા માણસો એકબીજાના માથામાં માથું ઘાલીને કંઈક જોઈ રહ્યા હતા. મુલ્લાજીને થયું કે નકકી કંઈક મુશ્કેલી છે. એટલે તેઓ તરત જ ત્યાં પહોંચ્યા. તેમને જોતાંવેંત બધા લોકો એકદમ તેમના તરફ આદરથી ફર્યા ને તેમને સલામ ભરીને તેમની આસપાસ વીંટળાઈ વળ્યા.

"કેમ, અહીં બધા શું મૂંઝવણમાં પડી ગયા છો?" મુલ્લાજીએ પૂછ્યું.

"બાપુ, મૂંઝવણ તો ભારે છે, અને તે તમારા સિવાય કોઈનાથી ઊકલે એમ નથી". એમ કહીને એક માણસે મુલ્લાના હાથમાં એક પિત્તળની ગોળ ડાબલી મૂકી. ડાબલી કંઈક ભેદી હતી. તેના ઉપર કાચ જડેલો હતો. ડાબલીની અંદર કંઈક વિચિત્ર લિપિમાં લખેલું હતું ને વચ્ચોવચ એક સોય જેવી સળી હતી. આ સોય ધ્રૂજ્યા જ કરતી હતી. એટલું જ નહીં પણ ડાબલીને ગમે તેમ હલાવો, ઊંધીચત્તી કરો તોપણ પેલી સોયની અણી એક જ દિશામાં આવીને ઊભી રહેતી હતી.

આ ડાબલી તરફ એકીટસે મુલ્લાં ઘણીવાર સુધી જોઈ રહ્યા; પછી પૂછ્યું, "આ ડાબલી કયાંથી આવી, ને કોણ લાવ્યું?"

"બાપુ, હું ઊંટ પર બેસીને રણને રસ્તે જતો હતો ત્યાં રેતીમાં કંઈક ચળકતું જોયું. નીચે ઊતરીને હાથમાં લીધું તો તે આ ચમત્કારિક ડાબલી હતી. મને થયું કે શહેરમાં જઈને કોઈને બતાવીશ તો તેનો ભેદ ઊકલશે."

મુલ્લાજી વળી ડાબલી તરફ તાકી રહ્યા.

"બાપુ, તમે તો દુનિયા આખીની બધી વિદ્યાઓ જાણો છો. આ શું છે તે અમને કહો." મુસ્તફા નામના એક ડાહ્યા માણસે કહ્યું.

મુલ્લાં પોતાની દાઢી પર હાથ ફેરવતા કેટલીય વાર એ ચીજ તરફ તાકતા રહ્યા. લોકો બધા એકીટસે મુલ્લાંજીના મુખમાંથી શું નીકળે છે તે સાંભળવા સ્તબ્ધ થઈને ઊભા હતા. પણ ત્યાં તો મુલ્લાંજીએ એકાએક રડવા માંડયું, ને તે પછી થોડી જ વારે હસવાનું શરૂ કર્યું. વળી પાછું રડવાનું ને પાછું હસવાનું ચાલુ થઈ ગયું. લોકો તો બાઘાની જેમ આ બધું જોઈ રહ્યા. આ તો પેલી ડાબલી કરતાંય વધુ ભેદી હતું.

"આપ રડો છો શું કામ?" કોઈકે પૂછ્યું.

"આપ હસો છો શું કામ?" બીજા કોઈકે પૂછ્યું.

"દુનિયામાં કોઈ એકી સાથે રડવાનું ને હસવાનું કરે ખરા? અને એમાંય આપના જેવા મુલ્લાં આવું કરે?" મુસ્તફાએ કહ્યું.

"હું હમણાં તમને આ બધું સમજાવીશ. જરા શાંતિ રાખો." મુલ્લાંએ કહ્યું.

તે દરમિયાનમાં તો બજારમાં માણસોની ઠઠ જામી ગઈ. વચ્ચે મુલ્લાંને જોઈને લોકોનું કુતૂહલ ઓર વધી ગયું.

આખરે મુલ્લાંજીએ ખુલાસો કરવાનું શરૂ કર્યું.

"આ તમે આટલા બધા ભેગા થયા છો, પણ તમારામાંથી એકપણ એવો ન નીકળ્યો કે આ ડબ્બી શેની છે ને તેમાં આ સોય શું કામ ધ્રૂજે છે, તેનો ખુલાસો કરી શકે. આ જોઈને મારાથી રડયા વગર રહેવાતું નથી."

મુલ્લાંનાં આવાં કઠોર છતાં સાચાં વાકયો સાંભળીને બધા



શરમિંદા થઈ ગયા, ને તેઓ પણ રડવા જેવા થઈ ગયા. બૂરખા-માં મોઢાં ઢાંકીને દૂર ઊભેલી સ્ત્રીઓ પુરુષોને આ ઠપકો મળ્યો તેથી રાજી થઈ. છોકરાઓ પણ પોતે કેટલા બધા ઠોઠ છે, તેનું ભાન થતાં ઝાંખા પડી ગયા.

પણ પેલા હોશિયાર મુસ્તફા આ મુલ્લાંને બીજા બધા કરતાં વધારે સારી રીતે ઓળખતો હતો. તેણે કહ્યું, "બાપુજી, આપે વાત કરી તે તો લાખ રૂપિયાની કરી. આપને રડવું શું કામ આવ્યું, તે તો અમે સમજી ગયાં, પણ હવે અમને એ વાતનો ખુલાસો કરો કે આપને હસવું કેમ આવ્યું?"

મુલ્લાંજી ફરી વાર જોસથી હસી પડયા ને બોલ્યા, "મને હસવું એટલા માટે આવે છે કે આ ડબ્બી શું છે, તેની મને પણ ખબર નથી!"

# ૧૩

# નીલમની ગરોળી

## (ગ્વાતેમાલા)

ગ્વાતેમાલાના સાન્તિઆગો શહેરમાં એક ભગત રહેતા હતા. તે ભગતને નામે જ ઓળખાતા હતા.

એક દિવસ સવારમાં ભગત શહેરની બહાર ફરતા હતા. જાણે કે તે ઊંડા વિચારમાં હોય તેમ લાગતું હતું. ભગતને કોઈ દિવસ પોતાની બાબતમાં કંઈ ચિંતા કે વ્યાધિ હતાં જ નહીં. તે તો લઘરવઘર કપડાં પહેરીને ફર્યા કરતા અને કોઈ દિવસ તેને એમ નહોતું થતું કે કોઈની પાસે હાથ લાંબો કરીને માગું. તેમને ચિંતા હતી માત્ર ગરીબગુરબાંની કે રોગીદોગીની. શહેર-ની બહાર એક નાનકડા અનાથાશ્રમ જેવું હતું. ત્યાં તે ભગત આવાં ગરીબોની ને રોગીઓની સેવા-ચાકરી કરતા. આ અના-થાશ્રમમાં દયાળુ લોકો ખાવાપીવાનું, લૂગડાંલત્તાં, દવાદારૂ બધું પહોંચાડતા, પણ ત્યાં એટલાં બધાં દુખિયારાં આવતાં કે તે બધાંને આટલું દાન પણ પૂરું પડતું નહોતું. આ ભગતને જો કંઈકેય મનમાં ચિંતા હોય તો તે આ હતી.

તે ફરતાફરતા આનો ઉકેલ કેમ કરવો, તે વિશે મનમાં ગડમથલ કરતા હતા, ત્યાં રસ્તા પર એક ગરીબ માણસ પર તેમની નજર પડી. એક લાકડીને ટેકે માંડમાંડ ડગલાં ભરતો આ ભિખારી ભગત પાસે આવ્યો, ને નીચા નમીને તેણે ભગતને પ્રણામ કર્યા, ને દયામણું મોઢું કરીને ઊભો રહ્યો.

"બેટા, તારે શું દુ:ખ છે?" ભગતે તેના હાલ જોઈને પૂછ્યું.

"ભગતબાપા." પેલા માણસે કહ્યું, "મારા દુ:ખનો પાર નથી. મારું નામ જુઆન મેન્યુઅલ જુરાકાન. મારી ઘરવાળી માંદી છે; તે મરવા પડી છે. મારી પાસે દવાદારૂ માટે એક પાઈ પણ નથી. મારાં નાનાં બાલબચ્ચાં પણ ભૂખે મરે છે, ઘરમાં પણ ખાવા મૂઠી ધાન નથી. ભગવાન માથે રાખીને કહું છું, કે હું જે કહું છું તે સાચું છે."


ભગત આ માણસના મોઢા સામે જોઈ રહ્યા. તેને ખાતરી થઈ કે આ સાચું કહે છે. આ અનાથાશ્રમમાં તો જે કંઈ ખાવા-પીવાનું આવ્યું હતું તે બધુંય વહેંચાઈ ગયું હતું, અને પૈસા તો હતા જ નહિ. ભગતે પોતાનાં ફાટેલાં લૂગડાંનાં ખિસ્સાંમાં હાથ નાખી જોયો. કદાચ એકાદ ખિસ્સાને ખૂણે પાઈપૈસો ભરાઈ રહ્યો હોય. પરંતુ તે બધાંય સાવ ખાલી હતાં, અને આમેય તે ખિસ્સાં ખાલી જ રહેતાં.

હવે શું કરવું તેના વિચારમાં તે આકાશસામું જોઈ રહ્યા. તેને થયું કે આવો સારો દિવસ ઊગ્યો છે ને આ ગરીબનું દુ:ખ દૂર થાય એવું કાંઈક થાય તો કેવું સારું!

તેઓ બંને રસ્તાની કોરે ઊભા હતા, ત્યાં તેમના પગ પાસે કંઈક અવાજ થયો; અને જોયું તો ત્યાં ઊગેલાં ભૂરાં ફૂલોનાં ઝુંડમાંથી એક નાની લીલા રંગની ગરોળી બહાર આવી ને સૂર્ય-ના પ્રકાશમાં તે ચમકવા લાગી. ભગતબાપાનું મોં જરા મલક્યું. તેમણે નીચા નમીને એ ગરોળીને હાથમાં લીધી પણ ત્યાં તો એવો ચમત્કાર થયો કે એ ગરોળી હાલતીચાલતી બંધ થઈ ગઈ. તેનો રંગ તો લીલો જ રહ્યો. તે જાણે કે નીલમમાંથી બનાવેલ ગરોળી હોય એમ લાગ્યું, હવે તે ગરોળી નહોતી પણ નીલમનો ગરોળી આકારનો કીમતી હીરો જ હતો. પેલા ભિખારીને ખાતરી થઈ કે આ તો ભગતબાપાનો જ ચમત્કાર છે. ભગતે આ નીલમની ગરોળી પેલા ભિખારીને આપી. તે તો ભગતને પગે પડીને તેમનો આભાર માનતો ચાલવા લાગ્યો.

તે ત્યાંથી સીધો શહેરમાં ગયો. ત્યાં ઝવેરીબજારમાં જઈને એક ઝવેરીને આ નીલમની ગરોળી બતાવી. પેલા ઝવેરીએ તો કીમતી નીલમના બદલામાં તેને ખૂબ પૈસા આપ્યા. ભિખારી જોતજોતામાં પૈસાદાર થઈ ગયો.

પછી તો વરસો વીતી ગયાં. જુઆન મેન્યુઅલ જુરા-કાનનાં છોકરાંઓ પણ મોટાં થયાં. તેને ઘેર વાડીવજીફા, ઢોર-ઢાંખર બધું થયું. પણ તે પોતે તો સાવ સાદાઈથી રહેતો ને ખૂબ



કરકસર કરીને પાઈપાઈ બચાવ્યા કરતો હતો. તેને મનમાં હતું કે જે નીલમની ગરોળીએ તેનો ભાગ્યપલટો કર્યો, તે પાછી વેપારી પાસેથી ખરીદી લેવી. આખરે એવો દિવસ આવ્યો. તેણે પોતાના બચાવેલા પૈસામાંથી પેલી નીલમની ગરોળી પાછી મેળવી અને પછી તે પેલા ભગતની શોધમાં નીકળી પડ્યો.

ખૂબ શોધતાં માંડમાંડ ભગતબાપાનો પત્તો લાગ્યો, પણ ભગતને જોતાં જ પેલો માણસ તો આભો થઈ ગયો. ભગત હવે તો સાવ ઘરડા થઈ ગયા હતા. શરીર સાવ ખખડી ગયું હતું. શરીર પરનાં કપડાં પણ સાવ ચીંથરાના લીરા જેવાં થઈ ગયાં હતાં.


જુઆન મેન્યુઅલ તેમની પાસે જઈને તેમના પગમાં પડ્યો ને કહ્યું, "ભગતબાપા, રામરામ. મને ઓળખ્યો નહિ ને? હું પેલો જુઆન મેન્યુઅલ જુરાકાન, તમે મને કેટલાંય વરસો પહેલાં નીલમની ગરોળી આપી હતી, યાદ છે? હવે એ ગરોળી તમને પાછી આપવા આવ્યો છું."

ભગતે માથું ખંજવાળીને તે વાત ખૂબખૂબ યાદ કરવા પ્રયત્ન કર્યો.

"લો, ભગતબાપા!" પેલાએ કહ્યું, "આ તમને પાછી આપું છું.તેણે મારા ભાગ્યનું પાનું ઉઘાડી નાખ્યું. હવે તમે આ ગરોળીથી મારી જેમ સુખી થાઓ, ને આ દુઃખ દરિદ્રમાંથી મુકત થાઓ. આ ગરોળી ખરેખર ચમત્કારિક છે."

જુઆને પોતાના ખિસ્સામાંથી એક લૂગડું કાઢ્યું ને ખોલીને તેમાંથી પેલી નીલમની ગરોળી કાઢી ને ભગતબાપાને આપવા માટે તેમની સામે ધરી.

ભગતને આખરે માંડમાંડ યાદ આવ્યું. તેમનું મુખ જરાક મલક્યું. એ ગરોળી તેમણે હાથમાં લીધી, ને ધીમે રહીને જમીન પર મૂકી. જમીનને અડતાંની સાથે જ તે ગરોળી જીવતી થઈ ગઈ ને એકદમ સરરર કરતી ઊંચા ઘાસમાં અદશ્ય થઈ ગઈ!



# ૧૪

# કાકુઈ—નિશાચર પંખી

## (આર્જેન્ટિના)

ઘણા કાળ પહેલાંની વાત છે. ઉત્તરના પ્રદેશનાં જંગલોની સરહદે એક નાનકડી ઝુંપડીમાં એક ભાઈ ને બહેન રહેતાં હતાં. ભાઈને બહેન પર ખૂબ જ ભાવ હતો. બહેનને વધુમાં વધુ સુખસગવડ કેમ આપવી, તેની ચિંતા તે રોજ કરતો. રોજ સવારે તે જંગલમાં ને ખેતરોમાં નીકળી પડતો ને બહેનને ભાવે તેવું જે કંઈ મળે તે શોધી લાવતો. તે કોઈ ઝરણામાંથી કે સરોવરોમાંથી મજાની માછલી કે ઊંચા ઝાડે બાઝેલો મધથી લદબદ થતો મોટો મધપૂડો, એવું શોધ્યા કરતો ને એમાંથી જે કાંઈ મળે તે લઈને પોતાની બહેન પાસે જઈને તેને ભાવથી આપતો.

પણ બહેનનો સ્વભાવ ભાઈથી સાવ ઊલટો હતો. પોતાનો જ ભાઈ પોતાને માટે આટઆટલું ભાવથી કરતો હતો છતાં તેને તો કંઈ જ પડી નહોતી. તે તો ભાઈ પર જરાય હેત બતાવતી જ નહીં. એથી ઊલટું, ભાઈ ખૂબ મહેનત કરીને કોઈ સારામાં સારી ચીજ લઈને આવતો, ત્યારે તે મોઢું ચડાવી-ને કડવાં વેણ કહેતીકહેતી સ્વીકારતી અને એમાંથી એકાદ બટકું જાણે કે પરાણે ખાતી હોય એમ ચાખીને બાકીનું બધું ફેંકી દેતી; ને ભાઈ બિચારો આ જોઈને સાવ ભોંઠો પડી જતો.

કોઈવાર તો ભાઈ આખો દિવસ માછલી પકડવા માટે કેડ સુધીના ઊંડા પાણીમાં ઊભો રહેતો, પણ જ્યારે તે સાંજે માછલી લઈને બહેન પાસે આવતો, ત્યારે બહેન તેના સામું પણ ન જુએ, ઊલટાનું મોઢું ફેરવી જાય. તેને આકરાંવેણનાં બાણ મારીને તેનું જીવતર ઝેર જેવું કરી નાખતી. ભાઈ બહેન પર જેટલી મમતા બતાવે તેટલોજ તે સામો ખાર રાખતી. ભાઈ સાથેની વાતચીતમાં માત્ર તીખાં ને બાળી નાખે તેવાં જ વેણ સાંભળવા મળતાં. કોઈ વાર તે આખો દિવસ ખોરાકની શોધમાં રખડીને ખાલી હાથે આવે ને થાકયોપાકયો પાણી માગે તો તે પાણી લઈ આવે ખરી, પણ જેવો પાણીનું વાસણ લેવા ભાઈ હાથ લંબાવે કે તરત જ તે બહેન, પાણી ત્યાં ને ત્યાં નીચે ઢોળી નાખે, ને પેલાને આભો બની ગયેલો જોઈને ઊલટી હસવા માંડે. આ બહેન માત્ર ભાઈની મશ્કરી કરવી હોય ત્યારે જ દાંત કાઢતી. બાકી તો તેનું મોઢું ભાઈને જોઈને ચઢેલું જ રહેતું.

ઘણા વખત સુધી તે ભાઈને થયું કે હજુ બહેનને રીઝવવા માટે વધુ ને વધુ મહેનત કરું ને જંગલમાંથી કંઈક નવી વસ્તુ-ઓ શોધી લાવું, તો બહેન મારા પર રાજી થશે. પણ એ બધુંય ફોગટ ગયું.

એક દિવસ તે ફરતોફરતો જંગલના એક તદ્દન અજાણ્યા ભાગમાં ગયો. જાળાં-ઝાંખરાંમાંથી માર્ગ કરતાંકરતાં તેના આખા શરીરે ઉઝરડા પડતા હતા. કયાંકકયાંક તો કાંટા શરીરમાં પણ ઘૂસી જતા. એમ લોહીલુહાણ હાલતમાં ફરતાં એક ઝાડ ઉપર એક મોટો મધપૂડો તેની નજરે પડયો. તે મધપૂડો પાડવા ઉપર ચડયો પણ મધમાખીઓએ તેને બધી કોરથી ઘેરી લીધો ને આખે શરીરે ખૂબ ડંખ માર્યા. પણ તેણે આ બધું સહન કરીને પણ મધપૂડો પાડયો. તેને મનમાં એક જ ધૂન હતી કે મારી બહેનને હું રાજી કરી દઉં.

તે ઘેર આવ્યો ત્યારે રાત પડી ગઈ હતી. તેનું આખું શરીર લોહીલુહાણ હતું જ. તેમાં મધમાખીઓના ઝેરીલા ડંખથી તે સૂઝીને ભયંકર ને કદરૂપું બની ગયું હતું. તેમ છતાં તેણે એ મધપૂડો તેની બહેનના હાથમાં મૂકયો એટલે બહેને તે ઘા કરીને ફેંકી દીધો. તેણે પાણી માગ્યું તો બહેન પાણી તો લાવી, પણ તેણે ભાઈને આપવાને બદલે જમીનપર ઢોળી નાખ્યું ને ભાઈનું કદરૂપું મોઢું જોઈને હસવા લાગી.

હવે ભાઈને એકાએક બધું સમજાયું. તેણે ઝૂંપડીમાં ને તેની આસપાસ પણ જોયું તો બધેય ગોબરું ને ઢંગધડા વગરનું પડયું હતું. તે તો રોજ સવારમાં વહેલો ઊપડી જતો ને રાતે આવતો, એટલે તેને ખ્યાલ નહોતો આવતો. પણ તેણે અત્યારે



જોયું તો તેની ઝૂંપડી પાસેનું નાનું વાડોલિયું પણ પાણી ન મળવાને લીધે સુકાઈ ગયું હતું. જે બેચાર ઢોર-ગાય, બકરાં-હતાં તે પણ ખાણ કે માવજત ન મળવાને કારણે સુકાઈને છોડિયાં જેવાં થઈ ગયાં હતાં. તેને અત્યારે પહેલી જ વાર ખ્યાલ આવ્યો કે તેની બહેન કઠણ કાળજાની ને સ્વાર્થી છે. તેને માટે તેણે અત્યાર સુધી આટલી બધી કાળજી રાખી, તેને રાજી કરવા આટલા બધા ઉપાયો કર્યા, તે બધું પથ્થર પર પાણી જેવું હતું.

તેનો બહેન તરફનો ભાવ ઊઠી ગયો, ને તેની જગ્યાએ તેના મનમાં બહેન તરફ ખૂબ જ કડવાશ ઊભી થઈ.અને બહેનને હવે આ કડવાશનો સ્વાદ ચખાડવાનો ઉપાય તે શોધવા લાગ્યો. એક દિવસ સવારે તેણે બહેનને કહ્યું, "બહેન! જંગલમાં મેં એક અદ્ભુત ને કદી ન જોવા મળે તેવું ફળ જોયું છે."

"તે મને કહેવા શું ઊભો છે? જઈને લઈ આવ જલદી." બહેને કહ્યું.

"ના," ભાઈએ કહ્યું, "આ તો એવું છે કે તું પોતે નજરે જો તો જ ખબર પડે. આવું તો દુનિયામાં ક્યાંય જોવા ન મળે."


બહેનને મનમાં ચટપટી ઊભી થઈ અને તે ભાઈની સાથે જંગલમાં ચાલી. ભાઈ તેને એક ઊંચા ઝાડ પાસે લઈ આવ્યો ને કહ્યું, "આ ઝાડ ઉપર એ ફળ છે. આપણે તેના પર ચડવું પડશે. પહેલાં તું ચડ ને હું તારી પાછળપાછળ ચડીશ."

બહેન તો તરત જ તૈયાર થઈ ગઈ. ને તેણે ચડવા માંડયું. ને ભાઈ તેની પાછળ ખભે કુહાડી ટાંગીને ચડવા માંડયો. ચડતાંચડતાં બહેન ચીડમાં ને ચીડમાં બબડતી હતી; "તું સાવ ખોટો છે. એવું ફળ હોય જ નહીં, ને હશે તો સાવ ભૂંડું ભૂખ જેવું હશે. મને તો એવું ફળ જરાય ભાવવાનું નહીં." એમ બોલતીબોલતી એ લગભગ અરધું ઝાડ ચડી, ત્યારે ભાઈને કહેવા લાગી, "અહીં તો ક્યાંય એવું ફળ દેખાતું નથી."

"અરે, હજી તો ખૂબ ઊંચે છે. ઉપર ને ઉપર ચડયા કર." ભાઈએ નીચેથી કહ્યું, અને તેની પાછળપાછળ ચડવા લાગ્યો, આખરે બહેન ઠેઠ ઝાડની ટોચે પહોંચી ગઈ.

"અહીં તો કંઈયે નથી." તેણે ચિડાઈને ભાઈને રાડ નાખીને કહ્યું. પણ ભાઈ તરફથી કંઈ જવાબ ન મળ્યો. તેણે વાંકા વળીને નીચે જોયું તો ભાઈ તો ઝાડ પરથી નીચે ને નીચે ઊતરવા માંડયો હતો. ઊતરતાંઊતરતાં તે એક પછી એક ડાળ કુહાડીથી કાપતો જતો હતો. તે નીચે ઊતર્યો ત્યારે ઝાડ પર એકેય ડાળ રહી નહીં. બહેનથી હવે નીચે ઊતરવાનું બની શકે

તેમ નહોતું. જંગલની વચ્ચોવચ એક ઊંચા ઝાડની ટોચે તે અટકી પડી હતી. તેણે ઉપરથી જોયું તો તેનો ભાઈ તો જંગલમાં દૂર ને દૂર ચાલ્યો જતો હતો, ને થોડા વખતમાં આખા જંગલમાં તે એકલી થઈ ગઈ. ઝાડની ટોચની ડાળીને વળગીને મોટેમોટેથી ભાઈને સાદ પાડવા લાગી, હાથ હલાવવા લાગી ત્યાં એકાએક તેના શરીરમાં કંઈક ફેરફાર થવા માંડયો. તેના આખા શરીર પર પીંછાં ફૂટવા માંડયાં. તેના પગમાં આંગળાંની જગ્યાએ નહોર થઈ ગયા, ને નાકની જગ્યાએ ચાંચ ફૂટી નીકળી. તે મોટેથી 'તુ ર ર......રે, તુ ર ર...... રે' બોલવા લાગી. (આર્જેન્ટિના દેશની ભાષામાં 'તુરર—...રે' નો અર્થ 'ભાઈ' એવો થાય છે.) પણ ભાઈ તો અલોપ થઈ ગયો હતો. એ છોકરી પક્ષી બની ગઈ! તેને પોતાના અત્યારસુધીના ભાઈ તરફના વર્તનથી એટલી બધી શરમ લાગવા માંડી કે તે દિવસ દરમ્યાન જંગલમાં છુપાઈ રહેતી. તે હવે 'કાકુઈ' નામનું—આપણે ત્યાંની ચીબરી જેવું—નિશાચર પંખી બની ગઈ. અને હજી આજે પણ રાતે જંગલોમાં આપણને તેનો વિલાપ સંભળાય છે 'તુરર......રે, તુરર......રે.'



૧૫

# કેમ્લેટ ફૂલ ક્યાંથી આવ્યું?

## (ઉરુગ્વાય)


દક્ષિણ અમેરિકાના ઉરુગ્વાય દેશમાં એક સુંદર ફૂલ થાય છે. તેનું નામ કેમ્લેટ. જેવું આપણે ત્યાંનું કમળ, તેવું જ ત્યાં કેમ્લેટ. નાળાંમાં, સરોવરોમાં, નદીઓમાં-જ્યાં જુઓ ત્યાં સુંદર ભૂરા રંગનું કેમ્લેટ ખીલેલું જોવા મળે. કહેવાય છે કે એ દેશમાં એ ફૂલ પહેલેથી નહોતું. એ ફૂલ કેમ ઉત્પન્ન થયું તેની એક વાર્તા છે.

ઘણા જૂના કાળમાં એક નદીને કાંઠે ઈન્ડિયનોની એક ટોળી રહેતી હતી. આ ટોળીનાં લોકો સ્વભાવે શાંત ને સુંવાળાં હતાં. જંગલમાં જઈને શિકાર કરી આવે, નદીસરોવરમાંથી માછલાં પકડી લાવે, ને બધાં સંતોષથી ખાય-પીએ. પ્રાણીઓના ચામડામાંથી જરૂરજોગાં કપડાં બનાવી લે. આમ તેઓ સુખશાંતિમાં રહેતાં હતાં. હવે એમાં બન્યું એવું કે એક દિવસ કોઈ પરદેશી, અજાણ્યા લોકોએ આ પ્રદેશ પર હુમલો કર્યો. આ લોકોની ચામડી કંઈક ગોરી હતી. તેમણે તો આ શાંતિથી રહેતા ઈન્ડિયનોનાં શિકારનાં જંગલો કબજે કરી લીધાં, તેમનાં નદી-નાળાં પર પોતાનો હક જમાવી દીધો, ત્યાં મોટાં ખેતરો ને વાડીઓ બનાવવાનું કામ આદરી દીધું; એટલું જ નહીં પણ ત્યાં મોટાં-મોટાં મકાનો ને કિલ્લાઓ બાંધવા માંડ્યા. જે ભાગમાં આ ઈન્ડિયનો રહેતા હતા, ત્યાં જ તેમણે પોતાની વસ્તી જમાવી. આ ઈન્ડિયનો પોતાની જમીનો, સરોવરો, જંગલો - આ બધું પરદેશીઓના હાથમાં જતું બચાવવા માટે ખૂબ બહાદુરીથી લડ્યા; પણ આ ઈન્ડિયનો પાસે તો હથિયારોમાં તો તીર ને કામઠાં ને ભાલાં ને એવાં જ સાધનો હતાં જ્યારે આ ગોરી ચામડીવાળા પરદેશીઓ પાસે તો બંદૂકો ને રાઈફલો હતી. તોપણ આ બહાદુર ઈન્ડિયનોએ ઘણી વાર તેમના દુશ્મનો સામેની લડાઈઓમાં વિજય મેળવ્યો હતો. પણ આખરે તેઓ આ આક્રમણ કરનારાઓ સામે હાર્યા.

તેઓ તેમની અસલ રહેઠાણની જગ્યાઓએથી પાછા હઠ્યા, ને તેમણે નવી જગ્યા વસાવી. વખત જતાં આ સામસામે યુદ્ધો કરવાનું બંધ પડ્યું, અને આ ઈન્ડિયનો ને ગોરી ચામડીવાળાઓ એકબીજા સાથે હળીમળીને મિત્રો, પડોશીઓની જેમ રહેવા લાગ્યા.

ઘરડા માણસો વાતો કરે છે કે પેલા ગોરા લોકોના ગામમાં એક છોકરી હતી. તે ગામના મુખીની પુત્રી હતી. તે જેવી રૂપાળી એવી જ ગુણવાન હતી. તેનું હૈયું કોમળ હતું, કોઈનું દુઃખ તેનાથી જોયું ખમાય નહીં; તે માત્ર ગોરી ચામડીવાળામાં જ નહીં પણ ઈન્ડિયનોમાંયે ખૂબ વહાલી થઈ પડી હતી.

એકવાર એવું બન્યું કે ઈન્ડિયનોનાં છોકરાં નદીમાં રમતાં હતાં. એકાએક નદીનાં પાણી ચડવા લાગ્યાં. ડુંગરાઓમાં ખૂબ વરસાદ પડ્યો હશે, એટલે જોતજોતામાં તો નદીમાં ઘૂઘવાટા મારતું ઘોડાપૂર ચડવા માંડ્યું, ને નદી બે કાંઠે થઈ ગઈ. કાંઠા પરનાં ઝાડ મૂળમાંથી ઊખડીને પૂરમાં તણાવા લાગ્યાં. બધાં બાળકો પંખીઓની જેમ કાંઠે ચડી ગયાં પણ એક ઇન્ડિયન છોકરો નીકળતાં રહી ગયો ને પૂરમાં તણાયો. આને તણાતો જોઈને છોકરાંઓએ રાડારાડ કરવા માંડી ને પેલી ગોરા મુખીની છોકરી આ બૂમો સાંભળીને દોડતીદોડતી આવી. તેણે પેલા છોકરાને તણાતો ને ડૂબકાં ખાતાં જોયો, ને એણે છોકરાને બચાવવા પૂરમાં ઝંપલાવ્યું. તે તરતીતરતી ડૂબકાં ખાતા છોકરા પાસે પહોંચી ગઈ ને તેને એક હાથે પકડીને પાણીની બહાર ડોકું રહે એમ રાખ્યો. પણ તેને ખેંચીને ઠેઠ કિનારે લાવવા જેટલી તે છોકરીની તાકાત ન હતી. તે ખૂબ થાકી ગઈ હતી. પોતાની દીકરીની પાછળ તેના બાપે પણ પૂરમાં ઝંપલાવ્યું. પેલાં બેય બાળકો પૂર સામે જીવ સટોસટનો ખેલ ખેલી રહ્યાં હતાં, ત્યાં તે પહોંચ્યો ને પેલા છોકરાને પકડીને તે કાંઠા પર લઈ આવ્યો. તે પાછો ફરી પૂરમાં જઈને પોતાની દીકરીને કાંઠે લાવવા ગયો, ત્યાં તો તે દીકરી પૂરમાં ખેંચાઈ ગઈ ને ઘૂમરી લેતાં પાણીમાં




નીચે ડૂબી ગઈ. બધાં માણસો કાંઠે ઊભાંઊભાં આ જોઈ રહ્યાં.

ગોરી વસ્તીમાં ને ઈન્ડિયનોની વસ્તીમાં હાહાકાર થઈ ગયો. પોતાના જ ઘરની દીકરી ગઈ હોય એવું સૌને લાગ્યું. દીકરીના બાપને કોણ આશ્વાસન આપે ?

આ પછી એક વાર ઈન્ડિયનો તેમના દેવ તુપાન ભગવાન પાસેથી એક સંદેશો લઈને ગોરા લોકો પાસે આવ્યા. ઈન્ડિયન જાતિના છોકરા માટે ગોરી જાતિની છોકરીએ પોતાનો જાન આપ્યો, એ જોઈને તુપાન ભગવાનના હૃદયમાં ખૂબ જ કરુણા ઉત્પન્ન થઈ છે. અને તેમણે છોકરીને બીજા સ્વરૂપે અમર બનાવી દેવાનો સંકલ્પ કર્યો છે. તે ફૂલનો અવતાર ધારણ કરીને નદી, સરોવરો, નાળાં, ઝરણાંના પાણી ઉપર સદાય તર્યા કરશે.

આ કેમ્લેટ ફૂલ આ તુપાન ભગવાનના આદેશ પ્રમાણે વસંત ઋતુમાં હમેશાં દેખાય છે. તેનો આછો ભૂરો રંગ પેલી છોકરીની કોમળ પ્રેમ-નીતરતી આંખો જેવો હજી દેખાય છે. તુપાન ભગવાને એ છોકરીને અમર કરી છે.



## ૧૬

# ઘોડો માણસનો ગુલામ કેમ થયો?


## (ભારત)

ઘણા જૂના જમાનાની વાત છે. એક મોટું બીડ હતું. આ બીડમાં એક ઘોડો આખો દિવસ ફાવે ત્યાં હરે-ફરે ને ઘાસ ચરે. ઘોડો આખો દિવસ ચરે તોય તેમાંથી કોઈએ ખડ ખાધું છે એ વરતાય નહીં, એટલું બધું તેમાં ખડ હતું.

એક દિવસ ઘોડાએ જોયું તો આઘે એક હરણ ચરતું હતું. ઘોડાને તરત જ બળતરા થવા માંડી: મારા બીડમાં આ હરણ આવીને મારું ખડ ખાઈ જશે તો હું શું કરીશ? તેણે હરણને કાઢી મૂકવા તેની વાંસે દોટ મૂકી. પણ હરણને કંઈ ઘોડો પહોંચી શકે? ઘોડો થાકયો; એને થયું કે કોઈક બીજાની મદદ લઈને આ હરણને અહીંથી તગડી મૂકું.


એમ વિચાર કરીને તે એક માણસ પાસે ગયો. તેને કહે, "એલા ભાઈ, મારું એક કામ કર તો તારો ઉપકાર માનું. આ મારા ચરવાના બીડમાં હમણાં એક હરણિયું હળી ગયું છે ને જેમ ફાવે તેમ ખડ ખાઈ જાય છે. મારાથી તો તે પકડાતું નથી. તું જો મારી મદદમાં આવ તો આ કામ પતે એમ લાગે છે."

માણસે જોયું કે ઘોડો ઊભા બીડમાં ખાઈખાઈને ફાટયો છે,



અને આપણને કામ આવે એવો છે. એટલે તેણે કહ્યું, "વાહ, એમાં તો તને કોણ ના પાડે? એ હરણિયાને તો આપણે બેય જણ થઈને ક્યાંય તગડી કાઢીએ ને કાં તો પકડી જ લઈએ. પણ હું કાંઈ તારી જેમ દોડી ન શકું. એટલે એમ કરીએ કે હું તારી પીઠ પર ચડી જાઉં અને હું તને કહું તેમ તારે હરણ પાછળ દોડવાનું. તારે કેમ દોડવું, કઈ તરફ વળી જવું, ક્યારે અટકી જવું એ બધું હું ઉપર બેઠોબેઠો તને શીખવીશ. તારે મને એટલું કરવા દેવાનું કે મને તારા મોઢામાં ચોકડું નાખવા દેવાનું. ચોકડું ને લગામ હોય તો જ મને ફાવે."

ઘોડાએ પેલા હરણને કાઢવાની હોંશમાં ને હોંશમાં માણસને આ વાતની હા પાડી. ને પેલો માણસ ઘોડાના મોઢામાં ચોકડું નાખીને લગામ પકડીને તેના પર ચડી બેઠો, ને ઘોડાને હાંકીને બીડમાં જવાને બદલે સીધો પોતાને ઘેર લઈ ગયો, ને ખીલે બાંધી દીધો. ત્યારથી ઘોડો માણસનો ગુલામ બન્યો છે.



# ૧૭

# વૈજ્ઞાનિક પૃથક્કરણ !

(ભારત)

ઘણા કાળ પૂર્વે વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. રાજાના મહેલની ફરતો એક વિશાળ અને સુંદર બગીચો હતો. આ બગીચામાં કેટલાય વાંદરાઓ પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવીને રહેતા હતા, અને બગીચાનો માળી પણ આ વાંદરાઓને હાંકી કાઢી શકે એમ ન હતું.

એક વાર વારાણસી શહેરમાં એક મોટો ઉત્સવ હતો.



ઉત્સવની શરૂ થયેલી ધામધૂમ જોઈને માળીનું મન ત્યાં દોડયું. પણ બગીચો રેઢો મૂકીને કેમ જવાય? રાજા પોતાના બગીચાને જરાક પણ નુકસાન થાય તે સહન કરે એવા ન હતા. તેમ આ મહાન ઉત્સવમાં આ માળીની અવેજીમાં બીજો કયો માળી કામ કરવા આવે? એટલે તેણે આ ઉદ્યાનનાં ફળ-ફૂલોનો પૂરેપૂરો લાભ લેતા અને છતાં કોઈ જાતનું વળતર ન આપતા એવા વાંદરાઓને પોતાનું કામ સોંપવાનો વિચાર કર્યો. તેણે વાનર સરદારને બોલાવીને કહ્યું, "મારે આ ઉત્સવમાં ભાગ લેવા એકબે દિવસ જવું છે. તે દરમિયાન આ બગીચામાં કોઈ જાનવર આવી-ને રંજાડ ન કરે તેનું તમે ધ્યાન રાખશો?"

વાંદરાંના સરદારને આવી મહાન જવાબદારીવાળું કામ મળવાથી ભારે આનંદ થયો, "ખુશીથી તમે જાઓ. બગીચાના રક્ષણ માટે નિશ્ચિત રહેજો. એક ચકલું પણ ન ફરકે, પછી?"

માળીએ કહ્યું, "અને બીજું એક કામ કરજો. આ છોડવા-ઓને નિયમિત રીતે પાણી પણ મળવું જોઈએ. તમને પાણી પાવા માટેનાં સાધનો હું સોંપી જાઉં."

"એમાંય વાંધો નહીં આવે."

માળી ગયો. સરદારે તરત જ વાંદરાઓની મંડળીને એકઠી કરીને તેણે ઉપાડેલ જવાબદારીની વાત કરી. વાંદરાઓ-એ આ જવાબદારીમાં સહર્ષ ભાગ પડાવવાનું કબૂલ કર્યું અને ટુકડીઓ પાડી દીધી. ચોકીદાર ટુકડીએ પોતાનું કામ સંભાળી લીધું. પાણી પાનાર ટુકડીએ કૂવામાંથી પાણી કાઢીકાઢીને છોડ-વાઓને પાવા માંડ્યું. પણ સરદાર પોતાની જવાબદારી માટે ઘણો જાગ્રત હતો એટલું જ નહીં, પૃથક્કરણશીલ દૃષ્ટિ તેને વારસામાં મળી હતી. ઘણી વાર તે વાનર મુખી માળીને ઘણા છોડોને લગભગ એકસરખું પાણી પાતાં જોતો અને તેની મૂર્ખાઈ પર હસતો હતો. આજે હવે પોતાની પ્રયોગબુદ્ધિને સ્વતંત્ર રીતે અજમાવવાની તેને તક મળી હતી. તેણે પાણી પાતા વાંદરા-ઓને એકઠા કર્યા અને એક નાનકડું વ્યાખ્યાન આપ્યું, "મિત્રો, આપણને જે કામ સોંપવામાં આવ્યું છે તેમાં આપણે આપણી બુદ્ધિ વાપરવાની છે. આપણા પૂર્વજોએ ચણોઠીને એકઠી કરીને તેમાંથી તાપ ઉત્પન્ન કરવાના પ્રયોગો કર્યાનું ઈતિહાસમાં મળી આવે છે. પાણી પાવાની બાબતમાં પણ આપણે દરેક છોડની જરૂરિયાતનો વિચાર કરવો જ જોઈએ. જો ગમે તેમ પાણી પાવા લાગીશું તો પાણીનો બગાડ થશે ને છોડને પણ નુકશાન થશે. માટે કયા છોડને કેટલા પાણીની જરૂર છે તે બાબતનું પૃથક્કરણ કરીને પછી પાણી પાવું જોઈએ.

"દરેક છોડ પોતાના મૂળ વડે પાણી પીએ છે એટલે જેનાં મૂળ વધારે ઊંડાં હોય તેને વધારે પાણીની જરૂર હોય. અને જેનાં મૂળ હજુ ઉપર હોય તેને બહુ પાણીની જરૂર ન હોય, એ વૈજ્ઞાનિક સત્ય છે. માટે એ સિદ્ધાંતને આધારે દરેક છોડનાં મૂળ કેટલાં ઊંડાં છે તે જોઈને પછી જ પાણી પાવું એવો મારો મત છે."

"ધન્ય! ધન્ય!" વાંદરાઓએ ગર્જના કરી, અને પોતાને હંમેશને માટે પ્રિય એવી, છોડને ઉખેડી ઉખેડીને તેનાં મૂળોની લંબાઈ ઊંડાઈ માપવાની પ્રવૃત્તિ આદરી દીધી. જોતજોતાંમાં બગીચામાંના બધા નાના છોડો પૃથક્કરણ માટે જમીન પર સુવાડી દેવામાં આવ્યા, અને દરેક છોડને પાછો જમીનમાં ખોડીને તેની ઊંડાઈ પ્રમાણે તેને પાણી પાવાનું શરૂ થયું.

ઉત્સવમાંથી માળી પાછો આવ્યો ત્યારે લગભગ અડધા બગીચાને સાચવવાની જવાબદારી ટળી ગઈ હતી!

## ૧૮

# રત્નો કોનાં?

## (ભારત)

પૂર્વે બ્રહ્મદત્ત રાજાના સમયમાં એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે વૈદર્ભ નામનો એક મંત્ર જાણતો હતો. આ મંત્રમાં ભારે શકિત ભરેલી હતી. આકાશમાં અમુક નક્ષત્રોનો યોગ થાય તે વખતે મંત્ર ભણીને આકાશમાં નજર કરવાથી સાત મહામૂલ્યવાન રત્નો આકાશમાંથી વરસતાં. આ બ્રાહ્મણને એક મહાબુદ્ધિશાળી શિષ્ય હતો: અને એ પોતાના ગુરુ પાસે વિદ્યા ભણતો હતો.

એક વાર એ બ્રાહ્મણ પોતાના શિષ્યની સાથે પ્રવાસે નીકળ્યો. રસ્તામાં એક ગાઢ જંગલ આવ્યું. તે જંગલમાં લૂંટારાઓની મોટી ટોળીઓ રહેતી, અને એમાંની એક પાંચસો લૂંટારુઓની ટોળીના હાથમાં આ ગુરુ ને શિષ્ય પકડાયા. આ લૂંટારુઓની લૂંટવાની રીત એવી હતી કે બે જણ હોય તો તેમાંથી એકને બાનમાં પકડીને બીજાને અમુક રકમ લઈ આવવા માટે કહેતા. જો બાપદીકરો હોય તો બાપને પકડીને દીકરાને મોકલતા. જો ભાઈઓ હોય તો મોટાને બાનમાં રાખીને નાનાને રકમ લેવા મોકલતા. અહીં આ ગુરુશિષ્યને પકડીને ગુરુને બાનમાં રાખીને શિષ્યને રકમ લઈ આવવા મોકલ્યો.

શિષ્યે જતી વખતે ગુરુને ખાનગીમાં કહ્યું, "ગુરુદેવ, હું જાઉં છું. પણ આજે જ બરાબર નક્ષત્રોનો યોગ છે. જો તમે લૂંટારુઓના મારની બીકે વૈદર્ભ મંત્રથી સાત રત્નો વરસાવીને છૂટવાનું કરશો તો તેમાં આ બધા લૂંટારુઓનો તો નાશ જ છે. પણ સાથે તમારોયે નાશ થશે. માટે મારની પીડાની બીકે પણ મંત્ર ભણશો નહીં. હું રકમ ગમે ત્યાંથી લઈ આવીશ."

શિષ્ય ગયો. સાંજ પડી ગઈ. ચોરોએ ગુરુને બાંધીને એક ખૂણામાં બેસાડી રાખ્યા. થોડીવારે પૂર્વ દિશામાં ચંદ્રનો ઉદય થયો. ચંદ્ર અને તેની પડખેના તારાઓને જોતાંવેંત જ બ્રાહ્મણને મનમાં થયું, "મારી પાસે મંત્રની આવી સિદ્ધિ છે, નક્ષત્રોનો આવો યોગ છે, છતાં મારે શા માટે આ કષ્ટ વેઠવું? તો પછી મંત્રોનો ને મારી તપશ્ચર્યાનો અર્થ શો? આકાશમાંથી રત્નો વરસાવીને આ ચોરોને આપીને હું સુખપૂર્વક છૂટી શકું એમ છું."

તેણે ચોકી કરતા ચોરોને પૂછ્યું, "ભાઈઓ, મને શા માટે બાંધી રાખ્યો છે?"

"પૈસા માટે."

"જો પૈસા જ જોઈતા હોય તો મને છૂટો કરી દો. નાહીધોઈને નવાં કપડાં પહેરવા દો. ફૂલોની એક માળા કરી આપો."

ચોરોને આ બ્રાહ્મણ ભાગી જશે એવી બીક તો હતી જ નહીં. એટલે કુતૂહલ ખાતર તેમણે બ્રાહ્મણના કહ્યા પ્રમાણે કર્યું.

બ્રાહ્મણે બરાબર નક્ષત્રયોગ જોઈને મંત્રનો જાપ કર્યો ને આકાશ સામે જોયું, એ જ વખતે આકાશમાંથી મહાપ્રકાશિત એવાં સાત રત્નો પડયાં. ચોરોએ આ રત્નો ઉપાડીને વસ્ત્રોમાં વીંટીને ભાગવા માંડયું. પેલો બ્રાહ્મણ પણ તેની પાછળપાછળ જવા માંડયો.

આ જ જંગલમાં લૂંટારુઓની આવી જ એક બીજી મોટી ટોળી રહેતી હતી, અને તે આ ટોળી કરતાં વધારે બળવાન હતી. આ લૂંટારુઓને જતા જોઈને આ બળવાન ટોળીને વહેમ પડયો કે આમની પાસે કંઈક લૂંટનો કીમતી માલ છે. એટલે તરત જ તેમણે આ ભાગતી ટુકડીને અટકાવીને પૂછ્યું, "શું માલ લઈ જાઓ છો?"

આવેલાં રત્નો પકડાઈ જવાની બીકે તેમણે કહ્યું, "આ બ્રાહ્મણની પાસે ભારે ચમત્કારિક વિદ્યા છે. તેણે અમને આકાશમાંથી રત્નો અપાવ્યાં. તેને પકડો."

ચોરોએ તરત જ આ બ્રાહ્મણને પકડયો, ને તેને રત્નો અપાવવા કહ્યું. બ્રાહ્મણે કહ્યું, "મારી પાસે રત્નો મેળવવાની વિદ્યા છે, પણ તે અમુક નક્ષત્રયોગમાં જ આકાશમાંથી વરસે. એ યોગ હજુ હમણાં જ ગયો. હવે આવતે વરસે આ વખતે



પાછો એ યોગ આવશે, ત્યાં સુધી રાહ જુઓ. તે વખતે હું મંત્ર ભણીને તમને રત્નો અપાવીશ."

ચોરોએ કહ્યું, "આ ટોળીને તરત જ રત્નો અપાવ્યાં ને અમને આવતી વખતે ખોટાં બહાનાં બતાવે છે? જલદી રત્નો અપાવ, નહિતર તારું આવી બન્યું."

બ્રાહ્મણે કહ્યું, "હું ખરેખર કહું છું કે હવે તેનો નક્ષત્રયોગ આવતે વરસે આવશે."


રત્નો લેવાને અધીરા બનેલા ને પેલાઓને રત્નો લઈને ભાગી જતા જોઈને ચોરોની ધીરજ ખૂટી. એમણે ક્રોધમાં ને ક્રોધમાં આ બ્રાહ્મણને તલવારના ઘાએ પૂરો કર્યો ને તરત જ પેલી રત્નો લઈને ભાગતી ટોળીની પૂંઠ પકડીને થોડીવારમાં તેમને પકડી પાડ્યા.

ત્યાં ઝપાઝપી જામી ને બળવાન ટુકડીએ આ પાંચસોએ લૂંટારુઓને પૂરા કરીને રત્નો પડાવ્યાં, પણ તરત જ એ વિજયી ટોળીમાં જ રત્નોની માલિકી માટે ઝઘડો શરૂ થઈ ગયો. સરદારની સામે બળવો પોકારનાર એક ટુકડી ઊભી થઈ ને જોતજોતામાં બે સરખી ટુકડીઓએ સામસામું યુદ્ધ આદરી દીધું. અને આખરે તેમાંથી માત્ર બે જ જણ જીવતા રહ્યા. બંનેએ નક્કી કર્યું કે આપણે લડવાનું મૂકીને આ રત્નોને સરખે ભાગે વહેંચી લઈએ.

આ રત્નોને વેચવાને માટે તે બંને જણ એક મોટા નગરમાં જવા નીકળ્યા. રસ્તામાં એક ગામની સીમમાં તેઓ વિસામો ખાવા બેઠા. એક જણ ગામમાં ખાવાનું લેવા ગયો ને બીજો રત્નોને સાચવવા માટે ઉઘાડી તલવારે બેઠો. તેને મનમાં વિચાર આવ્યો કે રત્નોની કિંમતની વહેંચણીમાં તકરાર થશે. એના કરતાં સાચો ઉપાય એ જ છે કે પેલો ખાવાનું લઈને આવે

એટલે તેના પર ઓચિંતો હુમલો કરીને તેને પૂરો કરી નાખવો. ગામમાં ખાવાનું લેવા ગયેલ ચોરને થયું કે આ રત્નની કિંમતની વહેંચણીમાં તકરાર થશે ને તેમાં પેલો ફાવી જશે. એના કરતાં આ ખાવામાં ઝેર ભેળવી દઉં એટલે આપોઆપ જ તેનો નિકાલ થશે.

તે ખાવાનું લઈને આવ્યો. પેલો તેની યોજના પ્રમાણે તૈયાર જ હતો. નજીક આવતાં જ એક તલવારને ઝાટકે પેલાનું માથું ઉડાડી દીધું, ને આ રત્નોનો સંપૂર્ણ માલિકીહકક મળી ગયો તેના હરખમાં ને હરખમાં પેલું ખાવાનું ઝડપથી ખાઈ ગયો. ખાતાંવેંતજ કાતિલ ઝેરની અસરથી તે ત્યાં ને ત્યાં જ ઢળી પડયો. આકાશમાંથી પડેલાં રત્નો આખરે ધરતીએ સંઘર્યાં.



૧૯

# નિયમન ભાવનું કે ભાવ બાંધનારનું?

(ભારત)

પૂર્વે કાશી રાજ્યમાં વારાણસી નગરીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. તેણે પોતાના મહેલ માટેની સાધનસામગ્રીની ખરીદી વાજબી ભાવે થાય તે માટે એક કુશળ અર્ઘકારક(વાજબી ભાવ નક્કી કરનાર)ની નિમણૂક કરી હતી. ભાવ-નિયમનની બાબતમાં આ અર્ઘકારકનો અભિપ્રાય છેવટનો ગણાતો. એક વાર રાજાના મનમાં લોભ લાગ્યો. તેને થયું કે આ અર્ઘકારક વસ્તુઓના જે ભાવ કરાવે છે તે બહુ આકરા છે. જો કોઈ ઓછા ભાવ ઠરાવે એવો અર્ઘકારક મળી જાય તો ફાયદો પડી



જાય.

તેણે તરત જ એ અર્ઘકારકને રજા આપીને તેની જગ્યાએ રાજાની હામાં હા ભેળવનાર અને મૂર્ખ એવા બીજા અર્ઘકારકને નીમ્યો.

આ અર્ઘકારક જોતજોતામાં રાજાના ખજાનામાં ભારે લાભ કરી આપવા માંડયો. હાથી, ઘોડા, ગાય વગેરે કીમતી જાનવરોનું મૂલ્ય તો તે નહીં જેવું જ ઠરાવતો, અને રાજાના નિયમ પ્રમાણે વેચનારે આ અર્ઘકારકે ઠરાવેલું મૂલ્ય લઈને ચાલ્યા જવું પડતું.

એક વાર સરહદ પ્રાંતમાંથી એક ઘોડાનો વેપારી પાંચસો ઘોડા લઈને વેચવા માટે આવ્યો. રાજાએ ઘોડા જોયા. તે તેને ખૂબ જ પસંદ પડયા. તરત જ તેણે અર્ઘકારકને બોલાવ્યો ને પૂછ્યું, "આ પાંચસો ઘોડાની શું કિંમત?"

અર્ઘકારકે બરાબર કયાસ કરીને કહ્યું," આ પાંચસો ઘોડાની કિંમત એક રાડા જેટલી થાય."

રાજાએ તરત જ વેપારીને કમોદનું એક રાડું મંગાવીને આપી દીધું ને પોતાની ઘોડારમાં પાંચસોએ ઘોડા બંધાવી દીધા.

વેપારીના દુઃખનો પાર ન રહ્યો. કોઈએ તેને આ બાબતમાં રાજાના જૂના અને કાઢી મૂકેલા અર્ઘકારક પાસે જવાની સલાહ આપી. તે વેપારી તે જૂના અર્ઘકારક પાસે ગયો ને તેને પોતાની વીતક કથા કહી.

અર્ઘકારકે તેને કહ્યું, "તને એક માર્ગ બતાવું. તું આ ભાવ ઠરાવનારને મોટી લાંચ આપજે, અને તેને ફરી રાજદરબારમાં પૂછી જોજે કે આ ઘોડાઓની કિંમત તો એક રાડું છે તે બરાબર છે પણ મારે આ રાડું વેચવું છે તેની શું કિંમત? રાજદરબારમાં એ વખતે હું હાજર રહીશ."

ઘોડાના વેપારીએ આ સલાહ પ્રમાણે કર્યું. બીજે દિવસે તે રાજદરબારમાં ગયો. પેલો જૂનો અર્ઘકારક પણ ત્યાં હાજર હતો.

ઘોડાના વેપારીએ અર્ઘકારકને પૂછ્યું, "આપે આ મારા પાંચસો ઘોડાનું મૂલ્ય આ કમોદના રાડા જેટલું કર્યું, તે વાજબી છે પણ મારે આ રાડાની કિંમત પણ જાણવી છે. આ રાડાનું મૂલ્ય શું?"

રાજા આમ પૂછવાનું કારણ ન સમજ્યો. તેણે અર્ઘકારકને પૂછ્યું, "પાંચસો ઘોડાની કિંમત શું?"

"કમોદનું એક રાડું".

"અને કમોદના એક રાડાની શું કિંમત?"

"આ રાડાની કિંમત આ વારાણસી નગરી."

આ વખતે વારાણસી નગરીનો વિસ્તાર બાર યોજનનો હતો.

રાજાએ કહ્યું, "એક રાડાની કિંમત વારાણસી નગરી જેટલી હોય?"

"મહારાજ," પેલો જૂનો અર્ઘકારક તક જોઈને બોલ્યો, "જ્યાં પાંચસો ઘોડાની કિંમત એક રાડા જેટલી હોય ત્યાં રાડાની કિંમત વારાણસી નગરી જેટલી જ હોયને!"

રાજા તરત જ સમજી ગયો. તેણે નવા અર્ઘકારકને રજા આપી જૂનાને પાછો તેની મૂળ જગ્યાએ નીમ્યો. પેલા ઘોડાના સોદાગરને તેના ઘોડાની ખરી કિંમત મળી.

## ૨૦

# તમારા ચરણનો પ્રતાપ

## (ભારત)

એક કોળી હતો. સાચકલો હરિભગત હતો. મજૂરી કરીને ઘરનું ગુજરાન કરે, પણ કોઈ સાધુસંત કે અભ્યાગત આવી ચડે તો તેને ત્યાં રોટલો મળ્યા વગર ન રહે. તેને ત્યાં રોજ કો'ક ને કો'ક બાવો આવી જ ચડે. કોઈકવાર એકાદ જમાત પણ ઊતરી પડે. કોળી ભગત બિચારો ઉછીનું માગી લાવીને પણ તેમને જમાડે ને પેલા બાવાઓ તો રોટલા ને દાળ ઝાપટી આખી રાત રાગડા તાણે.

પછી તો કેટલાક સાધુ આ કોળીને ત્યાં હળી ગયા ને જમાત વધવા માંડી. એકવાર તો વીસ-પચીસ જેટલા સાધુઓની ઘીંઘ 'જે રામજીકી' કરીને કોળીને ઘેર આવી ઊતરી ને તેનું આખું ઘર ભરાઈ ગયું. બાવા બધા ખાધેપીધે સુખી હતા, ભગવાં કપડાં પણ માંહીંથી અત્તરની વાસ આવતી હતી. જટા હતી તેમાં કામિનિયા તેલ ફોરતું હતું. જોડા પણ બધા અસલ બાટાના લાગતા હતા. કોળી બહારથી આવ્યો ને ઓસરીમાં જોયું તો એકએકથી ચડિયાતા જોડાની હાર જોઈ. અંદર જઈને જુએ તો ચલમના ધુમાડાના ગોટેગોટા ઊડતા હતા 'જે રામજીકી', 'જે રામજીકી' બધા બાવાઓ બોલી ઊઠયા., "ભગત, આજ તો તુમારે ઘર પર ભજનકી ઝૂક બોલાવવી છે. આંહી આહલેક જગાવવો છે. તુમારા જૈસા ભગત તો હમને બદરીનાથમેં ભી નહીં દેખા હૈ."

કોળીના પેટમાં ફાળ પડી. આ બધાયને કેમ કરીને જમાડીશ? ઘરમાં તો અચ્છેર લોટેય નથી. અને આ તો બધા એકેએક દોઢશેર લોટના ઘરાક છે. ત્યાં તો પેલા સાધુના મુખિયાજી આ ભગતની મૂંઝવણ સમજી ગયા. અને કહેવા લાગ્યા, "ભગત, આજ તો બસ રામજીકી ખુશી, કાલી રોટી ઓર ધોળી દાળ ભલે થઈ જાય." પેલા કોળીને તરત જ આ સાંભળીને આતમજ્ઞાન થઈ ગયું. તેણે કહ્યું, "મહારાજ, હમણાં ઘડીક જનની ધૂન બોલાવો ત્યાં બધુંય રામજીની દયાથી થઈ રહેશે."

સાધુ બધા રંગમાં આવી ગયા ને રામસાગરના તાર મેળવવાનું શરૂ થયું.

પેલો કોળી બહાર ઓસરીમાં જેટલા જોડા પડયા હતા તે બધાય એક ફાંટમાં ભરીને મોચીની દુકાને ગયો, ને જોડાના બદલામાં પચાસ જેટલા રોકડા રૂપિયા લઈને બજારમાંથી જેટલી મળે તેટલી સારામાં સારી મીઠાઈ લઈ આવ્યો. આ બાજુ પેલા બાવાઓ ગળાં મોકળાં મૂકી કૂણાં કરતા હતા ને ભૂખ ઉઘાડતા હતા.

પેલો કોળી ત્રણચાર સુંડલા ને બેચાર બોઘરણાં ભરીને ખાવાનું લઈને આવ્યો, ને કહ્યું, "બાપુ, હવે પરસાદનો વખત થઈ ગયો છે. ભજન બંધ કરો." સાધુઓ આની વાટ જ જોતા હતા. તરત જ પાતળ પીરસાયાં, ને પેલા કોળીએ ભાતભાતની મીઠાઈ ને દૂધપાક પીરસવા માંડયો.


બાવાઓએ તો ધાર્યું નહોતું કે ખરેખર આવું ખાવાનું મળશે. જોતજોતામાં તો દૂધપાકના સબડકા બોલાવા માંડયા, "વાહ, ભગત, વાહ! શું તારી ભકિત છે! આ તો સગાળશા શેઠનો અવતાર છે!"

કોળી બોલ્યો, "બાપુ, આમાં મારું કંઈ નથી. આ તો બધો તમારાં ચરણનો પ્રતાપ છે."

આ સાંભળીને તો સાધુ વધારે તાનમાં આવી ગયા, "અરે, વાહ! ભગત તારી મોટાઈ! આટલાં વાનાં તૈયાર કર્યાં છે પણ છે જરાય અભિમાનનો છાંટો! આનું નામ હરિભગત, બાકી બધા કહેવાના ભગત."

કોળી આ સાંભળી ફરીવાર બોલ્યો, "બાપુ, હું સાચેસાચું કહું છું. આ તમે જમો છો એમાં કાંઈ મારું નથી. બધુંય આપનાં ચરણોના પ્રતાપે થયું છે."

આમ સાધુ ને કોળી વચ્ચે વાતો ચાલતી હતી, ને બીજી બાજુ ખાવાનું ચાલતું હતું. જોતજોતામાં સાધુઓ બધું ખાવાનું



સાફ કરી ગયા ને મોટામોટા ઓડકાર ખાઈને મોઢાં ધોતાંધોતાં વળી એકવાર છેલ્લે પેલા ભગતનાં વખાણ કર્યાં. ભગતે વળી આ સાધુઓનાં ચરણોના પ્રતાપનાં ગુણગાન ગાયાં.

મૂળ કામ પતી ગયું એટલે સાધુઓએ ખંભે ઝોળીઓ નાખીને પેલા ભગતની વિદાય લીધી ને આંગણામાં આવ્યા. જુએ તો ત્યાં એક જોડો ન મળે. બધાને એકદમ આતમજ્ઞાન થયું.

વળાવવા આવેલા કોળીને કહે, "એલા, બધા જોડા ક્યાં સંતાડયા? આખરે જાત પર ગયો ને, ચોર!" કોળીએ કહ્યું, "મહારાજ, હું તો કહેતો હતો કે આ જે તમે બધું જમો છો તે તમારાં ચરણોનો જ પ્રતાપ હતો, પણ તે વખતે તમે સમજ્યા નહીં. હવે પેલા મોચીની દુકાને જઈને પચાસ રૂપિયા રોકડા આપશો એટલે તે બધાના જોડા પાછા આપી દેશે. એ આવજો. જે રામજીકી."

કોળી ભગતને ત્યાં પછી આ જમાતનો આવરોજાવરો અટકી ગયો.

## ૨૧

# કણ દેવતા

## (ભારત)

એક ગામમાં એક ખેડૂત રહેતો હતો. ખેડૂત ખાધેપીધે સુખી ગણાય. જીવ પણ સંતોષી હતો. ઘરમાં પટલાણી પણ પેટે અવતાર લઈએ એવાં. આખા ગામમાં પટેલ અને પટલાણી ભગવાનનાં માણસ તરીકે પૂજાય. તે બંને જણ ભગવાનની સેવા ગણીને ધરતી માતાની સેવા કરે ને તેમાંથી જે રોટલો ને છાશ મળે તે ભગવાનની પ્રસાદી માનીને ખાય. ખેડમાં તો કોક વરસ ખોટ પણ આવે, ને કો'ક વરસ સારુંય પાકે. પણ ખોટમાં કે હાંસલમાં બંને જણ મનની સમતા રાખીને પોતાનું કામ કર્યા કરે.


એમાં કોણ જાણે શાથી પણ પટેલને શરીરે કંઈક રોગ થયો. આમ અત્યાર સુધી કોઈ દિ' પટેલના નખમાંય રોગ નહીં, એટલે પટલાણીને જરાક ચિંતા થઈ. ગામમાં એક બે વૈદ્ય હતા, તેમને નાડ બતાવી. તેમણે પડીકાં આપ્યાં ને ઉકાળા ચીંધ્યા. દવા કરી, પણ પટેલ રોજ-બ-રોજ લેવાતા જાય ને રોગ કળ્યામાં ન આવે. પટલાણીએ તો દાન-પુણ્ય કરવા માંડયાં. વ્રત, બાધા, આખડી લીધાં; પણ તોય પટેલનો રોગ હઠે નહીં. પટેલને પણ થાય કે આ તે કઈ જાતનો રોગ હશે? રોજરોજ પટેલનું શરીર લેવાતું જાય, ખેડ રઝળવા માંડી, ગામમાં પણ બધાને થયું કે આવા ધરમીને ત્યાં આ ધાડ કયાંથી આવી?

એમાં એક દિ' પટલાણી મંદિરમાં કથા સાંભળવા ગયાં. બ્રાહ્મણે આજે એક નવી જ કથા કહી:

"એકવાર શંકર અને પાર્વતી કૈલાસ પર્વત પરથી નંદી પોઠિયા પર બેસીને મૃત્યુલોકમાં ફરવા નીકળ્યાં હતાં. ત્યાં નીચે ધરતી પર કંઈક મોતી જેવું ચમકતું નજરે પડયું. પાર્વતીજીએ શંકરને પૂછ્યું, "પેલું ચમકતું દેખાય છે તે શું છે, એ મારે જોવું છે." નીચે ઊતરીને જોયું તો એક મોટું દાણાથી ખીચોખીચ ભરેલું ડૂંડું હતું. એમાંનો એકએક દાણો મોતી જેવો ચમકતો હતો. પાર્વતીજીએ એ ડૂંડું લઈ લીધું. શંકરે કહ્યું, "પાર્વતીજી, એ ડૂંડું ધરતી માતાનું બાળક છે. તે ધરતીમાં જ પોઢે ને ધરતીમાંથી જ ધાવણ પામે. તેને તમે લઈ જશો તો તે બિચારું સુકાઈ જશે. આ એક-એક કણમાંથી તો ધરતી મણ-મણ કરીને પાછા મૃત્યુલોકના માનવીને ધરવે છે. એનો લોભ ન રખાય. તેને પાછું મૂકી દો." પણ પાર્વતીજીનું મન તો તે ડૂંડાના દાણામાં ચોટયું હતું. તે કોઈ વાતે ન માન્યાં ત્યારે શંકરે કહ્યું, "તો પછી એમ કરજો કે એ ડૂંડામાંના દાણા કૈલાસ પર્વત પરની ધરતીમાં નાખી દેજો. હળે કરીને ધરતીને ખેડજો ને પછી તેમાં આ દાણાને એક-એક કરીને વેરી દેજો ને પછી તેને ગંગાજીનાં પાણી પાજો."

શંકર-પાર્વતી પાછાં કૈલાસે ગયાં. શંકર તો પોતાની સમાધિમાં બેસી ગયા. પણ પાર્વતીજી વિચાર કરવા લાગ્યાં કે આવું રૂપાળું આ મોતીના મુગટ જેવું ડૂંડું પટારામાં રાખી મૂકું તો કેવું સારું! આ જોઈને તો મન કેવું રાજી થાય છે? એટલે એમણે તો ડૂંડું પટારામાં તળિયે સંતાડીને રાખી મૂકયું.

આ બાજુ એકાએક મૃત્યુલોકમાં તો કાળોકેર થવા માંડયો. દુકાળ પર દુકાળ પડવા માંડયા. ઢોર, માણસ ટપોટપ મરવા માંડયાં. દુનિયામાંથી જાણે એકાએક દાણાનો કણ રિસાઈ ગયો છે. કણદેવતા કોપ્યા છે. જમરાજાને તો ઘડીની નવરાશ નથી, ધરતી ઉજ્જડ થવા માંડી છે, સ્વર્ગમાં પણ હાહાકાર મચી ગયો છે. કોઈ આનું કારણ કળી શકતું નથી. શંકર કૈલાસમાં તપ કરતા હતા ત્યાં બધા દેવો ગયા ને તેમની પાસે ધા નાખી, "ભગવાન, આ આખી ધરતી પર કાળો કેર વર્તી ગયો છે. આમાં તમે રક્ષા કરો." શંકર ભગવાન પણ વિચારમાં પડી ગયા ને તેમણે પાર્વતીજીને બોલાવ્યાં, "દેવી, તમે પહેલાં ડૂંડાના કણ વાવ્યા હતા તે કેવડા થયા?" પાર્વતીજી તો ઝંખવાણાં પડી ગયાં. તેમણે કહ્યું, "મહારાજ, તે ડૂંડું તો મેં પટારામાં જ મૂકી રાખ્યું છે."



શંકરે કહ્યું, "અરરર, પાર્વતીજી, તમે તો કાળો કેર કરી નાખ્યો. કણદેવતાને પૂરી રાખ્યા? અને તેય તમ જેવાં ધરમી સતીએ? તમારા આ કૃત્યે તો ધરતી આખી ધમરોળાઈ ગઈ!"

સતી તો ગળગળાં થઈ ગયાં. તેમણે કહ્યું, "મહારાજ, હવે આનું નિવારણ શું તે કહો."

"સતી, હવે કણદેવતાને કેદખાનામાંથી કાઢો. મૃત્યુલોકમાં જાઓ ને કણના મણ કરીને અન્નપૂર્ણા સ્વરૂપે જગતમાં ફરો. મરેલાંને જીવતાં કરો અને કણદેવતાને રીઝવો."

પાર્વતીજીએ કણદેવતાને પટારામાંથી બહાર કાઢ્યા ને તેને ધરતીમાતાને ખોળે પાછા મૂકી આવ્યાં. ધરતી પર પાછી લીલા-લહેર થઈ ગઈ."

પટલાણીજી તો આ વારતા સાંભળીને મનમાં ને મનમાં આ નવી વારતા ઘૂંટતાંઘૂંટતાં ઘેર આવ્યાં. રાતે પટેલના ખાટલા પાસે બેસીને કહે, "આજ તો એક નવી જ કથા સાંભળી. તમારા જેવા જીવને એ ગમે તેવી છે. તે કહો તો સંભળાવું."


પટેલના જીવને આમેય ગોઠતું નહોતું. એટલે વારતા સાંભળવામાં મન લાગે તો સારું, એમ કરીને તેમણે હા પાડી. એટલે પટલાણીએ કણદેવતાની આખી વારતા કહી. વારતા પૂરી થઈ ત્યાં તો પટેલની આંખોમાંથી શ્રાવણભાદરવો વહેવા લાગ્યો. પટલાણી તો ફફડવા માંડયાં, "આ શું? તમે રૂઓ છો કેમ?"

"પટલાણી, આ તો મારી જ વારતા થઈ. આજ તમને પેટ છૂટી વાત કહી દઉં. એક વરસ દુકાળ પડયો ત્યારે આપણે ખેતરમાં કંઈક ઠીક પાકેલું. દેશ આખામાં દુકાળનો બોકાસો બોલતો હતો, ત્યારે મને થયું કે લાવને થોડોક દાણો સંઘરીને છાનોમાનો દાટી દઉં. કોઈક વળી આપણો દાણો ભાળશે ને માગશે તો આપણાથી ના નહીં પડાય, ને આમ દાટયો હશે તો કો'ક દહાડો આપણે કામમાં આવશે. આમ વિચાર કરીને મેં

કણદેવતાને કેદમાં પૂર્યા. આ તેની જ શિક્ષા મને થઈ છે. એ જ મારો રોગ છે. જાઓ એ દાણો બધો બહાર કાઢો. પણે પટારા હેઠ ખાડો ગાળીને દાટેલ છે. કણદેવતાને બહાર કાઢો, એટલે મારો રોગ જશે."

પટલાણીએ દાણો બહાર કાઢ્યો. પટેલે ખાટલે સૂતાંસૂતાં બે હાથ જોડ્યા ને કહ્યું, "હે દેવ, મેં તમને ધરતીમાં પોઢાડવાને બદલે કેદમાં પૂરી રાખ્યા તે મારો વાંક માફ કરો."

પટેલના જીવને ટાઢક થઈ. પંડમાંથી રોગ ભાગવા માંડ્યો ને પટેલ પાછા હતા તેવા નરવા થઈ ગયા.




## ૨૨

# ધન ક્યાં શોધવું ?

## (ભારત)

એક પરદેશી પરદેશથી કમાઈને પોતાની કમાણી ગાંઠે બાંધીને પોતાના વતન તરફ પાછો ફરતો હતો. ધોરી માર્ગ પર આવા કમાઈને પાછા ફરતા મુસાફરો પર જ પોતાની કમાણી કરતો એક ઠગરાજ તેની પડખે ચડી ગયો. થોડાક વખતમાં તેણે મિત્રતા સાધી લીધી. પેલા મુસાફરે બહુ જ નિખાલસપણે પોતાની કમાણી વિશેની માહિતી આપી દીધી. ઠગ કેટલું



પૂછવું અને કેટલું ન પૂછવું તે વિશે પૂરી સમજણ ધરાવતો હતો, એટલે આ કમાણીનું ધન તે મુસાફર કયા સ્વરૂપમાં અને કઈ જગ્યાએ રાખે છે તે જાણવા માટેની પોતાની આતુરતા પૂરેપૂરી કાબૂમાં રાખીને સાથેસાથે ચાલ્યો.

રાત પડી. એક ધર્મશાળા આવી. બંને જણ એક જ ઓરડામાં પડખેપડખે સૂતા. ઠગે પેલા મિત્રને ચેતવ્યો કે આ ધર્મશાળામાં બધા ઠગ જ વસે છે, કાંઈ ચીજ હોય તો સાચવીને રાખજો ને કંઈ મુશ્કેલી જણાય તો મને સાચવવા આપો. પેલા મુસાફરે એટલા જ ભોળા ભાવે કહ્યું કે તેને જોખમ સાચવવામાં કાંઈ જ વાંધો નહીં આવે. અહીં તે કોણ ચોરવા આવવાનું હતું? ઠગે પથારી કરતી વખતે ઘણો પ્રયત્ન કર્યો, પણ પેલો મુસાફર પોતાનું જોખમ કયાં સંતાડે છે તે કળી શકાયું નહીં.

મધરાતે પેલો ઠગ જાગ્યો; પેલો મુસાફર તો ઘસઘસાટ ઊંઘતો હતો. ઠગે મુસાફરનું પોટલું તપાસ્યું, તેનાં ખિસ્સાં તપાસ્યાં, ઓશીકે મૂકેલ લૂગડાં પણ તપાસ્યાં પણ તેને કંઈ ન મળ્યું. તે નિરાશ થઈને સૂઈ ગયો.

બીજે દિવસે પાછી મુસાફરી શરૂ થઈ. ઠગની મૂંઝવણનો પાર ન હતો. તેણે વાતવાતમાં મુસાફરને પૂછી પણ લીધું કે આટલું બધું જોખમ, તમારી આટલી મોટી કમાણી તમારી સાથે જ ફેરવો તે તમને લૂંટાવાનો ડર નથી લાગતો? પેલો મુસાફર કહે, "તમ જેવા સાથી હોય, પછી ડર શાનો? આપણે તો 'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે'માં જ માનીએ."

ઠગને થયું કે જોખમ તો બધું તેની સાથે જ છે. બીજી રાત પડી. બીજી ધર્મશાળા આવી. રાતે સૂતા. એ જ પ્રમાણે મધરાતે ઠગ જાગ્યો. ખૂબ વીગતથી પેલાનો બધો સામાન તપાસ્યો, પણ કંઈ જ પત્તો ન લાગ્યો.

સવાર પડી. મુસાફરી વળી શરૂ થઈ. હવે તો મુસાફરનું ગામ પાસે આવ્યું. ઠગને થયું કે મને ખરેખર માથાનો મળ્યો. ગામમાં પેસતાં પહેલાં પેલા મુસાફરે ભાવથી પેલાને રામરામ કર્યા. "કાંઈ જોતું-કારવતું હોય તો માગી લો. તમે મારા મિત્ર છો એટલે તમારો હકક છે. તમે મને આ માર્ગમાં જોખમ સાચવવામાં મદદ કરી એટલે તમારો આભાર માનું એટલો થોડો છે," એમ કહીને તેણે પોતાના પોટલામાંથી એક કોથળી કાઢી. તેમાં સોનામહોરો હતી. પેલો ઠગ તેને પગે પડયો ને કહે, "ભઈલા! તું મારો ગુરુ ને હું તારો ચેલો. મારે કંઈ નથી જોઈતું. પણ તું મને એટલું કહે કે તું આ ધનનું જોખમ રાતે સૂતી વખતે કયાં રાખતો હતો?"

"એમાં તે શો મોટો ભેદ છે? રાતે સૂતી વખતે મારા જોખમની આ નાનકડી કોથળી હું તારા ઓશીકે મૂકી દેતો અને સવારે તું ઊઠ કે તરત જ તે પોટલી હું ખેંચીને મારી પાસે લઈ લેતો. મને ખબર હતી કે તું શું કામ મારો ભાઈબંધ થયો છું અને તારી નજર મારા ફરતી ફર્યા કરતી એટલે મેં સૌથી સલામત જગ્યા જ શોધી કાઢી. કેમ બરાબર ને?"

ઠગ સોનામહોર કરતાં પણ વધુ મેળવી છૂટો પડયો.

## ૨૩

# પરાક્રમનો અભિનય

## (ભારત)


પ્રાચીન કાળમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો, ત્યારે હિમાલયની કાંચન ગુફામાં એક કેસરી સિંહ રહેતો હતો.

એક દિવસ સિંહ કાંચન ગુફામાંથી બહાર આવી, એક મોટું બગાસું ખાઈ, ગર્જના કરીને શિકાર કરવા માટે નીકળી પડ્યો. તેણે એક મોટા પાડાનો શિકાર કર્યો. તેનું માંસ ધરાઈને ખાધું ને પછી એક તળાવમાં પાણી પીને પોતાની ગુફા તરફ પાછો ફરતો હતો ત્યાં સામેથી શિકારની શોધમાં નીકળેલ શિયાળની નજર તેના પર પડી. શિયાળને માટે ભાગવું મુશ્કેલ હતું, એટલે તરત જ તે આવીને સિંહના પગમાં પડ્યું.

"શિયાળ, શું છે?" સિંહે પૂછ્યું.

"મહારાજ, આપના ચરણોની સેવા કરવા ઇચ્છું છું."

"ભલે, ચાલ મારી સાથે કાંચન ગુફામાં. ત્યાં મારી સેવા કરજે. તને સારુંસારું ખાવા આપીશ," સિંહ તેને કાંચન ગુફામાં લઈ ગયો.



શિયાળને તે દિવસથી સિંહના શિકારનું તાજુંતાજુ માંસ મળવા લાગ્યું. જોતજોતામાં શિયાળ શરીરે તગડો થઈ ગયો.

એક દિવસે ગુફામાં આરામથી સિંહે શિયાળને કહ્યું, "અલ્યા શિયાળ! આ પર્વતના શિખર પર ચડીને તું નજર કર. અને નીચે હાથી, ઘોડા, પાડા વગેરે જાનવરોને તું ફરતાં જુએ, તેમાંથી જ્યારે જે પ્રાણીનું માંસ ખાવાની ઇચ્છા થાય, ત્યારે મારી પાસે આવીને પ્રણામ કરીને કહેવું કે હે મહારાજ! આપનું પરાક્રમ બતાવો. એટલે હું તરત જ તે પ્રાણીને મારીશ ને તેનું માંસ તને પણ આપીશ."

શિયાળ પર્વતના શિખર પર ચડીને નીચે ચરતાં જાતજાતનાં પ્રાણીઓને જોતો ને જે પ્રાણીનું માંસ ખાવાની ઇચ્છા થાય તેનું નામ કાંચન ગુફામાં આવીને સિંહ પાસે રજૂ કરતો, અને પગમાં પડીને કહેતો, "મહારાજ! આપનું પરાક્રમ બતાવો." સિંહ એકદમ બહાર ચાલી છલાંગ મારીને મદમસ્ત હાથી જેવા પ્રાણી-નો પણ શિકાર કરતો, અને પોતે તે શિકારનું માંસ ધરાઈને ખાધા પછી વધેલું માંસ શિયાળને આપી દેતો. શિયાળ એ માંસ ધરાઈ-ધરાઈને ખાતો ને પછી નિરાંતે ગુફામાં જઈને સૂઈ જતો.


જેમજેમ વખત જતો ગયો, તેમતેમ શિયાળના મનમાં અભિમાન ઉત્પન્ન થવા લાગ્યું. તેને થયું: મારે પણ ચાર પગ છે. હું રોજ શું કામ બીજાના બળ ઉપર નભતો રહું? હવેથી હું પણ હાથી વગેરે પ્રાણીઓનો શિકાર કરવાનું શરૂ કરી દઉં. હું સિંહને કહું છું કે 'હે મહારાજ! આપનું પરાક્રમ બતાવો.' ત્યારે જ સિંહ શિકાર કરી શકે છે. હવે હું પણ સિંહ પાસે કહે-વડાવું કે 'હે શિયાળભાઈ, આપનું પરાક્રમ બતાવો.' એટલે હું પણ એકાદ હાથીને મારીને તેનું માંસ ખાવાનો.

તેણે સિંહને કહ્યું, "મહારાજ, મેં કેટલાય કાળ સુધી આપે કરેલા શિકારનું માંસ ખાધું. હું પણ હવે એકાદ હાથીને મારીને તેનું માંસ ખાવા ઇચ્છું છું. કાંચન ગુફામાં જે જગ્યાએ આપ આરામ કરવા માટે સૂઓ છો, તે જગ્યાએ હવે હું સૂઈશ. આપ પર્વતના શિખર પર ચડીને નીચે ફરતા હાથીને જોઈને મારી પાસે આવીને કહેજો કે હે શિયાળભાઈ! આપનું પરાક્રમ બતાવો. મારા પર અનુગ્રહ કરીને મારી આટલી વિનંતી સ્વી-સ્વીકારો."

સિંહે કહ્યું, "શિયાળવા! હાથી મારવાનું તારું ગજું નથી. શિયાળના કુળમાં કોઈ હાથી મારનારો હજુ પેદા થયો નથી. તું આવી માગણી કર મા. મારા શિકારમાંથી વધેલા માંસથી જ તારું પેટ ભર."

પણ શિયાળ કોઈ રીતે ન માન્યો અને વારેવારે સિંહને આ પ્રમાણે વિનંતી કરવા લાગ્યો. સિંહે જ્યારે જોયું કે શિયાળ નહીં માને, એટલે તેણે શિયાળની માગણી સ્વીકારી, "ભલે, તું મારી જગ્યાએ ગુફામાં સૂઈ જજે". શિયાળને સુવાડીને સિંહે પર્વત-ના શિખર પર જઈને જોયું તો એક મદમસ્ત હાથી ફરતો હતો. સિંહે ગુફાના દ્વાર પાસે આવીને કહ્યું. "શિયાળભાઈ, નીચે હાથી છે. આપનું પરાક્રમ બતાવો."

શિયાળભાઈ ગુફાની બહાર આવ્યા. એક વાર બગાસું ખાધું, અને જ્યારે ચારે બાજુ જોઈને ત્રણવાર તીણી લાળી કરીને પછી મસ્ત હાથી પર કૂદકો માર્યો. કૂદકો પૂરો ન પડ્યો. શિયાળ હાથીના માથાને બદલે પગ પર પડ્યો. એક તીણી લાળી હાથીના પગ નીચે સંભળાઈ ને શિયાળનું શરીર રોટલો થઈને હાથીના પગ પાસે પડ્યું.



## ૨૪

# તેતર અને શિકારી

(ભારત)


એક જંગલમાં તેતરનું એક મોટું ટોળું રહેતું હતું. એક શિકારી આ તેતરના રહેઠાણની નજીક છાનોમાનો સંતાઈને તેતરના જેવો અવાજ કરતો, એટલે બધાં તેતરો તે જગ્યાએ ભેગાં થતાં. તેતર ભેગાં થાય કે તરત જ તે શિકારી જાળ નાખી-ને તેમાં કેટલાંય તેતરોને પકડી લેતો. આ તેતરોને વેચીને તેમાં-થી તે પોતાની આજીવિકા ચલાવતો.

એકવાર આ તેતરોમાંથી એક આગેવાન તેતરે બધાંને ભેગાં કરીને કહ્યું, "આ શિકારી આ રીતે આપણી જાતિનો નાશ કરી નાખે તે પહેલાં આપણે કંઈક કરવું જોઈએ."

"શું કરવું? તમે જ રસ્તો બતાવો."

"જુઓ, હું એક માર્ગ બતાવું. હવે જેવો એ આપણા ઉપર જાળ નાખે એટલે જાળની એકએક ગાંઠમાં માથું રાખીને જાળ સાથે આપણે બધાંએ ઊડી જવું ને કોઈ એક કાંટાવાળી ઝાડીમાં જઈને તેના પર નાખી દેવી ને ઝાડીની નીચેથી આપણે સૌએ નીકળીને ઊડી જવું."

બધાંને આ ઉપાય ગમી ગયો. બીજે દિવસે પેલા શિકારીએ



જાળ નાખી એટલે બધાંય તેતરોએ એકી સાથે જોર કરીને આખી જાળ ઉપાડીને એક કાંટાવાળા ઝાડપર મૂકી. ને નીચેથી બધાં પક્ષીઓ આમતેમ ભાગી ગયાં.

પેલો શિકારી એ જાળ લેવા માટે પાછળપાછળ ગયો ને પેલી કાંટમાંથી માંડ-માંડ જાળને બહાર કાઢી, અને સવારથી માથાકૂટ કરતાં ઠેઠ સૂર્ય આથમી ગયો ત્યારે ખાલી જાળ લઈને ઘેર પહોંચ્યો.

આમ રોજ થવા માંડ્યું. સાંજે ખાલી હાથે ઘેર આવતો જોઈને તેની સ્ત્રીને વહેમ પડવા લાગ્યો. તેણે કહ્યું, "આમ રોજ ને રોજ ખાલી હાથે આવો છો તે શિકારનો માલ કો'ક બીજીને તો નથી આપી આવતાને ?"

"ના, રે ના. વાત એમ છે કે આ બધાં તેતરમાં એવો સંપ છે કે હું જેવી જાળ ફેંકું છું તેવાં બધાં ભેગાં થઈને જાળ ઉપાડીને ઊડી જાય છે. પણ તું મૂંઝાઈશ મા. તેમાંય કો'ક દિ' ફાટફૂટ પડશે અને ત્યારે આપણે ફાવશું."

કેટલાક દિવસો પછી આ તેતરોનું ટોળું એક ગૌચરમાં ઊતરીને ચરતું હતું. તેઓ ચરતાંચરતાં લહેરમાં આવીને રમતગમત પણ કરતાં હતાં. એ વખતે નીચે ઊતરતું એક તેતર ભૂલથી એક તેતરના માથા પર થઈને ઊતર્યું. એ તેતરનો મિજાજ ગયો, "કોણ મારા માથા પર થઈને ઊતર્યું ?"


"ભાઈ, ભૂલથી હું તારા માથા પર થઈને ઊતર્યો, ખિજાઈશ મા."

તો પણ પેલા તેતરનો ક્રોધ શાંત ન થયો. તે વધુ ને વધુ બોલવા લાગ્યો. વાત વધી ગઈ. તરત જ બે પક્ષો પડી ગયા. વારંવાર બોલતાં-બોલતાં એકબીજાંને મેણાં મારવાનું શરૂ થયું, "આ જાળ તું જ ઉપાડતો હોઈશ, નહીં ?"

આ પ્રમાણે ઝઘડો વધતો જતો જોઈને પેલા આગેવાન તેતરને થયું કે હવે બાજી બગડી છે. આ જાળ હવે આ ભેગાં થઈને ઉપાડે એમ લાગતું નથી, અને આમાંથી જ આ બધાંનો વિનાશ થશે. પેલો શિકારી હવે ફાવવાનો. તેણે આ બધાં તેતરોને ખૂબ સમજાવ્યાં, પણ કોઈને ગળે એ વાત ઊતરી નહીં, એટલે તે તેતર થોડાંએક સમજુ તેતરોને લઈને ઊડી ગયું.

ફરી પેલો શિકારી સંતાઈને ઊભો રહ્યો ને તેતરની બોલી બોલવા માંડ્યો. તેતરો બધાં ભેગાં થઈ ગયાં, એટલે તરત જ તેણે જાળ નાખી. ત્યારે એક તેતરે બીજાને કહ્યું, "લે, બહુ ડંફાસ મારતો હતો, તે હવે ઉપાડ આ જાળ." બીજાએ કહ્યું, "તું કહેતો હતો કે જાળ ઉપાડી-ઉપાડીને મારી પાંખનાં પીંછાં ખરી ગયાં: તે હવે ઉપાડી લે."

આ પ્રમાણે "તું ઉપાડ." "તું ઉપાડ" એમ એકબીજાંની સાથે તકરાર શરૂ થવા લાગી. પેલો શિકારી સમજી ગયો. તેણે તરત જ જાળ સંકેલીને તેતરોને પેટીમાં ભરીને ઘર તરફ ચાલવા માંડ્યું.



## ૨૫

# ધન ક્યાં દાટ્યું છે?

**(ભારત)**

પૂર્વે વારાણસી નગરીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. ત્યારે તે નગરમાં એક વેપારી હતો. તેની પાસે ખૂબ પૈસો



હતો, અને મોટી અવસ્થાએ પરણ્યો હતો. તેને એક પુત્ર થયો. વૃદ્ધાવસ્થામાં તેને વિચાર આવ્યો કે મારી સ્ત્રી જુવાન છે, છોકરો નાનો છે અને હું એકાએક મૃત્યુ પામીશ તો મારી સંપત્તિનું શું થશે? અને સ્ત્રી વેડફી નાખે તો મારા પુત્રનું શું થાય? તેને એક મિત્ર હતો. પણ આ મિત્ર પર પણ વિશ્વાસ મૂકવાનું મન ન માન્યું. તેના ઘરમાં એક નંદ નામનો ખૂબ વિશ્વાસુ અને જૂનો નોકર હતો. તેને બોલાવીને તેણે કહ્યું, "નંદ, મારું એકાએક મૃત્યુ થાય અને મારું ધન વેડફાઈ ન જાય તે માટે આપણે તેને કોઈ ગુપ્ત જગ્યાએ દાટી આવીએ. મારો પુત્ર મોટી ઉંમરનો થાય, ત્યારે તું તેને તે ધન આપજે."

નંદની સાથે જઈને શેઠે એક જંગલમાં ગુપ્ત જગ્યાએ ધનને દાટી દીધું. આ પછી થોડા જ વખતે શેઠ ગુજરી ગયા.

પછી તો વર્ષો વીતી ગયાં ને શેઠનો પુત્ર મોટો અને ઉંમરલાયક થયો. તેની માએ પુત્રને કહ્યું, "બેટા, તારા પિતાએ નંદને સાથે રાખીને ક્યાંક ધન દાટ્યું છે. તું તે ધન કઢાવીને લઈ આવ."

પુત્રે નંદને પૂછ્યું, "મામા, મારા પિતાએ ક્યાંક ધન દાટેલું છે?"

"હા, શેઠ."

"ક્યાં દાટ્યું છે?"

"જંગલમાં."

"તો ચાલ, આપણે તે કાઢી આવીએ," એમ કહીને બંને જણ જંગલમાં ઊપડ્યા. ધન દાટેલી જગ્યાએ પહોંચ્યા. શેઠના પુત્રે પૂછ્યું, "મામા, કઈ જગ્યાએ ધન દાટેલું છે?"

નંદ ધન દાટેલી જગ્યાએ જઈને ઊભો કે તરત જ તાડૂક્યો, "જા, જા, ગોલા! અહીં તારું ધન કેવું? ભાગ."


શેઠનો પુત્ર સ્તબ્ધ બની ગયો અને નિરાશ થઈને બોલ્યો, "તો ચાલો પાછા."

બેત્રણ દિવસ પછી શેઠના પુત્રે ફરી નંદને વાત કરી. નંદ કહે, "હા, ચાલો. જંગલમાં અમુક જગ્યાએ ધન દાટેલું છે." વળી બંને જણ ગયા. નંદ જેવો એ જગ્યાએ પહોંચ્યો કે તરત જ ફરી તાડૂક્યો ને ગાળો દેવા લાગ્યો.

છોકરો ભારે મૂંઝાયો. તેની માને વાત કરી. નંદ જેવો વિશ્વાસુ ને સાવ ભોળા દિલનો માણસ જંગલમાં જતાં આવી રીતે વર્તે તેનું કારણ તેની મા પણ ન સમજી શકી. તેની માએ છેવટે પુત્રને કહ્યું, "બેટા, તારા બાપના એક મિત્ર નગરમાં રહે છે. તેની પાસે જઈને તેની સલાહ લે."

પુત્ર પોતાના બાપના મિત્ર પાસે ગયો ને તેમને પ્રણામ કરીને આ બધી વિચિત્ર હકીકત કહી સંભળાવી. થોડી વાર વિચાર કરીને બાપના મિત્રે કહ્યું, "જો બેટા, નંદ જંગલમાં જે જગ્યાએ જઈને તને ગાળો બોલવા લાગે છે, તે જગ્યાએ જ બરાબર ખોદ. ત્યાંથી બધું ધન નીકળશે. નંદ પોતે ગાળો બોલતો નથી. અંદર સંતાયેલું ધન તેને મોઢેથી ગાળો બોલાવે-છે. માટે ત્યાં જ ધન હોવું જોઈએ."

શેઠનો પુત્ર તેમની સલાહ પ્રમાણે જંગલમાં તે જગ્યાએ ગયો અને ત્યાં ખોદ્યું તો ત્યાંથી તેના પિતાનું દાટેલું તમામ ધન મળી આવ્યું.



60%

૨૬

# એક જ ચીજ : મૃત્યુદાતા ને જીવનદાતા

(ભારત)

એક કઠિયારો હતો. તે દૂરના એક જંગલમાંથી ચંદન વૃક્ષનાં લાકડાંનો ભારો કાપીને શહેરમાં વેચવા આવતો, પણ ચંદનનાં લાકડાં કોણ વેચાતાં લે? આખો દિવસ તે ભટકતો તો પણ તેને કોઈ ઘરાક મળતું નહીં, એટલે તે નિરાશ થઈને પાછો ઘેર જતો.

એક દિવસ તેણે એક નગરજનને પૂછ્યું, "ભાઈ! મારી પાસે આ ચંદનનાં લાકડાંનો ભારો છે, તે કોઈ ખરીદતું નથી. તેનો કોઈ ઘરાક મળશે ?"

"ભાઈ ! ચંદનનું લાકડું તો કોણ રોજ વાપરે ? એ તો કોઈ રાજા જેવો મહાપુરુષ મરે તો તેની ચિતા માટે ઉપયોગમાં આવે. બાકી કોઈ ખરીદે નહીં."

કઠિયારાને થયું કે લાવને આ ભારો લઈને રાજમહેલની બહારના ચોકમાં બેસું. રાજાનું મૃત્યુ થાય તો તરત જ મારો ભારો વેચાઈ જશે.

કઠિયારો હવે રોજ સવારના રાજમહેલની બહારના ચોકમાં ભારો લઈને બેસે. રાજા રોજ સવારમાં ઊઠીને ઝરૂખામાંથી નજર કરે તો આ કઠિયારાને ચંદનના લાકડાના ભારા સાથે બેઠેલો જુએ. રાજાને જોતાં જ કઠિયારાને મનમાં થાય કે હવે ક્યારે આ રાજાનું મૃત્યુ થાય ને મારો ભારો ખપે.

બીજી બાજુથી રાજાને પણ કુતૂહલ થયું કે આ કઠિયારો હમણાં કેમ રોજ સવારના અહીં બેસે છે, ને સાંજ સુધી બેસી રહે છે? તેણે એક નોકરને ખાનગી રીતે તપાસ કરવા મોકલ્યો. નોકરે સહજ ભાવે કઠિયારાને અહીં બેસવાનું કારણ પૂછ્યું ને કઠિયારાએ એવા જ સહજભાવે તેનો જવાબ આપ્યો. નોકરે આ જવાબ રાજાને ખચકાતાંખચકાતાં કહ્યો.

રાજાને મનમાં થયું: બિચારો કઠિયારો ! કેવી આતુરતાથી ભોળે ભાવે તે મારા મૃત્યુની રાહ જોઈ રહ્યો છે !

રાજાના મનમાં આ વાત નિરંતર ઘોળાવા લાગી ને જ્યારે-જ્યારે ઝરૂખા બહાર નજર કરીને આ કઠિયારાને જુએ ત્યારે એ જ વાત—ચંદનનો ભારો અને પોતાનું મૃત્યુ, એ તેની આંખ આગળ તરવા લાગી.

દિવસે-દિવસે રાજાનું શરીર બગડવા લાગ્યું. કંઈ ન કળાય એવો વ્યાધિ તેના શરીરને પીડવા લાગ્યો. રાજ્યના સારાસારા વૈદ્યો ને રાજવૈદ્ય આનું નિદાન કરવા લાગ્યા, પણ શરીરના કોઈ ભાગમાં રોગનું ચિહ્ન ન હતું, છતાં રાજા દહાડે-દિવસે સુકાતો જતો હતો એ વાત નક્કી.

રાજવૈદ્યે આ વ્યાધિનું મૂળ શોધવા ખૂબ પ્રયત્નો કર્યા. મહેલમાં બનતા નાનામોટા તમામ બનાવોની તપાસ કરી. આખરે એક નોકર પાસેથી આ કઠિયારાની વાત જાણવા મળી. વૈદ્યને રોગનું મૂળ હાથ લાગ્યું હોય એમ લાગ્યું.

એક દિવસ તે સવારના પહોરમાં રાજા પાસે ગયો. રાજાની નાડ હાથમાં લીધી. ખૂબ બારીકાઈથી તે તપાસી. વૈદ્યે કહ્યું, "મહારાજા, આખરે તમારા વ્યાધિનો ઉપાય મને હાથ લાગ્યો છે. પણ તે ઉપચાર તમારે કાયમ કરવો પડશે."


"શું ?"

"તમારે રોજ સવારના પહોરમાં ચંદન વૃક્ષનું તાજું લીલું દાતણ કરવું જોઈશે. આ દાતણ ક્યાંથી મળે તેની આપણે તપાસ કરાવવી પડશે."

રાજાએ તરત જ પેલા નોકરને કહ્યું, "જા જોઈએ. પેલો કઠિયારો આવ્યો છે ?"

કઠિયારાને જ્યારથી ખબર પડી કે રાજાની તબિયત બગડવા માંડી છે, ત્યારથી તે લગભગ ચોવીસ કલાક ત્યાં જ બેસી રહેતો. કોણ જાણે ક્યારે રાજાનો દેહ પડે ને તે વખતે પોતે હાજર ન હોય તો ?

કઠિયારો ત્યાં જ બેઠો હતો, નોકર તેને રાજા પાસે તેડી ગયો.



"જા ભાઈ કઠિયારા !" રાજવૈદ્યે કહ્યું, "તું આ ચંદનનાં લાકડાં ક્યાંથી લાવે છે ?"


"દૂર જંગલમાંથી મહારાજ !"

"જા, તારે રોજ વહેલી સવારે ચંદન વૃક્ષ ઉપરથી તદ્દન તાજું લીલું દાતણ કાપીને સવારમાં રાજા ઊઠે ત્યારે તેમને માટે હાજર કરી દેવાનું છે. અને તે દાતણની તને રોજની સોના-મહોર મળશે તે તારે દાતણ આપીને રોકડી લઈ લેવી ......"

કઠિયારાના આનંદનો પાર ન રહ્યો. બીજે દિવસથી રાજાને લીલું ચંદનનું દાતણ મળવા લાગ્યું. દાતણ આપવા આવતા કઠિયારાના મોં ઉપર આનંદ ને આશા ઊભરાતાં હતાં. જાણે કે તેની આંખો બોલતી હતી, "હે ભગવાન ! આ રાજા સો વરસનો થાય ને મારું દાતણ રોજ ખપે !"

રાજાના મૃત્યુની રાહ જોઈને બેસતા કઠિયારાના મોંને બદલે રોજ તેના લાંબા જીવન માટે ભોળે ભાવે ઝંખતા કઠિયારાનું દાતણ એ રાજાના તમામ રોગને હરનારું ઔષધ થઈ પડ્યું.

(સ્વામી અક્ષરાનંદની વાતોમાંથી )



૨૭

# ચાર પ્રવાસીઓ ને ખેડૂત

## (ભારત)

એક વાર ચાર પ્રવાસીઓ માર્ગમાં ભેગા થઈ ગયા. ચારેને એક જ જગ્યાએ જવાનું હોવાથી તેઓ જોતજોતામાં મિત્ર બની ગયા. આ ચાર સજ્જનોમાં એક બ્રાહ્મણ હતો, એક દરબાર હતો, એક વાણિયો હતો ને એક હજામ હતો.

બપોર થયા એટલે બધાને ભૂખ લાગી. એ જ વખતે દરેકના ખ્યાલમાં આવ્યું કે ઘેરથી કંઈ જ ભાથું લીધા વિના નીકળ્યા છીએ.

પણ ત્યાં તો ચમરીઓથી લહેરાતી શેરડીનો એક વાઢ આવ્યો. અહીં જ વિશ્રાંતિ અને ભોજન કરવાનો વિચાર કરીને ચારે મિત્રો સારાસારા સાંઠા કાઢીને ત્યાં ને ત્યાં જ શેરડી ખાવા લાગ્યા. સંચળ સાંભળીને સરવા કાનવાળો વાઢનો માલિક ત્યાં આવી પહોંચ્યો. તેણે ચાર જણને નિશ્ચિત મને શેરડી ચૂસતા જોયા, ને તેનું લોહી ચૂસાતું હોય તેમ તેને ઘડીભર તો લાગ્યું. પણ તેણે જોયું કે તે એકલો છે અને આ ચાર જણ છે એટલે તે ગમ ખાઈ ગયો. બહુ જ નમ્રભાવે દૂરથી નમન કરતો તે આ ચાર પ્રવાસીઓ પાસે પહોંચ્યો ને પાઘડી ઉતારી કહે, "આજ તો ધન્ય ઘડી ને ધન્ય ભાગ મારાં. આપ જેવા અતિથિઓ મારે રંક ઝૂંપડે કયાંથી? હે સજ્જનો! આપ કોણ છો?"

પંડિત બોલ્યા, "અમે પૂજ્ય પંડિત જોઈતારામ પંડયા છીએ."

દરબારે પોતાનો પરિચય કરાવ્યો, "અમારું નામ જંગીસિંહ ઠાકોર છે."

શેઠ બોલ્યા, "અમે લાલા લક્ષ્મીચંદ શેઠ છીએ."

હજામે કહ્યું, "અમારું નામ નરસિંહદાસ નાયી છે."

ખેડૂત પંડિતજીના પગમાં પડીને કહે, "ભૂદેવ! મારા નહીં, મારા પૂર્વજનોનાં પુણ્યે આપ મારે ત્યાં પધાર્યા છો. આપ સુખેથી શેરડી આરોગો. પેલા ઝાડ નીચે આપ બેસો. હમણાં હું ઘરેથી ચોખ્ખું દહીં ને બીજી કાંઈક મીઠાઈ લઈ આવું છું, ત્યાં સુધી આપ આ શેરડી ચૂસવાનું ચાલુ રાખો."

જોઈતારામ પંડયા પાંચ-છ રાડાં લઈને ઝાડ નીચે ગયા.

પછી ખેડૂત જંગીસિંહના પગમાં પડયો ને કહે, "બાપુ, મહારાજાધિરાજા! આ ધરતી, ધન, ધાન્ય બધું આપનું જ છે. આજ આ ગરીબ ખેડૂતની ખબર કાઢવા આપ આવ્યા. આપ આમ ખેતરમાં બેસો તેથી મને શરમ થાય છે. આપ પેલા ઝાડ નીચે આરામ કરો ને આ મારા રાંકના ખેતરમાં આપનું એંઠું નાખો."

બાપુની મૂછો ટટ્ટાર થઈ, છાતી ફૂલી. આવાં રાજભકિતનાં વેણ સાંભળી પ્રસન્ન થઈ તે પણ થોડાંએક શેરડીનાં રાડાં લઈને ઝાડ નીચે ગયા.

પછી શેઠના પગમાં પડીને ખેડૂત કહે, "અહો, લક્ષ્મીનારાયણના અવતાર! આપ સવા મણની રૂની ગાદીમાં બેસવાવાળા ધૂળમાં બેસો તે મને શરમ આવે છે. આપ પણ પેલા ઝાડ નીચે જઈને આ શેરડી આરોગો."

શેઠ પણ ખભે ખેસ નાખીને હાથમાં ચાર-પાંચ રાડાં લઈને બેસી ગયા.

હવે રહ્યા નરસિંહદાસ નાયી. તે પણ હવે ખેડૂત પોતાના પગમાં પડશે એવી ગણતરીએ આગળથી પગ લંબાવીને બેઠો હતો. પણ ખેડૂતે તેના પગને બદલે તેની ચોટલી પકડી. "નીચ, કજાત! તું છો કોણ? વગર પૂછયે અહીં આવીને શેરડી દાબવા માંડયો છે, તે તારા બાપનું ખેતર હશે? પેલા તો ઠીક કે એક ભૂદેવ છે; બીજા બાપુ છે, તે તો રાજના ધણી કહેવાય. અને શેઠ તે તો લાખોના આસામી કહેવાય. પણ તું કોણ? તું કઈ વાડીનો મૂળો?" આમ કહીને તે તો વાળંદ પર તૂટી પડયો. ગડદાપાટુ અને વચ્ચેવચ્ચે તેના જ હાથમાંથી આંચકીને શેરડીના સાંઠાથી તેને ઠીકઠીક કૂણો કર્યો. તેના સાથીઓ ઝાડ નીચે શેરડી ચૂસતાં-ચૂસતાં તેમના વાળંદ મિત્રની દશા જોઈને હસતા



હતા. પંડિત કહે, "પીટવા દ્યો, એ જ લાગનો છે. વાળંદ કંઈ અમથા કહેવાતા હશે? એ કંઈ આપણી જેમ બ્રાહ્મણ-વાણિયા છે?"

"એ નીચ આપણી પડખોપડખ આપણી જેમ રોફથી શેરડી ખાતો હતો, શરમાયો જ નહીં. એને શિક્ષા થવી જ જોઈએ," બાપુ શેરડી ચૂસતાંચૂસતાં બોલ્યા.

"સાવ મૂરખ છે!" શેઠ બોલ્યા, "કંઈ નાનામોટા વચ્ચેનો ભેદ પણ સમજ્યો નહીં ને આપણે વાદે મોટાઈ કરવા ગયો. હવે એને ભાન થશે કે મોટા અને નાના વચ્ચે શો ભેદ છે."

વાળંદે હવે પૂરતો માર ખાઈ લીધો છે ને શેરડી ખાવાની રુચિ હવે નથી, એમ ખાતરી કર્યા પછી ખેડૂત તેને ખેતરને શેઢે ઢસડી ગયો. ને ત્યાં તેને મૂકીને તે વાણિયા પાસે આવ્યો. ને તેને ગળેથી પકડીને કહે, "કેમ, અલ્યા મખ્ખીચૂસ! આ તારી કમાણીનો માલ ભાળી ગયો કે ચૂસવા મંડી પડયો છું? પંડિતજી અને બાપુનું તો ઠીક કે એ તો અમારા દેવ ગણાય. પંડિતજીના આશીર્વાદ હોય તો સ્વર્ગ મળે ને બાપુની મહેરબાની હોય તો આ ધરતી પર રહેવાય. પણ તું શું આપી દેવાનો હતો? આજ તને નહીં છોડું."

વાળંદ જેમ જ આ શેઠ ઉપર ખેડૂત તૂટી પડયો. પેલા બંને મિત્રો શેરડી ખાતાખાતા આ જોઈ રહ્યા હતા. તે બંને અંદરોઅંદર કહેતા હતા, "ખેડૂત બિચારો ખોટું નથી કહેતો હોં! વાણિયા પણ આપણી જેમ ફાટી જાય તો દુનિયામાં ચાલે કેમ?"

વાણિયાને લગભગ અધમૂઓ કરીને હજામનો રસ્તો બતાવી દીધો ને પછી એ જ જુસ્સાથી તેણે જંગીસિંહને પકડયો, ને તેના પર તે ચડી બેઠો, "કેમ, અલ્યા ઠાકરડા! જંગલી! આ જમીન તારા બાપદાદાઓની હશે, કેમ? ઊભો મોલ ચરવા નીકળી પડયા છો ભૂંડની જેમ, તે શરમાતા નથી? બ્રાહ્મણ તો

ઠીક કે દાન દીધા યોગ્ય ઠેકાણું છે પણ તારા જેવાની તો સાન ઠેકાણે લાવી દઈશ !"

ઠાકોરસાહેબને પડતો માર ભૂદેવ પ્રસન્ન ચિત્તે જોઈ રહ્યા હતા. તેને ખાતરી થઈ કે હવે ખેડૂત આ ત્રણેને દૂર કરીને પછી પોતાના સત્કાર માટે દહીં વગેરે લઈ આવશે. તે ઉત્સાહમાં આવીને બોલ્યો, "પટેલ ! તારી વાત સાચી છે. દરબાર ફારમ તો પૂરી લે છે. પછી હરામનું ખાવાનો હક્ક શો છે ? બ્રાહ્મણોને શાસ્ત્રમાં દરેકનું ખાવાનો અધિકાર છે, પણ બીજા કોઈને નહીં. એ બધાને દંડ દેવામાં અધર્મ નથી."

માર ખાઈને લથડિયાં ખાતા બાપુ પોતાના વતન તરફ પાછા જવા ઊપડયા. હજામ ને વાણિયાએ પણ તેમની પાછળ-પાછળ ચાલવા માંડયું. પંડિતજી આમની દશા પર હસતા હસતા ને દહીંના માટલાની રાહ જોતા શેરડી ચૂસી રહ્યા હતા, ત્યાં પાછળથી ખેડૂતની ગર્જના સંભળાઈ. આકાશ સુધી લાંબી પહોંચે તેટલી તેમની શિખા ખેડૂતના હાથમાં આવી. પંડિત હાહાકાર કરીને ભાગવા માટે ઊઠયા, "અરે, અરે, આ શું કરે છે ? બ્રહ્મદેવ પર હાથ ઉગામે છે ? તારા વડવા અમારા વડવાના પગ પૂજીને સ્વર્ગે ગયા છે, અધર્મ કર મા, નહીં તો તારો નર્કવાસ થશે."

ખેડૂત લાત ને મુક્કા બંનેનો વારાફરતી ને એકીસાથે પ્રયોગ કરીને કહેવા લાગ્યો, "પાખંડી ! ચૂપ રહે. તું બ્રાહ્મણ નથી પણ ચોર છે ને ચોરની નાત કેવી ?"

બ્રાહ્મણ ઘણું કરગર્યો, પણ ખેડૂતે તેને પેટ ભરીને માર્યો પછી જ છોડયો. તે પણ ભાગ્યો. થોડેક દૂર ગયો ત્યાં તેના ત્રણે સાથીઓ હળદર ને તેલ ગરમ કરીને શરીરે માલિશ કરતા હતા. આ પ્રસંગ બનવાનાં કારણોની શોધમાં ચારે જણ ચર્ચા કરવા લાગ્યા. તેમાં દરેકને લાગ્યું કે પોતાના સિવાયના ત્રણનાં પાપે આમ બન્યું છે. ચર્ચા ઉગ્ર બની ને મારામારી પર આવત ત્યાં એક માણસ ત્યાંથી નીકળ્યો.

"કેમ, ભાઈઓ ! એક તરફથી આ માલિશનું કામ કરો છો ને બીજી તરફથી નવા માલિશની તૈયારી કેમ કરો છો ?"

ચારે જણાએ પોતપોતાની રામકહાણી કહી સંભળાવી . પેલો માણસ હસી પડયો, "ભાઈઓ, જે થયું છે તે યોગ્ય જ થયું છે. તેમાં તમે બધા સરખા જ જવાબદાર છો. એક તો તમે વગર પરવાનગીએ ખેતરમાં ઘૂસીને તેને નુકસાન કર્યું તે પહેલી ભૂલ. ને પછી તમારી ચોરીમાં સ્વાર્થ ભળ્યો ને સંકટમાં પણ તમારી મોટાઈના અભિમાનમાં આવેલ સંકટને તમે તમારા સૌનું સંકટ ન ગણતાં વંટાઈ ગયા. ચાલાક ખેડૂતે તમને બરાબર પારખી લીધા ને તમારું બળ તોડી નાખ્યું. દરેકે છૂટોછૂટો માર ભલે ખાધો. હવે આ માલિશ સાથે મળીને કરજો."

ચારે પ્રવાસીઓ આ સલાહ સાંભળીને એકબીજા સામું જોઈ રહ્યા. થોડી વારે ભાન આવતાં એકબીજાને માલિશ કરવા



२०/.

# ૨૮

# શિક્ષણ પદ્ધતિની મર્યાદા

## (ભારત)

પહેલાં જ્યારે વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો ત્યારે એક મહાવિદ્વાન ગુરુ પોતાની એક મોટી પાઠશાળા ચલાવતા હતા. ગુરુ ખૂબ જ વિદ્વાન અને ભણાવવામાં નિષ્ણાત હતા. એટલે તેમને ત્યાં લગભગ પાંચસો જેટલા શિષ્યો પોતાના ખર્ચે ભણતા હતા. પણ એક ગરીબ શિષ્ય ત્યાં લવાજમના બદલામાં પોતાની મજૂરી આપીને ભણવા આવ્યો હતો.

આ શિષ્ય લગભગ આખો દિવસ કંઈ ને કંઈ આશ્રમનું કે ગુરુના ઘરનું કામ કર્યા કરતો અને અભ્યાસના વર્ગો દર – મિયાન તે બધા શિષ્યોની સાથે ભણવા બેસતો. તે ઘડીકેય આળસ કરતો ન હતો.

આ બધું છતાં આ શિષ્ય અભ્યાસના કોઈપણ વિષયમાં એક ડગલું પણ આગળ વધી શકતો ન હતો. ને દાખલ થયો ત્યારે અભ્યાસની જે કક્ષા ઉપર હતો, તે જ કક્ષા તેની એમ ને એમ ચાલુ જ રહી.

એક વાર રાતે ગુરુ પાટ પર સૂતા હતા અને આ શિષ્ય તેમના પગ ચાંપતો હતો. પગ ચાંપી રહ્યા પછી ગુરુએ કહ્યું, "હવે તું સૂઈ જા. આ મારી પાટના ઓશીકાના પાયા નીચે કંઈક ટેકો મૂકતો જા, જેથી એ ભાગ ઊંચો રહી શકે."

શિષ્યે એક પાયા નીચે ટેકો મૂક્યો પણ બીજા પાયા નીચે મૂકવાનો ટેકો ન જડયો એટલે તે પાયા નીચે પોતપોતાની જાંઘનો ટેકો મૂક્યો ને તે બેસી રહ્યો. ગુરુ સવારે ઊઠયા ત્યારે તેને એની એ સ્થિતિમાં બેઠેલો જોઈને પૂછ્યું, "તું કેમ અહીં બેઠો છે?"

"ગુરુજી, ઓશીકાના બીજા પાયા નીચે મૂકવાનું કંઈ ન જડયું એટલે હું અહીં મારી જાંઘનો ટેકો રાખીને આખી રાત બેસી રહ્યો હતો."

ગુરુનું હૃદય આ સાંભળી ભરાઈ આવ્યું, "આટલી સેવાની ભાવના હોવા છતાં આ બિચારાના મગજમાં કંઈ જ્ઞાન હું ઉતારી શકયો નથી. હવે મારે આને માટે શિક્ષણની કોઈ નવી પદ્ધતિ શોધી કાઢવી પડશે." વિચાર કરતાં કરતાં ગુરુને એક પદ્ધતિ સૂઝી આવી. ગુરુને થયું કે આ શિષ્યને 'ઉપમા પદ્ધતિ'થી જ્ઞાન આપું.

બીજા દિવસથી ગુરુનો નવી પદ્ધતિનો પ્રયોગ શરૂ થયો. શિષ્ય સવારમાં જ જંગલમાં લાકડાં કાપવા માટે ગયો. જંગલમાંથી તે પાછો આવ્યો ત્યારે ગુરુએ તેને પૂછ્યું, "વત્સ! આજે તેં જંગલમાં શું શું જોયું?"

"ગુરુજી! આજે મેં સાપ દીઠો."

"સાપ કોના જેવો હતો?"

"ગુરુજી! સાપ હળની કોશ જેવો હતો."

ગુરુએ જોયું કે શિષ્યને સરખામણી દ્વારા જ્ઞાન સારી રીતે આપી શકાશે. તે મનમાં શિષ્ય ઉપર અને પોતાની પદ્ધતિ પર પ્રસન્ન થયા.

તેમણે શિષ્યને કહ્યું, "શાબાશ! વત્સ! તારું નિરીક્ષણ બરાબર હતું."

બીજે દિવસે ફરી શિષ્ય જંગલમાં કામ કરવા માટે ગયો. સાંજે તે કામ કરીને પાછો આવ્યો ત્યારે વળી ગુરુએ પૂછ્યું, "વત્સ! આજે તેં જંગલમાં શું જોયું?"

"આજે મેં જંગલમાં હાથી જોયો, ગુરુજી!"

"હાથી કોના જેવો હતો?"

"હળની કોશ જેવો."

ગુરુને આ ઉત્તરથી જરાક આઘાત થયો, તો પણ તેમણે વિચાર કર્યો કે શિષ્યનું અવલોકન સાવ નિરર્થક નથી. તેણે હાથીની સૂંઢના આકારને સર્પ સાથે સરખાવીને સર્પને માટે હળની કોશની ગયા વખતની સરખામણીને તેણે આજે પણ પોતાના ધ્યાનમાં રાખી છે એમ લાગે છે.

આ પછી એક વાર આ શિષ્ય બીજા શિષ્યોની સાથે શેરડી



ખાતો હતો. ગુરુને થયું કે આ ખાવાની ક્રિયા સાથે જ્ઞાનના અનુબંધનો પ્રયોગ કરી જોઉં. તેમણે શિષ્યને પૂછ્યું, "આજે તેં શું ખાધું?"

"શેરડી."

"શેરડી કોના જેવી હતી ?"

"હળની કોશ જેવી."

ગુરુને શિષ્યના આ જવાબથી ભારે મૂંઝવણ થઈ. આ જવાબમાં હળની કોશ સાથે શેરડીની ઉપમા થોડીઘણી જોડી શકાય તેમ હતું, પણ શિષ્યે એક જ ઉપમાનો ઉપરાઉપરી ત્રણ વાર જુદીજુદી વસ્તુઓમાં ઉપયોગ કર્યો, તેથી તેમની મૂંઝવણ વધી હતી, પણ આ મૂંઝવણ લાંબો વખત ટકી નહીં.


એક વાર આ શિષ્ય બીજા શિષ્ય સાથે બેસીને દહીં ખાતો હતો. ગુરુએ તેને એકાંતમાં બોલાવીને પૂછ્યું, "વત્સ! આજે તેં શું ખાધું ?"

"દહીં."

"દહીં કેવું હતું ?"

"હળની કોશ જેવું."

ગુરુએ ત્યારથી આ નવી પદ્ધતિ આ શિષ્ય પર અજમાવવાનું માંડી વાળ્યું, એટલું જ નહીં પણ આ શિષ્યને માટે કોઈપણ પદ્ધતિ સફળ થાય તેમ નથી, એમ ખાતરી થવાથી શિષ્યને બહુ જ દુઃખ સાથે પાઠશાળામાંથી વિદાય આપી.





## ૨૯

# ખરું સમાધાન ક્યારે?

## (ભારત)

એક વાર સખત ઉનાળાના તાપમાં બે રોઝ તરસનાં માર્યાં પાણીની શોધમાં ફરતાંફરતાં એક નાનકડા ખાબોચિયા પાસે આવી પહોંચ્યાં. ખાબોચિયામાં પાણી ઓછું હતું અને એક જણનું મોઢું માંડ એમાં જાય એમ હતું. તરત જ બંને જણ પહેલું મોઢું ખાબોચિયામાં નાખવા માટે તકરારમાં ઊતર્યાં. પ્રાણ જાય પણ બીજાને ફાવવા ન દેવાનો બંનેનો દૃઢ નિશ્ચય હતો. બંને જણ વચ્ચે યુદ્ધ બરાબર જામ્યું. તરસનાં માર્યાં અને યુદ્ધ-માં હાંફી જઈને જરાક વિસામો લેવા બંને ઊભાં રહ્યાં, અને





તેમણે ઉપર જોયું તો ગીધડાંઓ કયું રોજ પહેલું મરે તેની વાટ જોતાં ભોજન માટેની તૈયારીમાં ઉપર ચક્કર લઈ રહ્યાં હતાં.

ગીધને જોતાં જ બંનેમાં ડહાપણ આવી ગયું. ને પાણીની યોગ્ય વહેંચણી કરી લીધી.

## ૩૦

# બુઢ્ઢો અને મોત


## (ભારત)

એક બુઢ્ઢો જંગલમાંથી લાકડાં કાપીને તેનો ભારો માથે ચડાવીને ચાલતાં ચાલતાં ખૂબ થાકી ગયો. ભારો નીચે નાખીને બેસી પડયો, અને બોલી ઊઠયો, "હે ભગવાન, આના કરતાં તો મોત આવે તો સારું." તરત જ કાળો બુરખો ઓઢીને એક ભયાનક આકૃતિ તેની સામે ઊભી રહી.

"તમે કોણ છો ?"

"હું મોત, મને હમણાં જ તેં બોલાવ્યો. બોલ, શું કામ છે ?"

ડોસો ઘડીક વિચારમાં પડી ગયો, પછી બોલ્યો, "ના, કંઈ ખાસ કામ નહોતું. એ તો આ ભારો માથે ચડાવવાનો હતો. જરા ટેકો કરો એટલે આ ભારો માથે ચડાવીને આગળ ચાલવા માંડું."




## ૩૧

# પડછાયાનો હક્ક

### (અરબસ્તાન)

અરબસ્તાનની આ વાત છે. એક માણસે એક ગામથી બીજે ગામ જવા માટે એક ગધેડું ભાડે કર્યું. ગધેડાનો માલિક ગધેડાને હાંકતો હતો, અને પેલો મુસાફર ગધેડા પર બેઠો હતો. રસ્તામાં મધ્યાહ્ન તપ્યો. અરબસ્તાનનો તડકો અને તેમાં વળી મધ્યાહ્ન એટલે પેલો ગધેડું ભાડે રાખનાર ઘડીક છાંયો લેવા માટે ગધેડાની નીચે પડતા સાંકડા પડછાયામાં બેસવા જતો હતો, ત્યાં તે પડછાયામાં ગધેડાનો માલિક બેસી ગયો.

"કેમ? ગધેડું મેં ભાડે કર્યું છે. ગામ આવે ત્યાં સુધી તેના



પર મારો હક્ક છે," પેલાએ કહ્યું.

"મેં ગધેડું ભાડે આપ્યું છે, કંઈ તેનો પડછાયો ભાડે નથી આપ્યો. પડછાયા પરનો અધિકાર મારો ગણાય, તારો નહીં." ગધેડાના માલિકે કહ્યું. તકરાર અરબસ્તાનના તડકા કરતાં પણ વધુ તપી. દરમિયાનમાં ગધેડો પોતાને માટે છાંયો શોધવા ત્યાંથી ભાગીને ક્યાંય દૂર નીકળી ગયો.

